RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર આસપાસ

JAMNAGAR
www.aaspassdaily.com

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૩ કારતક સુદ - ૧૧ | શનિવાર, તા.૨૧-૧૧-૨૦૨૯ | અંક : ૨૭૨ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

આતંકી પન્નુની હત્યાના ષડયંત્રમા નિખિલ ગુપ્તાને ૧૯ વર્ષની કેદ

અમેરિકાની ન્યૂયોર્ક ફેડરલ કોર્ટે સંભળાવી સજા; હત્યાની સોપારી, કાવતરું અને મની લોન્ડરિંગના ત્રણેય આરોપ કબૂલ્યા



ન્યૂયોર્ક,

ખાલિસ્તાની આતંકી ગુરપતવંતસિંહ પન્નુની હત્યાનું કાવતરું ઘડવાના કેસમાં અમેરિકાની એક અદાલતે ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાને ૧૯ વર્ષ અને ૭ મહિનાની જેલની સજા ફટકારી છે. ન્યૂયોર્કની ફેડરલ કોર્ટમાં શુક્રવારે આશરે ૮૦ મિનિટ સુધી ચાલેલી સુનાવણી બાદ જજ વિક્ટર મારેરોએ આ મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો હતો.

૫૫ વર્ષીય નિખિલ ગુપ્તાએ આ વર્ષની શરૂઆતમાં જ પોતાના પર લાગેલા ત્રણ ગંભીર આરોપોનો સ્વીકાર કર્યો હતો. જેમાં હત્યાની સોપારી આપવી, હત્યાનું કાવતરું રચવું અને મની લોન્ડરિંગનો સમાવેશ થાય છે. આ તમામ આરોપો વર્ષ ૨૦૨૩માં ન્યૂયોર્કમાં પન્નુની હત્યા કરવાની યોજના સાથે જોડાયેલા હતા.

અમેરિકન તપાસ એજન્સીઓના જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૩માં નિખિલ ગુપ્તાએ પન્નુની હત્યાની યોજનાને અંજામ આપવા માટે કેટલાક લોકોનો સંપર્ક કર્યો હતો. આ કેસમાં સહ-આરોપી વિકાસ યાદવના કહેવાથી ગુપ્તાએ શૂટરની વ્યવસ્થા કરવા માટે એક વ્યક્તિનો સંપર્ક સાધ્યો હતો. જોકે, જે વ્યક્તિને ગુપ્તા શૂટરની વ્યવસ્થા કરનાર ગુનેગાર સમજી રહ્યા હતા, તે હકિકતમાં અમેરિકન ડ્રગ એન્ફોર્સમેન્ટ એડમિનિસ્ટ્રેશનનો ગુપ્ત બાતમીદાર નીકળ્યો હતો. હત્યા માટે ૧ લાખ ડોલર નક્કી થયા હતા અને ૯ જૂન ૨૦૨૩ના રોજ એડવાન્સ પેટે અંડરકવર અધિકારીને ૧૫ હજાર ડોલર રોકડા આપવામાં આવ્યા હતા. એજન્સીઓએ સમગ્ર વાતચીત અને નાણાકીય લેવડદેવડ પર નજર રાખીને ગુપ્તાની ધરપકડ કરી હતી.

કોર્ટ દ્વારા સજા સંભળાવવામાં આવે તે પહેલાં નિખિલ ગુપ્તાએ અદાલતને એક અંગત પત્ર સોંપીને પોતાના કૃત્ય બદલ ખેદ વ્યક્ત કર્યો હતો. તેમણે પત્રમાં લખ્યું હતું કે, "કાશ હું સમયમાં પાછળ જઈને ૨૦૨૩માં મારાથી થયેલી ભૂલો સુધારી શકતો." ગુપ્તાએ જણાવ્યું હતું કે, ૨૦૨૩ની શરૂઆતમાં તેઓ પોતાના પરિવારથી દૂર થઈ ગયા હતા અને દરરોજ રાત્રે વધુ પડતો દારૂ પીવાની લતે ચઢ્યા હતા. તેમણે પોતાના પરિવાર અને આસપાસના લોકોને પહોંચેલી પીડા બદલ અફસોસ વ્યક્ત કર્યો હતો, તેમજ આ ઘટનામાં કોઈનો જીવ ગયો નથી કે કોઈ ઘાયલ થયું નથી તે બદલ ઈશ્વરનો આભાર માન્યો હતો.

સુનાવણી દરમિયાન ખાલિસ્તાન સમર્થક સંગઠન સાથે જોડાયેલા અને ભારતમાં આતંકી જાહેર થયેલા ગુરપતવંત સિંહ પન્નુએ પણ કોર્ટ સમક્ષ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. અમેરિકન અને કેનેડિયન નાગરિકત્વ ધરાવતા પન્નુએ દાવો કર્યો હતો.

જેપી મોર્ગન પર સાઈબર એટેકઃ ગ્રાહકોનો ડેટા લીક

નવી દિલ્હી,

જેપી મોર્ગન ચેઝ ઈન્વેસ્ટમેન્ટ બેકિંગ કંપનીને ટાર્ગેટ કરીને સાઈબર એટેક થયો છે. કંપનીના કહેવા પ્રમાણે થર્ડ પાર્ટી સર્વિસ પ્રોવાઈડર્સને નિશાન બનાવીને થયેલા હુમલામાં ઘણાં ગ્રાહકોનો ડેટા લીક થઈ ગયો છે. જોકે, બેકિંગ સર્વિસમાં તેની કોઈ અસર થઈ ન હોવાની સ્પષ્ટતા કંપનીએ કરી હતી. કેટલા ગ્રાહકોનો ડેટા લીક થયો હશે તે બાબતે હજુ સુધી જાણકારી જાહેર કરવામાં આવી ન હતી.

જેપી મોર્ગનને સર્વિસ આપતી થર્ડ પાર્ટી કંપનીઓને નિશાન બનાવીને સાઈબર એટેક થયો હતો. કંપનીના કહેવા પ્રમાણે આ થર્ડ પાર્ટી કંપનીઓ બેંકને જુદી જુદી સર્વિસ આપે છે. શરૂઆતની તપાસમાં જણાયું કે હેકર્સે આ કંપનીઓમાં જે ગ્રાહકોનો ડેટા હતો એને તફડાવ્યો હોવાની શક્યતા છે.

આ હેકિંગમાં ગ્રાહકોના નામ, ઈમેલ એડ્રેસ, સરનામું સહિતની વિગતો ચોરાઈ હોવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. બેંકે દ્વારા એવી જાણકારી આપવામાં આવી નથી કે કેટલા ગ્રાહકોનો ડેટા ચોરી થયો અને એમાં બીજી કઈ વિગતો ચોરાઈ છે. એકાઉન્ટ નંબર સહિતની જાણકારી લીક થઈ છે કે નહી તેની જાણકારી મળી શકી ન હતી. બેંકના સત્તાવાર નિવેદનમાં કહેવાયું કે જે ગ્રાહકોનો ડેટા ચોરાયો એવી જાણકારી મળશે કે તુરંત જ એ ગ્રાહકોનો સંપર્ક કરવામાં આવશે. લોકોની બેંકમાં જે રકમ હતી તેને અસર થઈ છે કે નહી તે બાબતમાં બેંકે કહ્યું હતું કે બેકિંગ સર્વિસ એ રીતે પ્રભાવિત થઈ નથી.

અમેરિકન શેરબજારમાં ૬ વર્ષના ઈતિહાસનો સૌથી મોટો કડાકો

અમેરિકન માર્કેટમાં ૧ સપ્તાહમાં ૬ ટ્રિલિયન ડોલરનું નુકશાન

ન્યૂયોર્ક,

અમેરિકન શેરબજારમાં છેલ્લા ૬ વર્ષના ઈતિહાસનો સૌથી ભયાનક કડાકો બોલાઈ ગયો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સેક્ટરની કંપનીઓ પરના ભારે ખર્ચ અને વળતર અંગે વધી રહેલી ચિંતા વચ્ચે ૨૦૨૬ માં રોકાણકારોએ મેળવેલો તમામ નફો માત્ર ૧ જ દિવસના ઘટાડામાં ધોવાઈ ગયો છે.છેલ્લા એક સપ્તાહ દરમિયાન અમેરિકન માર્કેટમાંથી આશરે ૬ ટ્રિલિયન ડોલરનું જંગી નુકસાન થયું છે, જ્યારે માત્ર શુક્રવારે જ $1 ટ્રિલિયન ગાયબ થઈ ગયા હતા. S&P 500 ઈન્ડેક્સ સતત ૭ સેશનથી ઘટી રહ્યો છે, જે ૨૦૨૦ ના કોરોનાકાળ પછીનો સૌથી લાંબો ઘટાડો છે.

શુક્રવારે AI સ્ટાર્ટઅપ Anthropic નો રેકોર્ડબ્રેક IPO લિસ્ટ થયા બાદ બજારમાં રિકવરીની આશા હતી. જોકે, લિસ્ટિંગના બીજા જ દિવસે તેનો શેર ૯% ગગડીને $88.30 પર આવી ગયો હતો. આ સાથે જ માર્કેટમાં AI સંબંધિત ટેક શેરોમાં ભારે વેચવાલી શરૂ થઈ ગઈ હતી.

Nasdaq Composite: ૫.૨૮% તૂટીને ૨૨,૬૧૭.૭૩ પર બંધ રહ્યો (સાલ ૨૦૨૬ ના તમામ ગેઈન્સ ધોવાઈ ગયા). S&P 500: 3.7% ના ઘટાડા સાથે ૬,૯૧૦.૩૯ પર બંધ, Dow Jones Industrial: ૯૪૯.૭૩ પોઈન્ટ (૧.૯૩%) ગગડીને ૪૮,૧૪૭.૩૩ પર બંધ, Nvidia & SanDisk: Nvidia માં ૧૪% અને SanDisk માં ૧૪% નો જંગી કડાકો જોવા મળ્યો.રોકાણકારો હવે AI સેક્ટરમાં ડેટા સેન્ટર્સના નિર્માણની ધીમી રફતાર, અતિશય વેલ્યુએશન અને ફંડિંગની અછતને કારણે કંપનીઓની કમાણી પર સવાલ ઉઠાવી રહ્યા છે.

મણિપુરમાં ઝેરી દારૂનો કહેરઃ ૧૫નાં મોત, ૧૮૧ હોસ્પિટલમાં

મેથેનોલ પોઈઝનિંગથી અનેકની હાલત ગંભીર; મુખ્યમંત્રીએ હોસ્પિટલની મુલાકાત લઈ તપાસ અને કડક કાર્યવાહીના આપ્યા આદેશ

ઈમ્ફાલ,

મણિપુરના ચંદેલ જિલ્લામાં ઝેરી દારૂ પીવાના કારણે સર્જાયેલી દુર્ઘટનાએ અનેક પરિવારોનો માળો વિખેરી નાખ્યો છે. આ ઘટનામાં મૃત્યુઆંક ૮થી વધીને ૧૫ સુધી પહોંચી ગયો છે, જ્યારે અસરગ્રસ્ત થયેલા ૧૮૧ લોકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની ગંભીરતાને જોતા રાજ્યના મુખ્યમંત્રી ખેમચંદ યુમનામે તાત્કાલિક લેમ્ફેલપટ સ્થિત શિજા હોસ્પિટલ અને સજીવા સ્થિત બબીના હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓની સ્થિતિનો તાગ મેળવ્યો હતો.

મુખ્યમંત્રી ખેમચંદ યુમનામે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર માહિતી આપતા જણાવ્યું હતું કે, તબીબોની સઘન દેખરેખ હેઠળ તમામ દર્દીઓની તપાસ અને સારવાર ચાલી રહી છે. તેમણે બંને હોસ્પિટલોના વહીવટી અધિકારીઓને દર્દીઓને શ્રેષ્ઠ તબીબી સારવાર અને દરેક શક્ય મદદ પૂરી પાડવા કડક નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત, ચંદેલ જિલ્લામાં સારવાર અને રાહત કામગીરીને વધુ ઝડપી બનાવવા માટે જનરલ મેડિસિનના એક નિષ્ણાતના નેતૃત્વમાં જરૂરી દવાઓના જથ્થા સાથે એક ખાસ મેડિકલ ટીમ રવાના કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રીએ તમામ દર્દીઓ ઝડપથી અને સંપૂર્ણપણે સ્વસ્થ થઈ જાય તેવી પ્રાર્થના કરી હતી અને મૃતકોના શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આ સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરાવશે અને આ દુર્ઘટના માટે જવાબદાર દોષિતોને કડકમાં કડક સજા આપવામાં આવશે .શિજા હોસ્પિટલના જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર ડો. ચેતન ખુંડોંગબામે જણાવ્યું હતું કે, દર્દીઓ જ્યારે હોસ્પિટલ પહોંચ્યા ત્યારે તપાસમાં સામે આવ્યું કે આ 'મેથેનોલ પોઈઝનિંગ'નો મામલો છે.



કાકચિંગ જિલ્લામાંથી દારૂ ખરીદાયાંનો પોલીસનો ખુલાસો

ચંદેલ જિલ્લાના પોલીસ અધિક્ષકે આ મામલે નિવેદન આપતા ખુલાસો કર્યો છે કે મૃતકોએ જે શંકાસ્પદ દારૂ પીધો હતો તે કાકચિંગ જિલ્લાના સુગનૂ વિસ્તારમાંથી ખરીદવામાં આવ્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે ચંદેલ જિલ્લામાં સ્થાનિક સ્તરે દારૂ બનાવવા કે દેશી દારૂના ઉત્પાદન અંગે કોઈ માહિતી નથી. પોલીસે સત્તાવાર નિવેદન બહાર પાડીને સામાન્ય જનતાને આગામી સૂચના ન મળે ત્યાં સુધી સ્થાનિક સ્તરે બનેલા દારૂનું સેવન ન કરવાની સલાહ આપી છે.

રેલવેમાં હવે ગ્રુપ ટિકિટ બુકિંગની મર્યાદા નાબૂદ

પરિવાર, લગ્નપ્રસંગ અને પ્રવાસી ગ્રુપને મોટી રાહત; દક્ષિણ-પશ્ચિમ રેલવેમાં તમામ ક્લાસમાં બલ્ક બુકિંગને મંજૂરીની નવી વ્યવસ્થા

નવી દિલ્હી,

રેલવેમાં મોટી સંખ્યામાં લોકો મુસાફરી કરતા હોય છે. ઘણીવાર આ લોકોને ટિકિટનું બુકિંગ કરવામાં મુશ્કેલી સર્જાતી હોય છે. ખાસ કરીને એકથી વધારે લોકોની ટિકિટ બુક કરવાની હોય ત્યારે! જો તમે મિત્રો સાથે, પરિવાર સાથે કે પછી સગાસંબંધીઓ સાથે ગ્રુપમાં રેલવેમાં મુસાફરી કરવાનું વિચારી રહ્યાં છો તો તમારા માટે એક મહત્વના સમાચાર આવ્યાં છે. ભારતીય રેલવેના દક્ષિણ-પશ્ચિમ રેલવે ઝોન દ્વારા હવે ગ્રુપ અને બલ્ક ટિકિટ બુકિંગના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો છે, જેના કારણે મુસાફરોને ફાયદો થવાનો છે.

આ પહેલા જૂના નિયમ પ્રમાણે ગ્રુપમાં ટિકિટ બુક કરવા માટે એક મર્યાદા હતા, પરંતુ હવે નવા નિયમ પ્રમાણે ગ્રુપ રિઝર્વેશનમાં એક સાથે ટિકિટ બુક કરવા માટે કોઈ મર્યાદા નથી. તમે ગતે તેટલી ટિકિટ બુક કરી શકો છે. આનો ફાયદો ખાસ કરીને કોઈ લગ્ન પ્રસંગે જતા પરિવારજનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, તીર્થયાત્રીઓ, કોઈ સ્પોર્ટ્સ ટીમ સહિત અનેક લોકો જે ગ્રુપમાં એકસાથે મુસાફરી કરવા માંગે છે તેમને થવાનો છે.

નવી ફેરફારની વાત કરવામાં આવે તો, હવે બર્થની કોઈ મર્યાદા રહેશે નહીં. આ પહેલા જે બર્થ ટિકિટ માટે મર્યાદા નક્કી કરવામાં આવી હતી, તેને દૂર કરી દેવામાં આવી છે. નવા નિયમમાં ચીફ રિઝર્વેશન સુપરવાઈઝર અને સ્ટેશન મેનેજરને ગ્રુપ બુકિંગને વિશેષ સત્તા આપવામાં આવી છે. એટલે જે કે, આ અધિકારીઓ મુસાફરોને તેમની જરૂરિયાત પ્રમાણે કોઈ પણ પ્રકારની મર્યાદા વિના બુકિંગ માટે મંજૂરી આપી શકશે. સૌથી મહત્વની વાત એ છે કે, આ ગ્રુપ રિઝર્વેશનની સુવિધા ટ્રેનના તમામ ક્લાસ માટે લાગુ રહેશે.

બુકિંગની વાત કરવામાં આવે તો, સવારે ૯ વાગ્યાથી ગ્રુપ ટિકિટ બુકિંગ માટે મુખ્ય રિઝર્વેશન સેન્ટરો પર અરજીઓ સ્વીકારવામાં આવશે. સામાન્ય મુસાફરો માટે એડવાન્સ રિઝર્વેશન બુકિંગ શરૂ થાય તે પછીના એક કલાક પછી આ સુવિધા શરૂ થશે. ગ્રુપ બુકિંગ માટે કેટલીક બાબતોનું ખાસ ધ્યાન રાખવું પડશે. વિગતે જોઈએ તો, ગ્રુપ બુકિંગ માટે રેલવેના જે તે અધિકૃત અધિકારી પાસે સીધી અરજી કરવાની રહેશે. ટ્રાવેલ એજન્ટ દ્વારા કરવામાં આવેલી અરજી માન્ય રહેશે નહીં. અરજીમાં જે લોકો માટે બુકિંગ કરવાનું છે તે દરેકની વિગતો આપવી ફરજિયાત છે. આ સાથે મુસાફરી માટેનું સ્પષ્ટ કારણ પણ આપવું પડશે. જો અરજીમાં વિગતો અધૂરી હશે અને કારણ સ્પષ્ટ નહીં હોય તો આ ગ્રુપ બુકિંગને અધિકારી

અનિલ કપૂર બન્યા ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનના મહેમાન

ભારતમાં મુલાકાત બાદ પેરિસમાં ફરી મળ્યા,અનિલ કપૂરે X પર મેક્રોન સાથેની મુલાકાતની તસવીરો પોસ્ટ કરી

પેરિસ:

બોલિવૂડ અભિનેતા અનિલ કપૂરે તાજેતરમાં પેરિસમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતની કેટલીક તસવીરો અભિનેતાએ સોશિયલ મીડિયા પર શેર કરી છે. સાથે જ તેમણે મેક્રોનના ખાસ આતિથ્ય અને ઉષ્માભર્યા સ્વાગત બદલ આભાર પણ માન્યો છે. અનિલ કપૂરે જણાવ્યું કે પેરિસમાં તેમને ઘર જેવો જ અનુભવ થયો હતો.

અનિલ કપૂર આ વર્ષની શરૂઆતમાં ભારતની મુલાકાત દરમિયાન ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને મળ્યા હતા. હવે બંનેની ફરી મુલાકાત પેરિસમાં થઈ હતી. અનિલના જણાવ્યા અનુસાર, જ્યારે તેઓ પહેલીવાર ભારતમાં મેક્રોનને મળ્યા હતા, ત્યારે તેમની વચ્ચેની વાતચીત એટલી સરળ અને સ્વાભાવિક રહી હતી



કે જાણે તેઓ એકબીજાને વર્ષોથી ઓળખતા હોય. પેરિસમાં બીજી વખત મળ્યા ત્યારે પણ તેમને એવી જ આત્મીયતા અને હૂંફનો અનુભવ થયો હતો.

અનિલ કપૂરે ૬ પર મેક્રોન સાથેની મુલાકાતની તસવીરો પોસ્ટ કરી હતી. આ સાથે તેમણે લખ્યું કે ભારતમાં પ્રથમ મુલાકાત દરમિયાન બંને વચ્ચેની વાતચીત ખૂબ જ સહજ રહી હતી. પેરિસમાં ફરી મળતાં તેમને એ જ હૂંફનો અનુભવ થયો. તેમણે પોતાની પોસ્ટમાં જણાવ્યું કે મુલાકાત દરમિયાન કલા, સંસ્કૃતિ, સિનેમા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઊર્જા અને સ્થાપત્ય જેવા વિવિધ વિષયો પર ચર્ચા થઈ હતી. આ ઉપરાંત મેક્રોનની ઓફિસમાં નેપોલિયનના સમયની કેટલીક સુંદર કલાકૃતિઓ નિહાળવાની તક પણ મળી હતી.

અનિલે વધુમાં લખ્યું કે ઈતિહાસની વાતોથી શરૂ થયેલી ચર્ચા બાળકો અને આવનારી પેઢીઓના ભવિષ્ય સુધી પહોંચી હતી. તેમના મતે, આ મુલાકાત ખૂબ જ અર્થપૂર્ણ અને જ્ઞાનવર્ધક રહી હતી. અભિનેતાએ મેક્રોનનો આભાર માનતાં લખ્યું, "પ્રિય ઈમેન્યુઅલ મેક્રોન, તમારી ઉદારતા અને મારા ભત્રીજા સહિત મને પેરિસમાં ઘર જેવો અનુભવ કરાવવા બદલ આભાર. અમારી મિત્રતાને હું ખૂબ જ માન આપું છું અને ભારતમાં તમારું સ્વાગત કરવા આતુર છું."

અમેરિકી કોર્ટના સમન્સને ભારતે નકાર્યું

ડોભાલ અને RAWના પૂર્વ વડાના મામલે વિદેશ મંત્રાલયનો સ્પષ્ટ સંદેશ

નવીદિલ્હી,

વિદેશ મંત્રાલયે શુક્રવારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારઅજીત ડોભાલ અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના પૂર્વ વડા સામંત ગોયલને અમેરિકાની અદાલત દ્વારા મોકલવામાં આવેલા સમન્સને ફગાવી દીધા છે.

ખાલિસ્તાન સમર્થક સંગઠન શીખ્સ ફોર જસ્ટિસ દ્વારા દાખલ કરવામાં આવ્યું હતું. દિલ્હી સ્થિત અદાલતો મારફતે સમન્સ મોકલવાના અમેરિકી કોર્ટના આદેશ પૂછવામાં આવેલા સવાલના જવાબમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું છે કે, ભારત આવા પાયાવિહોણા કેસોને ફગાવે છે.

અમેરિકાની ન્યૂયોર્કની સધર્ન ડિસ્ટ્રિક્ટ કોર્ટનાં જજ કેથરિન પોલ્ક ફૈલ્લાએ આ આદેશ આપ્યો છે. આ મામલો આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુ દ્વારા દાખલ કરવામાં આવેલા સિવિલ કેસ સાથે સંબંધિત છે. અમેરિકી જિલ્લા અદાલતે ડોભાલ અને ગોયલને ન્યાયિક દસ્તાવેજો પહોંચાડવા માટે વૈકલ્પિક પદ્ધતિને મંજૂરી આપી છે.

શાંતિ મંત્રણાના ૪૮ કલાકમાં જ રશિયાનો યુક્રેન પર હુમલો

૪૦૦ ડ્રોન અને ૧૧૦ મિસાઈલોથી હુમલો, યુક્રેનમાં ૮નાં મોત; એક મિસાઈલ પોલેન્ડમાં પડતાં નાટોમાં ખળભળાટ

નવી દિલ્હી,

રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપિત કરવા માટે ઘણા સમયથી વાટાઘાટો ચાલી રહી છે, બીજી તરફ બન્ને દેશ એકબીજા પર હુમલા પણ કરી રહ્યા છે. રશિયાએ રાતભર યુક્રેન પર મિસાઈલમારો ચલાવ્યો હતો, જેને કારણે યુક્રેનના આઠ નાગરિકો માર્યા ગયા હતા. યુક્રેન પર છોડેલી મિસાઈલોમાંથી એક પોલેન્ડ દેશ પર પડી હતી. જેને કારણે હવે રશિયા અને પોલેન્ડ વચ્ચે વિવાદ સર્જાયો છે.

હજુ એક દિવસ પહેલા જ યુક્રેને રશિયાના મહત્વપૂર્ણ બ્રિજો તોડી પાડતા હુમલા કર્યા હતા. જે બાદ હવે રશિયાએ આક્રામક રીતે વળતો જવાબ આપતા હુમલા કર્યા છે. રશિયાએ યુક્રેન પર રાતભર ૪૦૦ ડ્રોન, ૧૧૦ મિસાઈલો છોડી હતી. જેમાંથી ૨૭ મિસાઈલો બેલિસ્ટિક જ્યારે કેટલીક મિસાઈલોમાં ક્લસ્ટર વોરહેડ ફીટ કરાયા હતા જેમાં અનેક નાના બોમ્બ રખાયા હતા. યુક્રેને કહ્યું હતું કે રાજધાની કીવમાં છ સહિત કુલ આઠ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક નાગરિકો ઘાયલ થયા છે, કીવમાં સૈન્ય હથિયારો લાવવા લઈ જવા માટે ઉપયોગી મહત્વના બ્રિજને રશિયાના હુમલામા નુકસાન પહોંચ્યું છે.

બીજી તરફ યુક્રેન પર છોડેલી મિસાઈલ પોલેન્ડ પર પડી હતી, પોલેન્ડે દાવો કર્યો હતો કે રશિયા ઈરાદાપૂર્વક ભડકાવવા માગે છે અને તેથી જ આ મિસાઈલ છોડવામાં આવી હતી. રશિયાની આ મિસાઈલ પોલેન્ડ અને યુક્રેન સરહદેથી માત્ર ૬૦ કિમી દૂર જઈને ક્રેશ થઈ હતી. જે વિસ્તારમાં મિસાઈલ ત્રાટકી ત્યાં આસપાસ તમામ શાળાઓ કોલેજોને બંધ કરી દેવાઈ હતી. મિસાઈલ ત્રાટકી તે સમયનો ધડાકો, ધુમાડા અને તિવ્ર અવાજ કેમેરામાં કેદ થયા હતા.પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટુસ્કે કહ્યુ હતું કે રશિયા આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધ ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. નાટો જુથના વડા સેક્રેટરી જનરલ માર્ક રુટ્ટેએ કહ્યું હતું કે પોલેન્ડ પર રશિયાનો મિસાઈલ હુમલો ગંભીર ઘટના છે. હજુ એક દિવસ અગાઉ જ ચીનમાં સમિટ દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયાના પ્રમુખ પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે બેઠક યોજાઈ હતી જેમાં રશિયા-યુક્રેન યુદ્ધ અટકાવવા, શાંતિ સ્થાપિત કરવાની મોટી મોટી વાતો થઈ હતી. પરંતુ શાંતિની આ વાટાઘાટોના માત્ર ૪૮ કલાકમાં જ રશિયાએ યુક્રેન પર બોમ્બમારો ચલાવ્યો હતો.

ગુજરાતમાં ઠંડીનો ચમકારો,અમરેલી ૧૧.૪ ડિગ્રી સાથે સૌથી ઠંડું શહેર

અમદાવાદ,

ગુજરાતમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાના કારણે છેલ્લા બે દિવસથી શિયાળાની ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં ૫ ડિગ્રી સુધી નીચું ગગડ્યું છે. સમગ્ર રાજ્યમાં અમરેલી ૧૧.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડું શહેર નોંધાયું છે, જ્યાં પારો સામાન્ય કરતાં ૫ ડિગ્રી નીચો રહ્યો છે. ત્યારબાદ કચ્છના નલિયામાં ૧૧.૮ ડિગ્રી (સામાન્ય કરતાં ૩.૬ ડિગ્રી નીચું) અને પાટનગર ગાંધીનગરમાં ૧૨ ડિગ્રી (સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી નીચું) તાપમાન નોંધાતા વહેલી સવારે અને મોડી રાત્રે કડકડતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે.

સૌરાષ્ટ્ર અને મધ્ય-દક્ષિણ ગુજરાતના અન્ય શહેરોમાં પણ ઠંડીનું જોર વધ્યું છે. રાજકોટમાં ૧૩.૨ ડિગ્રી (સામાન્ય કરતાં ૪.૭ ડિગ્રી નીચું), વડોદરામાં ૧૩.૪ ડિગ્રી (સામાન્ય કરતાં ૪.૩ ડિગ્રી નીચું) અને પોરબંદરમાં ૧૪ ડિગ્રી (સામાન્ય કરતાં ૫ ડિગ્રી નીચું) લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

કર્ણાટક વિધાનસભાની હાઉસ સમિતિ અને અરજી સમિતિનું પ્રતિનિધિ મંડળ ગુજરાત વિધાનસભાની મુલાકાતે

કર્ણાટક વિધાનસભા ઉપાધ્યક્ષ મંકલ વૈદ્ય સહિત સભ્યોના પ્રતિનિધિ મંડળને ગૃહની ભવ્યતા અને અત્યાધુનિક સુવિધાઓથી કરાયા માહિતગાર

ગાંધીનગર,

કર્ણાટક વિધાનસભાની હાઉસ અને અરજી સમિતિના કુલ ૧૧ સભ્યોનું પ્રતિનિધિ મંડળ તા. ૧૮ થી ૨૩ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ગુજરાતના છ દિવસીય અભ્યાસ પ્રવાસે પધાર્યું છે. જે અંતર્ગત તેમણે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભાની મુલાકાત કરી હતી. આ પ્રવાસનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાત વિધાનસભાની સંસદીય કાર્યપ્રણાલી, વહીવટી માળખું અને આધુનિક ટેકનોલોજી થકી અપનાવવામાં આવતી શ્રેષ્ઠ પદ્ધતિઓનો અભ્યાસ કરી પરસ્પર



અનુભવોનું આદાન-પ્રદાન કરવાનો છે.

ગુજરાત વિધાનસભાની મુલાકાત દરમિયાન કર્ણાટક વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી મંકલ વૈદ્ય સહિત સભ્યોના પ્રતિનિધિ મંડળને ગૃહની ભવ્યતા અને અત્યાધુનિક સુવિધાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વિધાનસભાના અધિકારીઓએ તેમને મંત્રીશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓની બેઠક વ્યવસ્થા, પ્રેસ ગેલેરી, વીવીઆઈપી ગેલેરી તેમજ સામાન્ય નાગરિકો માટેની પ્રેક્ષક ગેલેરી વિશે વિગતવાર માહિતી આપી હતી.

આ મુલાકાતનું મુખ્ય આકર્ષણ ગુજરાત વિધાનસભાની 'પેપરલેસ' કામગીરી અને ડિજિટલ પહેલ રહી હતી. ટેકનોલોજીના માધ્યમથી વિધાનસભાની તમામ પ્રક્રિયાઓને કઈ રીતે ડિજિટાઈઝ કરવામાં આવી છે અને તેનાથી કામગીરીમાં કેવી રીતે પારદર્શિતા અને ઝડપ આવી છે, તે અંગે અધિકારીઓએ કર્ણાટકના સભ્યોને પ્રત્યક્ષ નિર્દેશન આપ્યું હતું. ઈ-ગવર્નન્સ ક્ષેત્રે ગુજરાતના આ મોડેલને પ્રતિનિધિ મંડળે ખૂબ જ પ્રભાવશાળી ગણાવ્યું હતું. આ મુલાકાત બંને રાજ્યો વચ્ચેના વહીવટી સંબંધોને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે કર્ણાટક વિધાનસભાની હાઉસ અને અરજી સમિતિના અધ્યક્ષ, સભ્યો તેમજ કર્ણાટક વિધાનસભાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. જ્યારે ગુજરાત વિધાનસભા તરફથી સચિવ શ્રી ચેતન પંડ્યા, સંયુક્ત સચિવ શ્રી રીટાબેન મહેતા, નાયબ સચિવ શ્રી દિનેશ ચૌધરી, ઉપ સચિવ ચિરાગ પટેલ, સેકશન ઓફિસર શ્રી ધ્રુવ પટેલ સહિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ગુજરાતમાં હોમસ્ટે ચલાવવું હવે બનશે સરળ,૯ રૂમની મંજૂરી, માલિકની હાજરીની શરત દૂર કરાઈ

રાજ્ય સરકારે હોમસ્ટે નીતિમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યા

અમદાવાદ,

ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક નાગરિકો માટે સ્વરોજગારની તકો ઊભી કરવાના હેતુથી રાજ્ય સરકારે હોમસ્ટે નીતિમાં મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યા છે. પ્રવાસન વિભાગના નવા નિયમો મુજબ હવે હોમસ્ટેમાં મંજૂર રૂમની મહત્તમ મર્યાદા ૬થી વધારીને ૯ કરવામાં આવી છે. આ ઉપરાંત હોમસ્ટેના માલિકે સ્થળ પર જ રહેવું ફરજિયાત રહેશે નહીં. હવે અધિકૃત મેનેજરની નિમણૂક કરીને પણ હોમસ્ટેનું સંચાલન કરી શકાશે.

નવી જોગવાઈ મુજબ હોમસ્ટેના માલિકે પરિસરમાં સતત હાજર રહેવાની જરૂર નહીં પડે. માલિક પોતાના બદલે અધિકૃત મેનેજર રાખીને વ્યવસાય ચલાવી શકશે. નોંધણી વખતે પોલીસ વેરિફિકેશન સર્ટિફિકેટ રજૂ કરવાની અનિવાર્યતા પણ દૂર કરવામાં આવી છે. જોકે પ્રવાસીઓની સુરક્ષા સંબંધિત નિયમો યથાવત્ રાખવામાં આવ્યા છે.

હોમસ્ટેની નોંધણી હવે બે વર્ષ માટે માન્ય રહેશે. નોંધણીનું રિન્યુઅલ કરાવવા માટે સંચાલકોએ વારંવાર ભૌતિક ચકાસણીની પ્રક્રિયામાંથી પસાર થવું નહીં પડે. તેઓ ઓનલાઈન સેલ્ફ-ડિક્લેરેશનના આધારે રિન્યુઅલ કરાવી શકશે. જોકે જરૂરિયાત જણાય તો પ્રવાસન વિભાગ દ્વારા રિસ્ક-બેઝ્ડ અથવા રેન્ડમ તપાસ કરવામાં આવશે.

હોમસ્ટે શરૂ કરવા ઇચ્છુક નાગરિકો પ્રવાસન વિભાગની સત્તાવાર વેબસાઇટ અહીં ક્લિક કરીને ઓનલાઈન નોંધણી કરાવી શકશે. નવી નીતિના લાભો વધુમાં વધુ નાગરિકો સુધી પહોંચે તે માટે ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા વિશેષ માર્ગદર્શન વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં પ્રવાસન સ્થળોની નજીક રહેતા નાગરિકોને પોતાની મિલકતને આધુનિક હોમસ્ટે તરીકે વિકસાવવા માટે માર્ગદર્શન આપવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આગામી બજેટ માટે શહેરીજનો તરફથી ૨૦૦૭ સૂચનો મળ્યા

સૌથી વધુ સૂચનો રોડ, ગટર અને વરસાદી પાણીના નિકાલ માટે મળ્યા

અમદાવાદ,

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી ફેબ્રુઆરી ૨૦૨૭માં રજૂ થનારા વર્ષ ૨૦૨૭-૨૮ના વાર્ષિક બજેટની તૈયારીઓના ભાગરૂપે શહેરીજનો પાસેથી મંગાવવામાં આવેલા સૂચનોને સારો પ્રતિસાદ મળ્યો છે. કોર્પોરેશનને વિવિધ ૩૩ વિભાગોને લગતા કુલ ૨૦૦૭ સૂચનો પ્રાપ્ત થયા છે, જેમાંથી ૪૯૫ ઈમેલ દ્વારા મળ્યા છે. કોર્પોરેશનને મળેલા વિવિધ સૂચનો પૈકી સૌથી વધુ ૫૩૬ સૂચનો રોડ, ગટર અને વરસાદી પાણીના નિકાલ માટે મળ્યા છે. આમ, શહેરીજનો દ્વારા બજેટ અંગે પોતાના સૂચનો મોકલી આપવામાં આવ્યા છે અને હવે તેનો અભ્યાસ કરી યોગ્ય મુદ્દાઓનો બજેટમાં સમાવેશ કરાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા બજેટ રજૂ કરવાના આશરે ચાર મહિના અગાઉ નાગરિકો પાસેથી બજેટને લઈને સૂચનો મંગાવ્યા હતા. જેમાં નાગરિકોને ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ઈમેલ આઈડી પર પોતાના વિસ્તારના વિકાસકામો અને સુવિધાઓ અંગે સૂચનો મોકલવા અપીલ કરવામાં આવી હતી. દર વર્ષે બજેટ તૈયાર કરતા પહેલાં નાગરિકોની રજૂઆતોની સમીક્ષા કરીને યોગ્ય અને જરૂરી મુદ્દાઓને બજેટમાં સમાવવાનો પ્રયાસ કરવામાં આવે છે, જેના ભાગરૂપે આ વર્ષે પણ નાગરિકો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

ગુજરાતભરમાં રેશનિંગ વ્યવસ્થા ખોરવાઈ: ૧૭ હજારથી વધુ દુકાનોમાં અનાજ વિતરણ ઠપ

નવેમ્બર મહિનાનો અનાજનો જથ્થો લેવા દુકાનો પર પહોંચેલા લોકોને અનાજ લીધા વિના પરત ફરવું પડ્યું

અમદાવાદ,

ગુજરાતભરમાં રેશનિંગ વ્યવસ્થા ખોરવાતાં હજારો રેશનકાર્ડ ધારકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. નાગરિક પુરવઠા વિભાગનું ઓનલાઈન સર્વર ઠપ થઈ જતાં રાજ્યની ૧૭ હજારથી વધુ વ્યાજબી ભાવની દુકાનોમાં અનાજ વિતરણ અટકી પડ્યું હતું. નવેમ્બર મહિનાનો અનાજનો જથ્થો લેવા દુકાનો પર પહોંચેલા લોકોને અનાજ લીધા વિના પરત ફરવું પડ્યું હતું.

શુક્રવાર, ૨૦ નવેમ્બરની વહેલી સવારથી રાજ્યના નાગરિક પુરવઠા વિભાગની ઓનલાઈન સિસ્ટમમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. પીઓએસ મશીનોમાં સર્વર



કનેક્શન ન મળતાં રેશન દુકાનદારો અનાજ વિતરણ કરી શક્યા નહોતા. રાજ્યભરની ૧૭ હજારથી વધુ દુકાનોમાં કામગીરી અટકી જતાં રેશનકાર્ડ ધારકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

નવેમ્બર મહિનાના બીજા પખવાડિયામાં જ આ સમસ્યા સર્જાતાં અનાજ લેવા આવેલા અનેક પરિવારો નિરાશ થઈને પરત ફર્યા હતા. દુકાનો પર લાંબા સમય સુધી રાહ જોવી પડી હોવા છતાં અનાજ ન મળતાં ગ્રાહકોમાં નારાજગી જોવા મળી હતી. ઓનલાઈન વ્યવહાર પૂર્ણ ન થતાં દુકાન સંચાલકો પણ લાચાર બન્યા હતા. કેટલીક જગ્યાએ રેશનકાર્ડ ધારકો અને દુકાનદારો વચ્ચે રકઝક તથા ઘર્ષણના બનાવો પણ સામે આવ્યા હતા. ગુજરાત પ્રવાસ ગાઈડ રાજ્યમાં વર્ષ ૨૦૧૦થી બારકોડ આધારિત રેશનકાર્ડ સિસ્ટમ અમલમાં છે. જોકે, આ ઓનલાઈન વ્યવસ્થામાં વારંવાર સર્વર ડાઉ અને ટેકનિકલ ખામીઓ સર્જાતી હોવાની ફરિયાદો ઊઠતી રહી છે. આવી સમસ્યાઓના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પોતાના હક્કનું અનાજ મેળવવા વારંવાર દુકાનોના ધક્કા ખાવા પડે છે. રાજ્યભરના રેશન દુકાનદારોના એસોસિયેશન દ્વારા નાગરિક પુરવઠા વિભાગને આ સમસ્યાથી વાકેફ કરવામાં આવ્યો છે.

ધોળકા તાલુકાના વૌઠા ખાતે લોકસંસ્કૃતિનું જીવંત પ્રતીક ગણાતા ઐતિહાસિક લોકમેળાનો પ્રારંભ

વૌઠા ગામમાં જોવા મળશે લોકસંસ્કૃતિ અને મેળાની અનોખી રોનક

ધોળકા,

ગુજરાતના સુપ્રસિદ્ધ લોકમેળાઓમાં આગવું સ્થાન ધરાવતા અને લોકસંસ્કૃતિનું જીવંત પ્રતીક ગણાતા વૌઠાના ઐતિહાસિક લોકમેળાનો અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામે પવિત્ર સપ્તનદીના સંગમ સ્થાને ભવ્ય પ્રારંભ થયો છે. ધાર્મિક આસ્થા, વર્ષો જૂની પરંપરા, પશુવેપાર અને લોકમનોરંજનનો અનોખો સંગમ ગણાતો આ મેળો ફરી એકવાર લાખો શ્રદ્ધાળુઓ અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે. તા. ૨૫ નવેમ્બર સુધી વૌઠા ગામમાં લોકસંસ્કૃતિ, ભક્તિ અને મેળાની અનોખી રોનક જોવા મળશે.

મેળાનો ઉદ્ઘાટન સમારોહ ખેડાના સાંસદ સભ્ય અને પૂર્વ કેન્દ્રીય રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષસ્થાને વૌઠા મેળા મેદાનમાં યોજાયો હતો. આ સમારોહમાં પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, અમદાવાદ જિલ્લા પંચાયત પ્રમુખ સુરજીતસિંહ ગોહિલ, ધોળકાના ધારાસભ્ય કિરીટસિંહ ડાભી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વૌઠાનો મેળો તેના અનોખા પશુબજાર માટે સમગ્ર દેશમાં જાણીતો છે, જ્યાં ખાસ કરીને રંગબેરંગી શણગાર સજાવેલા ગર્દભ અને ઊંટની મોટા પાયે લે-વેચ થાય છે. મેળામાં ઊભી થયેલી તંબુઓની નગરી, ચકડોળ, વિવિધ રાઇડ્સ, લોકડાયરા, ભજન મંડળીઓ અને પરંપરાગત ખાણીપીણીના સ્ટોલ્સ ગ્રામીણ જીવનના ઉત્સાહને જીવંત બનાવે છે.

અમદાવાદના નિકોલ વિસ્તારમાંઆરબીએલ બેંકના એટીએમમાં પથ્થરમારો અને તોડફોડ

સ્થાનિક લોકોએ યુવકને ઝડપી પાડીને નિકોલ પોલીસને સોંપ્યો

અમદાવાદ,

અમદાવાદના નિકોલ વિસ્તારમાં અમર જવાન સર્કલ પાસે આવેલા આરબીએલ બેંકના એટીએમ સેન્ટરમાં તોડફોડની ઘટના સામે આવી છે. માનસિક રીતે અસ્વસ્થ જણાતા એક યુવકે પથ્થરમારો કરીને એટીએમ મશીનની ડિસ્પ્લે અને બહારની કાચની કેબિનને નુકસાન પહોંચાડ્યું હતું. ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકોએ યુવકને ઝડપી પાડીને નિકોલ પોલીસને સોંપ્યો હતો.

મળતી માહિતી મુજબ, નિકોલ વિસ્તારમાં શ્રીધર ફ્લોરાની બાજુમાં અમર જવાન સર્કલ પાસે આરબીએલ બેંકનું એટીએમ સેન્ટર આવેલું છે. આજે ગુરુવારે સવારે



બેંકના સર્વેલન્સ વિભાગ દ્વારા બ્રાંચ ઓપરેશન મેનેજર કપિલભાઈ દાનાભાઈ ચાવડાને ફોન કરીને ATM સેન્ટરમાં તોડફોડ થયાની જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ બેંક મેનેજર તાત્કાલિક એટીએમ સેન્ટર પર પહોંચ્યા હતા.

તપાસ દરમિયાન એટીએમ મશીનની ડિસ્પ્લે તેમજ બહાર લગાવવામાં આવેલી કાચની કેબિન તૂટેલી હાલતમાં જોવા મળી હતી. દરમિયાન સ્થાનિક લોકોએ તોડફોડ કરનાર યુવકને પકડી પાડ્યો હતો અને નિકોલ પોલીસને જાણ કરી તેને પોલીસના હવાલે કર્યો હતો.

પોલીસે પૂછપરછમાં એટીએમમાં તોડફોડ કરનાર ૨૧ વર્ષિય આરોપી મૂળ બિહારનો રહેવાસી હોવાનું અને હાલ નિકોલ વિસ્તારમાં આવેલી એક બાંધકામ સાઇટ પર રહેતો હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદ કોર્પોરેશનના શોપિંગ ફેસ્ટિવલ સિઝન-૩ માટે રૂ. ૨૬.૪૦ લાખનું બજેટ મંજૂર

અમદાવાદ,

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શોપિંગ ફેસ્ટિવલ સિઝન-૩નું આયોજન કરવામાં આવશે. અગાઉ ચાર મહિના માટે રૂ. ૮૨.૫૦ લાખના ખર્ચે ફેસ્ટિવલ યોજવાની દરખાસ્ત તૈયાર કરાઈ હતી. જોકે, સ્ટેન્ડિંગ કમિટીની ચર્ચા બાદ ફેસ્ટિવલનો સમયગાળો ઘટાડીને બે મહિના કરવામાં આવ્યો છે. સાથે જ ખર્ચમાં પણ રૂ. ૫૬.૧૦ લાખનો ઘટાડો કરીને હવે રૂ. ૨૬.૪૦ લાખ નક્કી કરવામાં આવ્યા છે. ફેસ્ટિવલનાં આયોજન માટે પ્રાઈસ વોટરહાઉસ કૂપર્સ કંપનીને કન્સલ્ટન્સીની કામગીરી સોંપવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીએ સુધારા સાથે મંજૂર કરી છે. કંપની દ્વારા ફેસ્ટિવલનાં આયોજન, ઈવેન્ટ મેનેજમેન્ટ, માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને ડિજિટલ પ્રચાર માટે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત વેપારીઓ, કારીગરો, કલાકારો અને અન્ય હિતધારકો સાથે સંકલન કરીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં મદદ કરાશે. ખાસ કરીને ફેસ્ટિવલમાં કેટલા વેપારીઓ જોડાશે, કેટલા મુલાકાતીઓ આવશે, કેટલું વેચાણ થશે અને શહેરના વેપાર પર કેટલી આર્થિક અસર પડશે તેનો અંદાજ પણ કન્સલ્ટન્સી કંપની નક્કી કરશે.

ઉલ્લેખનીય છે કે અગાઉના શોપિંગ ફેસ્ટિવલમાં ગ્રાહકોને અપેક્ષા મુજબ ડિસ્કાઉન્ટ ન મળવાં અને જીએસટીના મુદ્દે સવાલો ઊઠ્યા હતા. વેપારીઓને થયેલા લાભ સામે પણ ચર્ચા થઈ હતી. ત્યારે આ વખતે સમયગાળો અને ખર્ચ ઘટાડ્યા બાદ ફેસ્ટિવલ વેપારીઓ તથા ગ્રાહકો માટે કેટલો ફાયદાકારક બને છે તેના પર સૌની નજર રહેશે.

પ્રેમસંબંધમાં તિરાડ પડતાં દુષ્કર્મની ફરિયાદ, હાઈકોર્ટે બે યુવકોની નિર્દોષ છૂટ પર મહોર મારી

હાઈકોર્ટે મહિલાની અપીલ ફગાવી દેતાં નીચલી કોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો

અમદાવાદ,

અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ દ્વારા બે યુવકોને નિર્દોષ જાહેર કરવાના ચુકાદા સામે એક મહિલાએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરી હતી. જોકે, હાઈકોર્ટે મહિલાની અપીલ ફગાવી દેતાં નીચલી કોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો છે. બે સંતાનોની માતા એવી મહિલાએ એક યુવક પર જબરદસ્તી શારીરિક સંબંધ બાંધવાનો, જ્યારે બીજા યુવક પર નગ્ન ફોટાના આધારે બ્લેકમેઈલ કરીને શારીરિક સંબંધોની માગણી કરવાનો આક્ષેપ કર્યો હતો.કેસના પુરાવાઓની તપાસ કર્યા બાદ હાઈકોર્ટે નોંધ્યું હતું કે ફરિયાદી અને મુખ્ય આરોપી વચ્ચેના સંબંધો પરસ્પર સંમતિથી બંધાયા હતા. સંબંધોમાં તિરાડ પડ્યા બાદ તેને દુષ્કર્મના ગુનામાં ફેરવી શકાય નહીં.કેસની વિગતો મુજબ, ૩૫ વર્ષીય પરિણીત મહિલા વર્ષ ૨૦૧૯માં ફેસબુક મારફતે પાર્થ નામના યુવકના સંપર્કમાં આવી હતી. મહિલાનો આક્ષેપ હતો કે પાર્થે તેને અમદાવાદના એક ગેસ્ટહાઉસમાં લઈ જઈ તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તેના ફોટા પાડી લીધા હતા.

ત્યારબાદ ફોટા વાયરલ કરવાની ધમકી આપીને ગેસ્ટહાઉસ અને ગાંધીનગરની એક હોટલમાં વારંવાર શારીરિક સંબંધ બાંધવા મજબૂર કરી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો. વધુમાં, કિશન નામના અન્ય યુવકને આ ફોટા અંગે જાણ થતાં તેણે પણ શારીરિક સંબંધની માગણી કરી હોવાનો આરોપ મૂક્યો હતો. આ મામલે મહિલાએ વર્ષ ૨૦૨૨માં અમદાવાદના એક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.મહિલા તરફથી દલીલ કરવામાં આવી હતી કે લગ્નજીવન અને સંતાનોના ભવિષ્યની ચિંતાને કારણે ફરિયાદ નોંધાવવામાં ત્રણ વર્ષનો વિલંબ થયો હતો. આ વિલંબને ફરિયાદ સામેનો આધાર ગણી શકાય નહીં. જોકે, હાઈકોર્ટે હોટલ માલિકની જુબાની, કોલ ડિટેલ્સની ટ્રાન્સક્રિપ્ટ સહિત રેકર્ડ પરના પુરાવાઓ તપાસ્યા હતા.

વોકલ ફોર લોકલની વાતો વચ્ચે એએમસી એલજી હોસ્પિટલ માટે લાખોના ચાઈનીઝ સાધનો ખરીદાશે

સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાની અપીલ અને શાસકોના વહીવટી નિર્ણય વચ્ચે વિરોધાભાસ

અમદાવાદ,

એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશવાસીઓને 'વોકલ ફોર લોકલ' અને સ્વદેશી વસ્તુઓ અપનાવવાની અપીલ કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ભાજપના શાસકોના એક નિર્ણયે ચર્ચા જગાવી છે.

એએમસીની સામાહિક સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં એલજી હોસ્પિટલના માઇક્રોબાયોલોજી વિભાગ માટે ચીનમાં બનેલા મેડિકલ સાધનો ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન



આપવાની અપીલ અને શાસકોના વહીવટી નિર્ણય વચ્ચે વિરોધાભાસ જોવા મળી રહ્યો છે.

એલજી હોસ્પિટલના માઇક્રોબાયોલોજી વિભાગ માટે અંદાજે ૪૬ લાખ રૂપિયાના ખર્ચે ચીનમાં બનેલા ૧૦ વોશર મશીન ખરીદવામાં આવશે. આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને સ્પષ્ટતા કરી હતી કે અગાઉ ત્રણ વખત ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, પરંતુ કોઈ બિડર આવ્યા નહોતા. ચોથી વખત ટેન્ડર બહાર પાડવામાં આવતાં બિડર મળ્યા હોવાથી નિયમ મુજબ તેમને ટેન્ડર ફાળવવામાં આવ્યું છે. બીજી તરફ, આગામી શોપિંગ ફેસ્ટિવલની સફળતા માટે ખાનગી એજન્સીને કામગીરી સોંપવાના નિર્ણય પર હાલ રોક લગાવવામાં આવી છે. આ મામલે પાંચ શાસકોની બોડી બેસીને એજન્સીનું પ્રેઝન્ટેશન જોશે અને ત્યારબાદ મંજૂરી અંગે નિર્ણય લેવાશે. કાર્યક્રમને વધુ સફળ બનાવવા તમામ પ્રયાસો કરવામાં આવશે તેમ ચેરમેને જણાવ્યું હતું.

આગામી બજેટને ધ્યાનમાં રાખીને AMC દ્વારા નાગરિકો પાસેથી સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

સાસુને પ્રતિબંધિત ઘેનની દવા ખવડાવી અર્ધબેભાન અવસ્થામાં રાખી પુત્રવધૂએ રૂ. ૧.૮૪ કરોડ હડપ કર્યા

અમદાવાદ શહેરના પાલડી વિસ્તારની ઘટનામાં પુત્રવધૂ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ

અમદાવાદ,

અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં ૭૯ વર્ષીય વૃદ્ધાને પ્રતિબંધિત ઘેનની દવા ખવડાવીને સતત અર્ધબેભાન અવસ્થામાં રાખી, તેમના બેંક ખાતામાંથી કુલ રૂ. ૧.૮૪ કરોડ ટ્રાન્સફર કરી લેવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. પુત્રના અવસાન બાદ સાસુ સાથે રહેતી પુત્રવધૂએ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનમાં છેડછાડ કરીને ઘેનની ગોળીઓ મેળવી હતી અને કોરા ચેક તથા મૃતક પતિના મોબાઈલનો ઉપયોગ કરીને આ મોટી રકમ પોતાના ખાતામાં તેમજ મ્યુચ્યુઅલ ફંડમાં ટ્રાન્સફર કરી લીધી હતી. આ સમગ્ર મામલે વૃદ્ધાએ પાલડી પોલીસ સ્ટેશનમાં પુત્રવધૂ અંકિતા શાહ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.નકશા જુઓ

મૂળ આંબાવાડી ખાતે રહેતા ૭૯ વર્ષીય જયશ્રી શાહના પુત્ર અભિષેકનું ૧૨ મે, ૨૦૨૪ના રોજ હાર્ટ એટેક આવતાં અવસાન થયું હતું. પુત્રના નિધન બાદ જયશ્રીબેન પુત્રવધૂ અંકિતા અને પૌત્રી સાથે રહેવા ગયા હતા. પતિના મૃત્યુ બાદ અંકિતાએ ઝઘડો કરીને તેમજ ભાવનાત્મક દબાણ ઊભું કરીને સાસુના બેંકના જોઈન્ટ ખાતામાં પોતાનું નામ દાખલ કરાવી લીધું હતું. ત્યારબાદ ઘરખર્ચના બહાને ડરાવી-ધમકાવીને કોરા ચેક પર વૃદ્ધાની સહીઓ લેવાની શરૂઆત કરી હતી.

તપાસમાં એવી હકીકત પણ સામે આવી છે કે, આરોપી પુત્રવધૂએ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનમાં જાતે અથવા કોઈ મળતિયા મારફતે પ્રતિબંધિત ઘેનની દવા લખીને પાલડી વિસ્તારના મેડિકલ સ્ટોરમાંથી મેળવી લીધી હતી. તે નિયમિતપણે સાસુને આ દવા આપતી હોવાનું જાણવા મળે છે. સતત ઘેનની દવાની અસર હેઠળ રહેવાને કારણે જયશ્રીબેનને વારંવાર ઘેન અને ચક્કર આવતા હતા, તેમજ તેમની તબિયત લથડતાં તેમને અવારનવાર હોસ્પિટલમાં દાખલ કરવાની ફરજ પડતી હતી.

આ દરમિયાન, સપ્ટેમ્બર ૨૦૨૫માં જયશ્રીબેનની તબિયત અત્યંત નાજુક બની હતી અને તેઓ પોતાની દીકરી કોષાને પણ ઓળખી શકે તેમ ન હતા. પરિસ્થિતિ ગંભીર જણાતાં દીકરીએ તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલમાં કરવામાં આવેલા બ્લડ રિપોર્ટમાં વૃદ્ધાને ઘેનની દવાઓ અપાઈ રહી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો હતો.

જામનગરના લાખોટા તળાવમાં વિદેશી પક્ષીઓનો જમાવડો, ભૂલકાંઓમાં અનેરો આનંદ




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં શિયાળાની ઋતુના આગમનના પગરવ સાથે જ વિદેશી પક્ષીઓનું આગમન શરૂ થઈ ગયું છે. દર વર્ષે હજારો માઈલનું અંતર કાપીને જામનગરને પોતાનું શિયાળુ મુકામ બનાવતાં આ પરદેશી પંખીઓ હવે શહેરનાં તળાવો તરફ પણ આકર્ષાઈ રહ્યાં છે. લાખોટા તળાવના પાછલા તળાવના ભાગમાં વિદેશી પક્ષીઓનો જમાવડો જોવા મળી રહ્યો છે. તળાવની પાળે ઊતરેલાં આ રંગબેરંગી પંખીઓને નિહાળવા અને ચણ નાખવા માટે શહેરીજનો પણ ઉમટી રહ્યા છે.

જામનગર અને આસપાસનો વિસ્તાર પક્ષીઓ માટે જાણીતો રહ્યો છે. ખાસ કરીને ખીજડિયા પક્ષી અભયારણ્ય તેમજ રણમલ તળાવ આસપાસ દર વર્ષે શિયાળાની ઋતુમાં વિદેશી પક્ષીઓનું આગમન થાય છે. આ પક્ષીઓ હજારો માઈલની લાંબી ઉડાન ભરીને જામનગરને પોતાનું આશ્રયસ્થાન બનાવે છે. વર્ષોથી ચાલતી આ કુદરતી પરંપરા હવે જામનગરની ઓળખનો એક ભાગ બની ગઈ છે.

હાલમાં શિયાળાની ઠંડીનો વિશેષ અહેસાસ શરૂ થયો નથી, પરંતુ ઠંડીના આગમનના સંકેત સાથે જ પરદેશી મહેમાનોએ જામનગરમાં પડાવ નાખવાનું શરૂ કરી દીધું છે. લાખોટા તળાવના કિનારે અને પાણીના છીછરા ભાગમાં પક્ષીઓના સમૂહ જોવા મળતાં સવાર-સાંજ અહીંનું વાતાવરણ મનમોહક બની રહ્યું છે. તળાવની પાળે ફરવા આવતા લોકો આ પક્ષીઓને નિહાળીને આનંદ અનુભવી રહ્યા છે. ખાસ કરીને બાળકો માટે આ પક્ષીઓનું આગમન કુતૂહલ અને આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

જામનગરના નાગરિકો અને આ પરદેશી મહેમાનો વચ્ચે વર્ષોથી એક આત્મીય સંબંધ બંધાયો છે. લોકો તળાવની પાળે પક્ષીઓને ચણ નાખીને તેમનો સત્કાર કરે છે. જોકે, પક્ષીઓ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરતી વખતે તેમના સ્વાસ્થ્યની કાળજી રાખવી પણ એટલી જ જરૂરી છે. પક્ષીવિદો અને જીવદયાપ્રેમીઓ દ્વારા નાગરિકોને ખાસ અપીલ કરવામાં આવે છે કે પક્ષીઓને ગાંઠિયા કે અન્ય તળેલા અને મસાલેદાર ખાદ્યપદાર્થો ખવડાવવા નહીં. આવા ખોરાકથી પક્ષીઓના સ્વાસ્થ્યને નુકસાન થઈ શકે છે. ભૂતકાળમાં અયોગ્ય ખોરાકના કારણે પક્ષીઓનાં મૃત્યુ થયાં હોવાના બનાવો પણ સામે આવ્યા છે.

આથી, પક્ષીઓને ખોરાક આપવો હોય તો માત્ર પરંપરાગત ચણ જ નાખવું જોઈએ અને તેમના કુદરતી ખોરાક તથા રહેઠાણને નુકસાન ન થાય તેની તકેદારી રાખવી જોઈએ. હજારો માઈલનું અંતર કાપીને આપણા આંગણે આવતા આ અતિથિ પક્ષીઓની સુરક્ષા અને સંભાળ રાખવાની જવાબદારી પણ આપણી જ છે.

આમ, શિયાળાની શરૂઆત પહેલાં જ લાખોટા તળાવમાં વિદેશી પંખીઓના આગમનથી શહેરના કુદરતી સૌંદર્યમાં વધારો થયો છે. જાણે કે 'જૈસે અપને હી દૂસરે ઘર આયે હૈ, પરદેશી પંછી જામનગર આયે હૈ'ની લાગણી સાથે જામનગરવાસીઓ આ વિદેશી મહેમાનોનું સ્વાગત કરી રહ્યા છે.

ઢેબર ગામે ખોટા રોયલ્ટી પાસથી ટ્રકમાં વહન થતું ખનીજનું કૌભાંડ ઝડપાયું

ટ્રક માલિક સહિત ચાર સામે ખાણ ખનીજ વિભાગ દ્વારા ફરિયાદ નોંધાવાય



ખંભાળિયા : ભાણવડના ઢેબર ગામે ખાણ ખનીજ વિભાગે બોગસ રોયલ્ટી પાસથી થતું ખનીજની હેરાફેરીનું કૌભાંડ ઝડપી પાડ્યું છે જેમાં જુના રોયલ્ટી પાસમાં ચેડા કરી ૧૦.૫૮ મેટ્રિક ટન બિલ્ડીગ લાઈફ સ્ટોનની હેરાફેરીનો આક્ષેપ કરવામાં આવી ટ્રક ચાલક અને માલિક સહિત ચાર સામે ભાણવડ પોલીસ દફતરે ખાણ ખનીજ વિભાગના અધિકારી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે તપાસ આદરી છે.

મળતી માહિતી પ્રમાણે ભાણવડ તાલુકાના ઢેબર ગામ પાસેથી જી. જે. ૧૦. ડબલ્યુ. ૭૭૫૫ નંબરનો ટ્રક બિન - અધિકૃત રીતે ૧૦.૫૮ મેટ્રિક ટન બિલ્ડીગ લાઈન સ્ટોન ખનીજ ભરી પાસમાં એડીટીગ કરી ચેડા અને બનાવટી પાસ રાખી તેમજ ખોટા દસ્તાવેજો ઊભા કરી ખનીજ વિભાગના નિયમ મુજબ રોયલ્ટીના પૈસા નહીં ભરી છેતરપિંડી આચરતા ખાણ ખનીજ વિભાગના રોયલ્ટી ઈન્સ્પેક્ટર ભાવિકભાઈ જોશી દ્વારા ટ્રક ચાલક વેજાભાઈ વસ્તાભાઈ મોરી, ટ્રકના માલિક મકબુલ મામદભાઈ હિંગોરા, દેવરાજભાઈ રામાભાઈ મોરી અને અશરફભાઈ ઓસમાણભાઈ હીંગોરા સામે ભાણવડ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. પી.એમ. ગોરફાડ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

લાલપુરના સિંગચ તેમજ દરેડ ગામે જુગાર રમતા ૧૧ શખ્સો ઝડપાયા

જામનગર : લાલપુર તાલુકાના સિંગચ ગામે તેમજ જામનગર નજીક દરેડ ગામે પોલીસે જુગાર અંગે બે દરોડા પાડી કુલ ૧૧ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ રૂ.૩૭,૯૦૦ કબજે કર્યો હતા.

લાલપુર તાલુકાના સિંગચ ગામના આલંબાઈ વિસ્તારમાં તાજી ડેમના કાંઠે વાડીમાં કેટલાક શખ્સો લાઈટના અજવાળે ગંજીપત્તાં વડે તીનપત્તીનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે મેઘપર (પડાણા) પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમી રહેલ પ્રવીણભાઈ મેઘાભાઈ ગરચર, નંદલાલા ધરમશીભાઈ રાઠોડ, અનિરૂદ્ધસિંહ કેસરીસિંહ જાડેજા, નિકુલસિંહ દિલીપસિંહ ગોહિલ, મહેન્દ્રસિંહ ભુપતસિંહ કંચવા અને દીપેશ ભરતભાઈ ચંદારાણાને ઝડપી લઈ તેઓ પોલીસે રોકડ રૂ.૨૬,૩૦૦ રોકડા કબજે કરી તમામ સામે જુગારધારા કલમ ૧૨ હેઠળ ગુનો નોંધ્યો હતો.

જ્યારે બીજો દરોડો જામનગર તાલુકાના દરેડ ગામે કાવેરી ડેરી પાછળની શેરીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમાતો હોવાની બાતમીના આધારે પંચકોશી-ડી ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં ગોળ કુંડાળું વળીને જુગાર રમતા ચંદ્રેશભાઈ પ્રેમજીભાઈ બારીયા, ભ્રિજેશ મનીરામભાઈ જાટવ, પ્રમોદકુમાર આશારામ પટેલ, ધનારામ આશારામ જાટવ અને રામકુમાર સત્યનારાયણ લોધીને ઝડપી લઈ તેઓ રોકડ રૂ. ૧૧,૬૦૦ કબજે કર્યા હતાં.

રૂપેણબંદરની યુવતીને દુષ્કર્મની ફરિયાદ પાછી ખેંચવા ત્રણ શખ્સોએ ધમકી આપી

અન્ય બે માથાકૂટના બનાવવામાં મકાન અને જમીનના મામલે વૃદ્ધ તથા પ્રૌઢાને ધમકી

ખંભાળિયા : દેવભૂમિ- દ્વારકા જિલ્લામાં ત્રણ જગ્યાએ ડખ્ખો થયાની પોલીસ ચોપડે ફરિયાદ ફરિયાદ નોંધાઈ છે જેમાં રૂપેણબંદરની યુવતીને દુષ્કર્મની ફરિયાદ પાછી ખેંચી લેવા બાબતે ત્રણ શખ્સે ધમકી આપી છે જ્યારે અન્ય બે બનાવમાં પ્રૌઢાને અને વૃદ્ધને મકાન તથા જમીન બાબતે ત્રણ શખ્સે ધમકી આપતા તમામ બનાવની ફરિયાદના આધારે સ્થાનિક પોલીસે સ્થળપર દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રથમ બનાવની મળતી માહિતી પ્રમાણે દ્વારકા શહેર નજીક રૂપેણબંદર ખાતે રહેતી એક યુવતીને આ જ વિસ્તારમાં રહેતા ગુલામ લશા લુચાણી તથા મામદ ઈશા લુચાણી અને હસન આદમ લુચાણી નામના ત્રણેય શખ્સે તેણીના ઘરે ધસી જઈ દુષ્કર્મની ફરિયાદ પાછી ખેંચી લેવાનું જણાવી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપતા તેણીએ દ્વારકા પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા હે. કો. ડી. ડી. ઝાલા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

તેમજ દ્વારકાના વરવાળા ગામમાં રહેતા સવિતાબેન બાબુભાઈ ઠાકોર નામના પ્રૌઢને ગામના જ રાજેશભાઈ કાયાભાઈ સવાણી નામના શખ્સે મકાન ભાડુ વધારવાની વાત કરી તેમજ મકાન ખાલી કરી દેવાની ધમકી આપી હતી ઉપરાંત સાહેદને ઝાપટ મારી ગાળો કાઢી તેને પણ પતાવી દેવાની ધમકી આપતા શખ્સ સામે સવિતાબેન ઠાકોર દ્વારા સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જ્યારે ભાણવડ તાલુકાના વેરાડ ગામમાં રહેતા જયંતીલાલ વાલજીભાઈ નકુમ નામના વૃદ્ધને તેના ભાઈ ગિરધરભાઈ વાલજીભાઈ નકુમ અને પુત્ર પંકજ ગિરધરભાઈ નકુમ નામના શખ્સોએ ખેતીની જમીનના વિવાદની બાબતનો ખાર રાખી ગાળો કાઢી મારી નાખવાની ધમકી આપતા પિતા-પુત્ર સામે જયંતીલાલ નકુમ દ્વારા ખંભાળિયા પોલીસ મથકમાં વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવી છે.

લાલપુર પાસે છોટા હાથીએ બાઈકને અડફેટે લેતા ચાલકને ગંભીર ઈજા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર નજીક ૬૬ કેવી સબસ્ટેશન પાસે છોટા હાથી ટેમ્પોના ચાલકે બેફિકરાઈ અને પૂરઝડપે વાહન હંકારી સામેથી આવતા બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. જેમાં બાઈક ચાલક યુવકને માથામાં તેમજ ફેફસામાં ઈજાઓ થવા પામી હતી. જ્યારે અકસ્માત સર્જી ટેમ્પોચાલક નાસી છૂટ્યો હતો.

દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના વિજયપુર વાડી વિસ્તારમાં રહેતા સલીમભાઈ મુસાભાઈ સમાનો પુત્ર શબીર તેના મિત્રો સાથે બાઈક લઈને જામનગરમાં કપડાંની ખરીદી કરવા આવ્યો હતો. ખરીદી કરી તેઓ પરત ઘરે જઈ રહ્યા હતા ત્યારે લાલપુર ૬૬ કેવી સબસ્ટેશન નજીક પહોંચતાં જીજે-૦૬-એક્સએક્સ-૮૮૪૬ નંબરના છોટા હાથી ટેમ્પોના ચાલકે શબીરની બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી.

જે અકસ્માતમાં શબીર રસ્તા પર પટકાતાં તેને માથાના પાછળના ભાગે તેમજ ડાબા ખભા અને શરીરે પણ ઈજાઓ થઈ હતી. અકસ્માત બાદ ટેમ્પોચાલક સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત શબીરને પ્રથમ લાલપુરની હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાંથી વધુ સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે સલીમભાઈની ફરિયાદના આધારે લાલપુર પોલીસે અજાણ્યા ટેમ્પોચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગર શહેરમાં જુલાઈ સુધીની ચિંતા ટળી

૩૧ ડિસેમ્બર સુધી નર્મદાનું પાણી મળતું રહેશે તો પૂરતો જથ્થો ઉપલબ્ધ થશે

જામનગર : જામનગર શહેરના નગરજનોને નિયમિત અને પૂરતું પાણી મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા પાણીનું વ્યવસ્થાપન કરવામાં આવી રહ્યું છે. હાલ શહેરની પાણીની જરૂરિયાતનો મુખ્ય આધાર નર્મદાના નીર પર છે. શહેરને પાણી પૂરું પાડતા રણજીતસાગર, ઉંડ-૧, ઉંડ-૨ સહિતના જળાશયો અને સસોઈ ડેમમાં વરસાદી પાણીની આવક થઈ હતી. જોકે હવે આગામી સમયની પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નર્મદાના પાણી પર આધાર રાખવામાં આવી રહ્યો છે.

રાજ્ય સરકાર દ્વારા હાલ પ્રતિદિન ૧૦ એમસીએફટી નર્મદાનું પાણી જામનગર માટે ફાળવવામાં આવી રહ્યું છે. દિવાળીના તહેવારો દરમિયાન નર્મદાના પાણીનો પ્રવાહ બંધ રહ્યો હતો, પરંતુ ત્યારબાદ ગત ૧૫મી તારીખથી ફરી પ્રતિદિન ૧૦ એમસીએફટી પાણી ઠાલવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

હાલની સ્થિતિએ જામનગર શહેરને એકાંતરા પાણી વિતરણ કરવા માટે ૩૧ ડિસેમ્બર સુધી ચાલી શકે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાનું જાણવા મળે છે. જો ૩૧ ડિસેમ્બર સુધી પ્રતિદિન ૧૦ એમસીએફટી નર્મદાનું પાણી સતત મળતું રહે તો શહેરને એકાંતરા પાણી વિતરણ કરવા માટે આગામી જુલાઈ મહિના સુધીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ થઈ શકે છે. પરિણામે હાલની સ્થિતિએ શહેરમાં પાણીની કોઈ મોટી સમસ્યા સર્જાવાની શક્યતા નથી.

જામનગર મહાનગરપાલિકાના વોટરવર્ક્સ શાખાના મુખ્ય અધિકારી નરેશ પટેલના જણાવ્યા અનુસાર, શહેરમાં હાલ પ્રતિદિન ૧૫૦થી ૧૫૫ એમએલડી પાણીનું વિતરણ કરવામાં આવે છે. નગરજનોને એકાંતરા પાણી આપવામાં આવે છે અને દરેક વખતે આશરે ૪૫ મિનિટ સુધી પાણી પૂરું પાડવામાં આવે છે. હાલ પાણીની અછત કે વિતરણ અંગે કોઈ મોટી ફરિયાદ નથી.

આમ, નર્મદાના પાણીની નિયમિત આવક અને જળાશયોમાં ઉપલબ્ધ જથ્થાના આધારે જામનગર મહાનગરપાલિકાએ આગામી ઉનાળાની પાણીની જરૂરિયાતનું આયોજન હાથ ધર્યું છે. જો સરકાર તરફથી નર્મદાના પાણીનો પ્રવાહ નિર્ધારિત જથ્થા પ્રમાણે ૩૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે તો આગામી જુલાઈ સુધી શહેરમાં એકાંતરા પાણી વિતરણ વ્યવસ્થા જાળવી રાખવામાં મુશ્કેલી નહીં પડે.

જામનગરમાં રૂ. ૧.૩૩ કરોડની છેતરપિંડીના કેસમાં વધુ તપાસ કરવા કોર્ટનો હુકમ

જામનગર : જામનગરમાં કાપડના વેપાર અને ક્રેડિટ કાર્ડના વ્યવહારોમાં રોકાણ કરાવી કમિશન આપવાની લાલચ આપી રૂ. ૧.૩૩કરોડથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હોવાના ચકચારી કેસમાં સ્પેશિયલ જી.પી.આઈ.ડી. કોર્ટે વધુ તપાસ કરવાનો મહત્ત્વપૂર્ણ આદેશ આપ્યો છે.

આ કેસમાં ફરિયાદી મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ સાબુવાલાએ પોલીસ તપાસમાં મહત્ત્વના મુદ્દાઓની તપાસ બાકી રહી હોવાની રજૂઆત સાથે કોર્ટમાં અરજી કરી હતી. જેમાં ૧૭ સાક્ષીઓનાં નિવેદનો લેવામાં ન આવ્યાં હોવા ઉપરાંત આરોપીઓ તથા તેમના પરિવારજનોના બેંક ખાતાં, નાણાકીય વ્યવહારો અને રકમની હેરફેર અંગે પૂરતી તપાસ કરવામાં આવી ન હોવાના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

ફરિયાદી તરફથી રજૂ કરાયેલી હકીકતો અને કેસના રેકોર્ડને ધ્યાને લઈ સ્પેશિયલ જી.પી.આઈ.ડી. કોર્ટે વધુ તપાસ જરૂરી હોવાનું ઠરાવ્યું હતું. કોર્ટે ફરિયાદીની અરજી મંજૂર કરી તપાસ અધિકારીને બેંક સ્ટેટમેન્ટ, નાણાકીય વ્યવહારો અને સંબંધિત સાક્ષીઓનાં નિવેદનો સહિતના મુદ્દે ઊંડાણપૂર્વક તપાસ કરવા હુકમ કર્યો છે. વધુ તપાસ દરમિયાન જરૂરી પુરાવા એકત્ર કરી અન્ય સાક્ષીઓનાં નિવેદનો લેવાની જરૂર જણાય તો તે મેળવી ૧૫ દિવસમાં કોર્ટ સમક્ષ અહેવાલ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. આ આદેશને પગલે કરોડોની છેતરપિંડીના કેસની તપાસમાં વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.

ભાટિયાની લોહાણા મહાજન વાડીમાં રાયચુરા પરિવાર દ્વારા જનરેટર અર્પણ



ભાટિયા : બારાડી લોહાણા મહાજનના પ્રમુખ દ્વારકાદાસભાઈ રાયચુરા (મોટાભાઈ) પરિવાર દ્વારા ભાટીયાની લોહાણા મહાજન વાડીમાં રૂા. ત્રણ લાખની કિંમતનું જનરેટર દાન આપવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ જલારામ જયંતીના સાંજે ૪ વાગ્યે લોહાણા મહાજન વાડીમાં દ્વારકાદાસભાઈ રાયચુરાના હસ્તે કરવામાં આવશે.

વોર્ડ નં. ૧૨માં ભૂગર્ભ ગટરના મુદ્દે 'આપ'ના મહિલા કોર્પોરેટરનું વિરોધ પ્રદર્શન-આવેદન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૧૨માં સંપૂર્ણપણે બિસ્માર થઈ ગયેલી ભૂગર્ભ ગટર તથા પાઈપ ગટર વ્યવસ્થા તાત્કાલિક નવી બનાવી આપવાના મુદ્દે વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર જેનમબેન ખફી આજે જનરલ બોર્ડ બહાર સ્થાનિક લોકોને સાથે રાખી ધરણાના પ્રદર્શન કરેલ હતુ.

મહિલા કોર્પોરેટર જેનમબેન ખફીએ મેયર ને સંબોધન કરી આવે જણાવ્યું હતું કે જામનગર શહેરના અનેક વિસ્તારોમાં ભૂગર્ભ ગટર તથા પાઈપ ગટરની વ્યવસ્થા સંપૂર્ણપણે ખાડે ગઈ છે. ખાસ કરીને વોર્ડ નં. ૧૨ના મોટાભાગના વિસ્તારોમાં વર્ષો જૂની અને જર્જરિત થઈ ગયેલી ગટર લાઈનોના કારણે ગંદા પાણીના નિકાલની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. આ અંગે અગાઉ પણ અનેક વખત મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવેલી છે. તેમ છતાં આજદિન સુધી સમસ્યાના કાયમી નિરાકરણ માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી.

વોર્ડ નં. ૧૨ના નાગરિકો છેલ્લા ઘણા લાંબા સમયથી આ ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. વારંવારની રજૂઆતો છતાં સમસ્યાનો કાયમી ઉકેલ ન આવવો એ અત્યંત દુઃખદ અને નિંદનીય બાબત છે. હવે આ પ્રશ્ન માત્ર ગટર વ્યવસ્થાનો રહ્યો નથી, પરંતુ નાગરિકોના આરોગ્ય, સ્વચ્છતા અને સન્માનપૂર્વક જીવન જીવવાના અધિકારનો પ્રશ્ન બની ગયો છે. આથી આ આવેદનપત્રને અગાઉની તમામ રજૂઆતોના અનુસંધાનમાં આખરી આવેદનપત્ર તરીકે ધ્યાને લઈ તાત્કાલિક અસરથી વોર્ડ નં. ૧૨માં નવી ભૂગર્ભ ગટર તથા પાઈપ ગટર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી અમારી ઉગ્ર માંગણી છે.

આ રજૂઆત બાદ પણ તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં નહીં આવે અને સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં લાવવામાં આવે તો સ્થાનિક રહીશો સાથે મળીને જામનગર મહાનગર પાલિકા સમક્ષ ઉગ્ર વિરોધ પ્રદર્શન તથા આશ્ચર્યજનક કાર્યક્રમો યોજવાની ફરજ પડશે. તેના કારણે ઊભી થતી તમામ પરિસ્થિતિની સંપૂર્ણ જવાબદારી જામનગર મહાનગરપાલિકા તંત્રની રહેશે. તેમ કોર્પોરેટર જૈનમબેન ખફીએ ચીમકી આવેદન પત્ર માં આપી હતી. આથી અમારી રજૂઆતને ગંભીરતાથી લઈ તાત્કાલિક યોગ્ય નિર્ણય કરવામાં આવે તેવી અંતિમ માંગણી છે.

જામનગરમાં પાપા લુઈસ પિત્ઝા પાર્લરના સંચાલકને ચોક્સાઈના પ્રશ્ને ત્રણ હજારનો દંડ

જામનગર : જામનગરના ગ્રીન સિટી વિસ્તારમાં આવેલા પાપા લુઈસ પિઝા પાર્લરમાં પિઝામાંથી વાળ અને જીવડું નીકળ્યાના ગ્રાહકના આક્ષેપના મામલે મહાનગરપાલિકાની ફૂડ શાખાની ટીમે તપાસ હાથ ધરી હતી. ગ્રાહકની ફરિયાદના આધારે આરોગ્ય વિભાગની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. તપાસ દરમિયાન પિઝામાં ઉપયોગમાં લેવાતા જીરાને શેકવાથી જીવાત જેવી દેખાતી હોવાનું જાણવા મળ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, શિવરાજસિંહ સોલંકી નામના ગ્રાહક બે મિત્રો સાથે ગત રાત્રે પાપા લુઈસ પિઝા પાર્લરમાં અનલિમિટેડ પિઝા ખાવા ગયા હતા. આ દરમિયાન પીરસવામાં આવેલા પિઝામાંથી પ્રથમ વાળ અને ત્યારબાદ જીવડું મળી આવ્યાનો તેમણે આક્ષેપ કર્યો હતો. આ અંગે રેસ્ટોરન્ટના સ્ટાફને રજૂઆત કરતાં સ્ટાફે પોતાની ભૂલ સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ મામલો મેનેજર સુધી પહોંચ્યો હતો.

આ ઘટનાને પગલે ગ્રાહક દ્વારા મહાનગરપાલિકાની ફૂડ શાખામાં ફરિયાદ કરતા સમગ્ર મામલો ફૂડ વિભાગના ધ્યાને આવતાં ટીમે પિઝા પાર્લર ખાતે પહોંચી તપાસ કરી હતી. અને ખાદ્ય પદાર્થોની સ્વચ્છતા અને આરોગ્યપ્રદ સ્થિતિ જાળવવાના મુદ્દે ફૂડ શાખાએ પાપા લુઈસ પિઝાના તાકીદ કરી હતી. જોકે સેફ્ટી મેન્ટેનન્સ સંબંધે તમામ જરૂરી કાર્યવાહી યોગ્ય જણાઈ હતી, પરંતુ વધુ ચોકસાઈ જાળવવાના ભાગરૂપે પીઝા પાર્લરના સંચાલકોને રૂ. ૩ હજારનો દંડ ફટકાર્યો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

બિલ્ડિંગ સ્ટ્રક્ચર્સમાં નવીનતા

જેમ જેમ ભારતમાં ઇમારતોની ઊંચાઈ વધતી જાય છે, તેમ તેમ જમીન અને આકાશ બંને પ્રત્યેની આપણી સામૂહિક જવાબદારી વધુ મહત્વપૂર્ણ બની ગઈ છે. આજે, શહેરી વિકાસ વિશેની ચર્ચાઓ મુખ્યત્વે "સ્માર્ટ" અને "લીલા" (પર્યાવરણને અનુકૂળ) બાંધકામ પર કેન્દ્રિત છે. છેલ્લા ત્રણ દાયકામાં આ ક્ષેત્રમાં એક મોટો પરિવર્તન જોવા મળ્યો છે, જ્યાં ટકાઉપણું હવે ગૌણ વિષય નથી પરંતુ તે સ્થાપત્ય ડિઝાઇન અને મકાન વ્યવસ્થાપનનો મુખ્ય ઘટક બની ગયો છે. વધતી જતી ઉર્જા કિંમતો, લાંબા ગાળાની પોષણક્ષમતા, ટકાઉપણું વચનો અને પર્યાવરણને અનુકૂળ અને ઉચ્ચ કાર્યક્ષમતા ઘરાવતી ઇમારતોની માંગ આ પરિવર્તનને આગળ ધપાવતા કેટલાક પરિબળો છે.ઇન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ અનુસાર, ગ્રીન બિલ્ડીંગો પરંપરાગત ઇમારતો કરતાં ૨૦ થી ૩૦ ટકા ઓછી ઉર્જા વાપરે છે. સરકારી સૂત્રો અનુસાર, ૨૦૩૦ સુધીમાં ઉત્સર્જનમાં ૪૫ ટકા ઘટાડો અને ૨૦૭૦ સુધીમાં કાર્બન તટસ્થતા પ્રાપ્ત કરવાના ભારતના ધ્યેયને પ્રાપ્ત કરવામાં ગ્રીન બિલ્ડીંગો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. હાલમાં, ઇન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ, ઇન્ટિગ્રેટેડ હેબિટેટ એસેસમેન્ટ માટે ગ્રીન રેટિંગ અને વૈશ્વિક સ્તરે ,એલઇઇડી (ઊર્જા અને પર્યાવરણીય ડિઝાઇનમાં નેતૃત્વ) જેવા ધોરણો અને પ્રમાણપત્રો એક માળખું પૂરું પાડે છે. આ ઉર્જા વપરાશ, પાણીનો ઉપયોગ, કચરો વ્યવસ્થાપન અને ઇન્ડોર પર્યાવરણીય ગુણવત્તા જેવા પરિમાણોના આધારે ઇમારતનું મૂલ્યાંકન કરે છે.લીલી ઇમારતો લાંબા સમયથી સૌર પેનલ્સ અને વરસાદી પાણીના સંગ્રહ પ્રણાલીઓ જેવી દૃશ્યમાન સુવિધાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. પરંતુ હવે, ટકાઉપણું પર કામ કરતી વખતે, વિકાસકર્તાઓ અને આર્કિટેક્ટ્સ ઇમારતની મુખ્ય સિસ્ટમોમાં નવી તકો શોધી રહ્યા છે. આ તે જગ્યા છે જ્યાં એલિવેટર અને એસ્કેલેટર સકારાત્મક ભૂમિકા ભજવી શકે છે. એલિવેટર અને એસ્કેલેટર ઇમારતોમાં ખૂબ ઉપયોગમાં લેવાતી સિસ્ટમો છે, જે લોકોને એક માળથી બીજા માળે લઈ જવા કરતાં ઘણું વધારે કામ કરે છે. તે ઇમારતના રોજિંદા કામકાજનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે ઉર્જા વપરાશ, રહેવાસીઓના આરામ, સુલભતા, સલામતી અને એકંદર કાર્યક્ષમતાને અસર કરે છે.સ્માર્ટ એલિવેટર ઇમારતની "સેન્ટ્રલ નર્વસ સિસ્ટમ" તરીકે કાર્ય કરી શકે છે.



સૌરાષ્ટ્રનાં ૨૨૨ રાજ્યોનું ઐતિહાસિક એકીકરણ અને અખંડ ભારતના નિર્માણમાં ભાવનગરનું પ્રેરણાદાયી પ્રદાન

ભાવનગર ૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

અખંડ ભારતનું સ્વપ્ન અને કાઠિયાવાડની ભૂમિ: સ્વતંત્રતા સંગ્રામનો ઇતિહાસ માત્ર બ્રિટિશ સામ્રાજ્ય સામેના વિજયની ગાથા નથી, પરંતુ દેશની ભૌગોલિક અને રાજકીય અખંડિતતા સ્થાપિત કરવાનો અત્યંત કપરો અને ગૌરવવંતો અધ્યાય પણ છે. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું ત્યારે સૌથી મોટો પડકાર ૫૬૫ દેશી રાજ્યો અને નાના વહીવટી એકમોને એક સૂત્રમાં પરોવવાનો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ, વી. પી. મેનન અને રાજ્ય મંત્રાલયના અથાક પરિશ્રમથી આ અસંભવ કાર્ય સંભવ બન્યું. આ સફરમાં સૌરાષ્ટ્રનું એકીકરણ રોમાંચક અને અનુકરણીય પ્રકરણ રહ્યું, જેમાં ભાવનગરના રાજવીના નિર્ણયોથી જૂનાગઢના જટિલ પ્રશ્ન સુધીની ગાથાઓ વણાયેલી છે.

સૌરાષ્ટ્રનાં ૨૨૨ રાજ્યોનું જટિલ એકીકરણ અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિ: ભાવનગરના વિલીનીકરણ અને સમગ્ર સૌરાષ્ટ્રના મહાન એકીકરણના વાસ્તવિક મહત્ત્વને સમજવા માટે તે સમયના કાઠિયાવાડની રાજકીય અને ભૌગોલિક સ્થિતિનો અભ્યાસ કરવો અનિવાર્ય બને છે. સ્વતંત્રતા પહેલાં આજના સૌરાષ્ટ્ર અને તેની આસપાસના વિસ્તારમાં અનેકવિધ કદ, સત્તા અને દરજ્જો ધરાવતાં કુલ ૨૨૨ દેશી રાજ્યો, એસ્ટેટ્સ અને નાના વહીવટી એકમો અસ્તિત્વમાં હતાં. ભારત સરકારના અધિકૃત દેશી રાજ્યો અંગેનું શ્વેતપત્રના અહેવાલ મુજબ, આ તમામ ૨૨૨ રાજ્યો અને વિસ્તારોને એક સંયુક્ત પ્રાદેશિક રાજ્યમાં જોડવાની એક વિશાળ અને અત્યંત જટિલ યોજના તૈયાર કરવામાં આવી હતી. આ વિશાળ સમૂહમાં ભાવનગર, નવાનગર (જામનગર), ગોંડલ, મોરબી, પોરબંદર, ધ્રાંગધ્રા, રાજકોટ, પાલીતાણા, વાંકાનેર, લિંબડી અને જૂનાગઢ જેવા મોટાં અને પ્રતિષ્ઠિત રાજ્યોનો સમાવેશ થતો હતો. દરેક રાજ્યની પોતાની આગવી રાજકીય પરંપરા, વિશિષ્ટ વહીવટી પદ્ધતિ, કાયદાકીય માળખું અને સ્થાનિક આર્થિક હિતો હતાં. આવી અતિ વિષમ અને વિખરાયેલી પરિસ્થિતિમાં સૌરાષ્ટ્રનું એકીકરણ માત્ર નકશા પર નાની-મોટી સરહદો ભેગી કરવાની સામાન્ય કામગીરી નહોતી. આ એકીકરણની પ્રક્રિયા સામે કેટલાક ગંભીર અને વ્યવહારુ પ્રશ્નો ઊભા હતા: ૧. જુદાં-જુદાં રાજ્યોની અનિયંત્રિત સત્તાઓ અને ભિન્ન પ્રણાલીઓને એક સમાન સંયુક્ત વહીવટી માળખામાં કેવી રીતે જોડવી? ૨. રાજવીઓની સ્વેચ્છિક સંમતિ મેળવીને શાસનતંત્રને પ્રજાકીય લોકશાહી તરફ કેવી રીતે વાળવું? ૩. દરેક રાજ્યની અલગ આવક, ખર્ચ, કર્મચારીઓ અને જાહેર સેવાઓનું યોગ્ય સંકલન કેવી રીતે સાધવું? ૪. સમગ્ર પ્રદેશમાં પરિવહન, કાયદો અને વ્યવસ્થા તેમજ વિકાસની યોજનાઓમાં એકરૂપતા કેવી રીતે લાવવી? ૫. અલગ-અલગ ક્ષેત્રોની સાંસ્કૃતિક ઓળખ અક્ષુણ્ણ રાખીને મજબૂત પ્રાદેશિક એકતા કેવી રીતે સ્થાપિત કરવી?

સરદાર વલ્લભભાઈ પટેલે આ તમામ જટિલ પ્રશ્નોના ઉકેલ માટે બળપ્રયોગને બદલે રાજવીઓ સાથે સદ્ભાવનાપૂર્ણ ચર્ચા, ન્યાયી કરારો અને મક્કમ રાજકીય સમજાવટનો માર્ગ અપનાવ્યો હતો. રાજ્ય મંત્રાલયના સક્ષમ અધિકારીઓએ આ પ્રક્રિયાને પાર પાડવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આખરે, રાજ્યોના સમૂહીકરણ માટે તૈયાર થયેલી આ દીર્ઘદ્રષ્ટિવાળી યોજનાને કારણે જ સૌરાષ્ટ્રમાં એક સંયુક્ત અને સશક્ત રાજ્યની રચના શક્ય બની શકી હતી.

સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યની ઐતિહાસિક રચના અને ભાવનગરનું સ્થાન: સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ૨૩ જાન્યુઆરી, ૧૯૪૮નો દિવસ સુવર્ણ અક્ષરે અંકિત છે, કારણ કે આ દિવસે સૌરાષ્ટ્રના સંયુક્ત રાજ્યની રચના માટેના ઐતિહાસિક કરાર પર ઔપચારિક હસ્તાક્ષર થયા હતા. ત્યારબાદ, ૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે જાતે ઉપસ્થિત રહીને આ નવા બનેલા 'સૌરાષ્ટ્ર રાજ્ય'નું ભવ્ય ઉદ્ઘાટન કર્યું હતું. આ નવા પ્રાદેશિક માળખામાં જામસાહેબ દિગ્વિજયસિંહજીને સૌરાષ્ટ્રના પ્રથમ 'રાજપ્રમુખ' તરીકેનું ગૌરવવંતુ સ્થાન મળ્યું, જ્યારે ભાવનગર સહિત કાઠિયાવાડનાં અનેક નાનાં-મોટાં રાજ્યોનું આ નવા સંઘમાં વિલીનીકરણ થયું.આ નવા પ્રાદેશિક માળખામાં ભાવનગર રાજ્ય અને તેના રાજવીને પણ યોગ્ય અને સન્માનજનક સ્થાન પ્રાપ્ત થયું હતું. ભારત સરકારના 'ઉરૌ ઁ ઠ્ઠીર્હિ ઁ હઙ્કૈઠ્ઠહ જીંઠ્ઠીજ' માં એ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે કે સૌરાષ્ટ્રના રાજવીઓની બનેલી વિશેષ પરિષદમાં નવાનગર અને ભાવનગરના રાજવીઓને કાયમી સભ્ય તરીકે સ્થાન આપવામાં આવ્યું હતું. આ જોગવાઈ સાબિત કરે છે કે ભાવનગરનું મહત્ત્વ માત્ર પોતાના પૂરતું સીમિત નહોતું, પરંતુ નવા બનેલા સંયુક્ત પ્રાદેશિક માળખાના વહીવટ અને ભવિષ્યની રૂપરેખા ઘડવામાં પણ તેની ભૂમિકા અત્યંત આદરણીય અને અગ્રેસર રહી હતી.

ભાવનગરનો ક્રાંતિકારી નિર્ણય અન્ય રાજ્યો માટે દીવાદાંડી બન્યો: ભારતના આ મહાન એકીકરણ અભિયાનમાં કોઈ એક જ રાજ્યના નિર્ણયને સમગ્ર પ્રક્રિયાનું એકમાત્ર પ્રેરક બળ ગણી શકાય નહીં. હકીકતમાં, દેશી રાજ્યોના વિલીનીકરણની આ સમગ્ર પ્રક્રિયા ખૂબ જ વ્યાપક હતી, જેમાં દરેક રાજ્યના પોતાના અલગ સંજોગો, વિશિષ્ટ વાટાઘાટો અને સ્વતંત્ર કરારો સંકળાયેલા હતા. તેમ છતાં, ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી દ્વારા લેવાયેલા સ્વયંસ્ફુર્ત અને ઉદાત્ત નિર્ણયને સમગ્ર દેશમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને પ્રેરણાદાયી ઉદાહરણ તરીકે જોવામાં આવે છે.

તે સમયગાળામાં દેશના અનેક રાજવીઓ પોતાની પરંપરાગત સત્તા, રાજ્યની તિજોરીની આવક, વહીવટી સ્વાયત્તતા અને કુટુંબના પૌરાણિક અધિકારો ગુમાવવાના ડરથી ભારે ચિંતિત હતા. તેમાંથી કેટલાક શાસકોને ભારતથી અલગ અને સ્વતંત્ર અસ્તિત્વ ટકાવી રાખવાની કલ્પના આકર્ષક લાગતી હતી. પરંતુ બીજી બાજુ, દેશની પ્રજામાં જાગતી રાજકીય ચેતના, સ્વાતંત્ર્ય આંદોલનની વ્યાપક અસર અને સમગ્ર રાષ્ટ્રમાં હિમાલય જેવી અડગ ઊભી થયેલી રાષ્ટ્રીય એકતાની ભાવનાને લાંબા સમય સુધી નજરઅંદાજ કરવી કોઈપણ શાસક માટે શક્ય નહોતું.આવી નાજુક અને સંક્રાંતિકાળની પરિસ્થિતિમાં ભાવનગરના રાજવીએ સ્વેચ્છાએ ભારત સંઘ સાથે જોડાવાનો ઐતિહાસિક નિર્ણય જાહેર કર્યો અને રાજ્યનો સમગ્ર વહીવટ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં સોંપવાની પહેલ કરી. આ ક્રાંતિકારી પગલાથી સમગ્ર દેશમાં એક એવો મજબૂત સંદેશ ગયો કે રાજવીઓની પરંપરા અને રાષ્ટ્રીય એકતા વચ્ચે કોઈ અનિવાર્ય વિરોધાભાસ નથી; જો શાસક ધારે તો તે પોતાની સત્તાના મોહનો ત્યાગ કરીને પણ રાષ્ટ્રના નવસર્જનમાં અદ્ભુત યોગદાન આપી શકે છે. સરદાર પટેલ માટે ભાવનગર જેવા મોટા રાજ્યનો આ સહકાર રાજકીય અને વ્યવહારુ દ્રષ્ટિએ ખૂબ જ ઉપયોગી સાબિત થયો, કારણ કે તેણે અન્યો માટે પણ માર્ગ મોકળો કર્યો.જૂનાગઢનો જટિલ પ્રશ્ન અને સૌરાષ્ટ્રની અખંડિતતા: વર્ષ ૧૯૪૭માં બનેલી જૂનાગઢની ઘટના ભારતના અખંડ એકીકરણની સૌથી જટિલ અને સંવેદનશીલ ઘટનાઓમાંની એક હતી. જૂનાગઢના નવાબે ભારતના પ્રવાહથી વિરુદ્ધ જઈને પાકિસ્તાન સાથે જોડાવાનો વિવાદાસ્પદ નિર્ણય લીધો હતો, જેના કારણે રાજ્યની ભૌગોલિક સ્થિતિ, સાંસ્કૃતિક વારસો અને પ્રજાની પ્રબળ રાષ્ટ્રવાદી લાગણી વચ્ચે ગંભીર સંઘર્ષ ઊભો થયો હતો.ભારત સરકારના ગૃહ મંત્રાલયના અધિકૃત દસ્તાવેજો અનુસાર, જૂનાગઢના આ જટિલ પ્રશ્નનો ઉકેલ લાવવામાં સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની અદભુત રાજકીય દ્રઢતા અને કુશળતાથી નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. ફેબ્રુઆરી ૧૯૪૮માં યોજાયેલી લોકમત પ્રક્રિયા દરમિયાન જૂનાગઢની જનતાએ ઉત્સાહથી ભારે બહુમતીથી ભારતીય સંઘ સાથે રહેવાની સ્પષ્ટ તરફેણ કરી હતી.જૂનાગઢનો પ્રશ્ન પ્રકૃતિનીઆભાર - નિહારીકા રવિયા દ્રષ્ટિએ ભાવનગરના સ્વેચ્છિક વિલીનીકરણથી તદ્દન અલગ હતો, પરંતુ બંને ઘટનાઓ અંતે સૌરાષ્ટ્રના સર્વાંગી એકીકરણના વિશાળ રાષ્ટ્રીય સંદર્ભમાં પરસ્પર ગાઢ રીતે સંકળાયેલી હતી. ભાવનગરે જ્યાં સ્વેચ્છાએ અને પ્રેમથી ભારત સાથે જોડાણનો અગ્રેસર માર્ગ સ્વીકાર્યો હતો, ત્યાં જૂનાગઢમાં વિવાદો અને જટિલતાઓનો સામનો કરવો પડ્યો હતો. આ તફાવત સ્પષ્ટ દર્શાવે છે કે દેશી રાજ્યોનું એકીકરણ કોઈ એક જ ઢાંચાથી થયું નહોતું. ક્યાંક રાજવીઓની સ્વયંભૂ સંમતિથી જોડાણ થયું, ક્યાંક લાંબી વાટાઘાટો ચાલી, તો ક્યાંક પ્રજાની પ્રબળ લાગણી અને રાજકીય પરિસ્થિતિના આધારે ક્રાંતિકારી ઉકેલ શોધવા પડ્યા હતા.જૂનાગઢના પ્રશ્નનો સુખદ અને ન્યાયી ઉકેલ આવ્યા પછી જ સૌરાષ્ટ્રના એકીકરણની મહાન પ્રક્રિયા અર્થમાં વ્યાપક અને પૂર્ણ બની. નવા બનેલા સંયુક્ત સૌરાષ્ટ્ર રાજ્યમાં કાઠિયાવાડના તમામ રાજ્યોનો સમાવેશ કરી લેવામાં આવ્યો. આમ, ભાવનગરનું પાયાનું જોડાણ અને સરદાર પટેલનું પ્રાદેશિક સંગઠનનું કાર્ય એ છૂટીછવાઈ ઘટનાઓ નહોતી, પરંતુ એક વિશાળ, ગતિશીલ અને અખંડ ઐતિહાસિક પ્રવાહના અનિવાર્ય ભાગરૂપે ઇતિહાસના પાનાં પર હંમેશાં માટે અમર થઈ ગઈ છે.

કેવું જશે આપનું આવતું અઠવાડિયું



મેષ - (અ, લ, ઈ) :- મિત્રો અને પરિવારના સભ્યોને તમારી જિંદગી ભલે ઉત્તમ નજર આવે, પરંતુ ચંદ્ર રાશિથી બૃહસ્પતિના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે હાલમાં જ બનેલી કોઈ ઘટનાના લીધે તમે અંદરથી નારાજ અને ઉદાસ હશો. આ અઠવાડિયું કોઈ પણ પ્રકારના નાના રિયલ એસ્ટેટ અને નાણાકીય લેણ-દેણ માટે, ખૂબ શુભ છે. જોકે કોઈ પણ પ્રકારના મોટા રોકાણ કરવાથી અત્યારે બચો અને જો એવું કરવું શક્ય ન હોય તો, તમને કોઈ વડીલ કે અનુભવી વ્યક્તિની મદદ લીધા પછી જ, કોઈ પણ મોટા રોકાણમાં પોતાના પૈસા લગાવવાની સલાહ આપવામાં આવે છે. આ અઠવાડિયે તમે તમારા જૂના મિત્રો કે નજીકના લોકોને, તમારી મહેફિલમાં આમંત્રણ આપી શકો છો. કારણ કે તમારી પાસે આ દરમિયાન વધારાની ઊર્જા હશે, જે તમને કોઈ પાર્ટી કે કાર્યક્રમનું આયોજન કરવા માટે પ્રેરિત કરશે. જોકે એવું કંઈપણ કરતા પહેલાં તમારા ઘરના લોકો સાથે વિચાર-વિમર્શ ચોક્કસ કરો. ચંદ્ર રાશિથી રાહુના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, વ્યાવસાયિક દ્રષ્ટિએ, તમારી રાશિના જાતકો માટે આ અઠવાડિયું ખૂબ સારું સાબિત થવાની શક્યતા છે. કારણ કે ગ્રહો આ સમયે પૂરી રીતે, તમારા પક્ષમાં નજર આવશે. જેનાથી તમારા વ્યવસાય અને કરિયરમાં તમને, ભાગ્ય અને નસીબનો ભરપૂર સાથ મળી શકશે.

વૃષભ - (બ, વ, ઉ) ચંદ્ર રાશિથી શનિના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, સ્વાસ્થ્ય રાશિફળમાં આ અઠવાડિયે તમને ઘણા, મહત્વપૂર્ણ અને સકારાત્મક ફેરફારો નજર આવી શકે છે. કારણ કે આ સમયે તમારા થોડા પ્રયાસોથી જ, તમે તમારા સ્વાસ્થ્યને સારું કરી શકો છો અને તમારું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સુંદર રહેશે. ચંદ્ર રાશિથી બૃહસ્પતિના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, જો તમે તમારા ઘરથી જોડાયેલું કોઈ રોકાણ કરવાનું વિચારી રહ્યા હતા તો, તેના માટે આ અઠવાડિયું સામાન્ય કરતાં ઘણું સારું રહેવાની આશા છે. કારણ કે આ રોકાણ તમારા માટે ફાયદાકારક તો હશે જ, સાથે જ તમે તમારા ઘરના કોઈ ભાગમાંથી ભાડા વગેરેના માધ્યમથી પણ વધારાનું ધન મેળવી શકશો. આ અઠવાડિયે ઘરના બાળકો, તમને ઘણા ઘરગથ્થુ કામકાજ પતાવવામાં તમારી મોટી મદદ કરી શકે છે. પરંતુ આ માટે તમારે મોટું મન બતાવતાં, તેમની પાસે મદદ માગવાની જરૂર રહેશે. સાથે જ સમાજમાં પણ, તમે તમારા આકર્ષણ અને વ્યક્તિત્વ દ્વારા કેટલાક નવા મિત્રો બનાવવામાં પણ સફળ થશો. આ અઠવાડિયે તમારે તમારી યોજનાઓ અને નીતિઓ પર પુનર્વિચાર કરતાં, તેમાં જરૂરી સુધારો કરવો પડી શકે છે. કારણ કે આ દરમિયાન તમારા કામના પરિણામો અને મુનાફો તમારા અનુસાર તો હશે, પરંતુ તમારા મનમાં વધુ મેળવવાની ચાહત તમને સંતોષ નહીં આપે અને તમે નિરંતર વધુ મેળવવાની ચાહતમાં પ્રયત્નશીલ જોવા મળશો. ઉચ્ચ શિક્ષણની કામના રાખનારા વિદ્યાર્થીઓને, આ અઠવાડિયે પોતાની આકાંક્ષા મુજબ જ સફળતા મળી શકે છે.

મિથુન - (ક, છ, ઘ) :- ચંદ્ર રાશિથી બૃહસ્પતિના બીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્ય રાશિફળને જોઈએ તો, તમારું સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. જેના લીધે તમે જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ જબરદસ્ત પ્રદર્શન કરી શકશો. સાથે જ આ દરમિયાન તમારા સાહસ અને આત્મવિશ્વાસમાં વધારો જોવા પણ મળશે, જેના પરિણામ સ્વરૂપ તમે તમારા જીવનથી જોડાયેલા દરેક નિર્ણયોને સરળતા સાથે લઈ શકશો, જેમને લેવામાં તમને ભૂતકાળમાં ખાસી પરેશાની થઈ રહી હતી. ચંદ્ર રાશિથી કેતુના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે નોકરીપેશા જાતકોની આવકમાં, વધારો થવાના યોગ બની રહ્યા છે. એવામાં તેમને કેટલાક નાના રોકાણોમાં પોતાના પૈસા ખર્ચ કરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે આનાથી જ તેમને આર્થિક લાભ મળવાની શક્યતા બનશે અને તેઓ પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવામાં સફળ થશે. આ અઠવાડિયું પરિવારના દ્રષ્ટિકોણથી, ખુશીઓથી ભરેલું રહેશે. કારણ કે તમારા ઘરના ઘણા સભ્યો, તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે. જેના કારણે તમે તેમના પ્રયાસો જોઈ, સ્વયં પણ ઘરના વાતાવરણને અનુકૂળ કરવાનો પ્રયત્ન કરતા જોવા મળશો.

કર્ક - (ડ, હ) :- ચંદ્ર રાશિથી બૃહસ્પતિના પ્રથમ ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્ય રાશિફળને જોઈએ તો, તમારું સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. જેના લીધે તમે જીવનના અન્ય ક્ષેત્રોમાં પણ જબરદસ્ત પ્રદર્શન કરી શકશો. સાથે જ આ દરમિયાન તમારા સાહસ અને આત્મવિશ્વાસમાં વધારો જોવા પણ મળશે, જેના પરિણામ સ્વરૂપ તમે તમારા જીવનથી જોડાયેલા દરેક નિર્ણયોને સરળતા સાથે લઈ શકશો, જેમને લેવામાં તમને ભૂતકાળમાં ખાસી પરેશાની થઈ રહી હતી. અગાઉના સમયમાં તમારા દ્વારા કરવામાં આવેલા દરેક પ્રકારના પ્રોપર્ટીથી જોડાયેલા લેણ-દેણ, આ અઠવાડિયે પૂરા થવાની શક્યતા છે. જેનાથી તમને લાભ પહોંચશે, સાથે જ તમે આનાથી પોતાના ભવિષ્યને સુરક્ષિત કરવામાં પણ ઘણા હદ સુધી સફળ રહેશો. ચંદ્ર રાશિથી શનિના નવમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે ઘરના સભ્યો સાથે બહાર ખાવાનું અથવા ફિલ્મ જોવી, તમને સુકૂન આપશે અને ખુશમિજાજ બનાવશે. સાથે જ જેમને તમે ચાહો છો, તેમની સાથે આ દરમિયાન ભેટ-સોગાદોની લેવડ-દેવડ કરવા માટે પણ, આ અઠવાડિયું વિશેષ સારું રહેવાનું છે. આ અઠવાડિયે એવું પ્રતીત થશે કે, થોડા સમય માટે તમે એકદમ એકલા છો.

સિંહ - (મ, ટ) :- ચંદ્ર રાશિથી શનિના આઠમા ભાવમાં સ્થિત હોવાને કારણે આ અઠવાડિયે તમારી સેહત તમારા જ હાથમાં હશે. તેથી તમારી માનસિક સ્થિતિને સારી કરવા માટે, આ દરમિયાન ધ્યાન અને યોગનો નિયમિત રીતે અભ્યાસ કરો અને વાસી ભોજનથી પરહેજ કરો. આ સમયે તમારા માટે શારીરિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો પણ, ખૂબ સારો રહેવાનો છે. આ અઠવાડિયે તમને કોઈ મોટી ડીલ થવાથી, કોઈ મોટો ફાયદો મળી શકે છે. આ કારણે તમે તમારા માટે, કોઈ કિંમતી સામાનની ખરીદી પણ કરી શકો છો. પરંતુ તમારે થોડું સાવધાન રહેવાની પણ જરૂર રહેશે, કારણ કે આશંકા છે કે તે કિંમતી સામાન તમારાથી ખોવાઈ જાય કે ચોરી થઈ જાય. આનાથી તમને મોટું આર્થિક નુકસાન થઈ શકે છે. આ સમયગાળામાં તમે તમારા ઘરગથ્થુ કાર્યોની સાથે-સાથે, ઘણા સામાજિક કાર્યોમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લેશો અને પરિજનો સાથે કોઈ તીર્થયાત્રા પર જવાનો પ્લાન પણ કરશો. આનાથી તમને આત્મવિશ્લેષણ કરવાનો અવસર પ્રાપ્ત થઈ શકશે. આ અઠવાડિયે કામને લઈને, તમારામાં ઉત્સાહ અને ઊર્જાની કમી જોવા મળશે. જેની સીધી અસર તમારા કરિયર પર દેખાશે.

કન્યા - (પ, ઠ, ણ) :- ચંદ્ર રાશિથી કેતુના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ રાશિના જાતકોને આ અઠવાડિયે, નાની-મોટી સ્વાસ્થ્ય સમસ્યાઓ સિવાય, કોઈ પણ મોટો રોગ થવાની આશંકા નહિવત જ રહેશે. જોકે કોઈ પણ મોસમી બીમારી થવા પર ઘરે જાતે જ પોતાનો ઈલાજ ન કરતાં, તમને ડોક્ટરની સલાહ વગર દવા ન ખાવાની સૂચના આપવામાં આવે છે. જો તમે તમારા ધનને સંચિત કરવા માટે કોઈ સારું રોકાણ કરવાનું વિચારી રહ્યા હતા તો, તમારે આ અઠવાડિયે એવું કંઈપણ કરવાથી બચવું જોઈએ. કારણ કે યોગ બની રહ્યા છે કે તમારા દ્વારા કરવામાં આવેલું આ ધન રોકાણ તમને ઈચ્છાનુસાર મુનાફો ન આપી શકે. સાથે જ તેમાં ફસાવાના પણ યોગ મજબૂત બનતા દેખાઈ રહ્યા છે. આ અઠવાડિયે શક્ય છે કે ઘર-પરિવારમાં બીજા સભ્યો વચ્ચે પારિવારિક કલેશ થાય, જેના કારણે પારિવારિક શાંતિ ભંગ પણ થઈ શકે છે. જોકે આ દરમિયાન તમને બીજાના મામલાઓમાં દખલ દેવાથી બચવાની જ સૂચના આપવામાં આવે છે, અન્યથા તેમના વિવાદમાં તમે પણ ફસાઈ શકો છો. ચંદ્ર રાશિથી શનિના બારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, કરિયરમાં તમે ભૂતકાળમાં જે ગતિ પકડી હતી, આ અઠવાડિયે તેના પર બ્રેક લાગવાના યોગ બની રહ્યા છે.

તુલા - (ર, ત) :- ચંદ્ર રાશિથી રાહુના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને સારા સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે, તમારી સવારની શરૂઆત કસરતથી કરવી પડશે. કારણ કે આ વાત તમારે પણ સમજવી પડશે કે આ જ સમય છે જ્યારે તમે તમારા વિશે સારું અનુભવવાની શરૂઆત કરી શકો છો. એવામાં આ ફેરફારને રોજિંદા પોતાની દિનચર્યામાં સામેલ કરો, અને તેને નિયમિત રાખવાની કોશિશ કરો. ચંદ્ર રાશિથી કેતુના અગિયારમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમારામાં રચનાત્મક વિચારોની વૃદ્ધિ થશે, જેનાથી તમે ઘણા પૈસા કમાવાના નવા મોકા શોધતાં, સારો મુનાફો કમાઈ શકશો. જોકે આ દરમિયાન દરેક દસ્તાવેજ પર હસ્તાક્ષર કરતા પહેલાં, તમને તેમને તસલ્લીપૂર્વક શાંતિથી વાંચવાની સલાહ પણ આપવામાં આવે છે. શક્યતા છે કે આ અઠવાડિયે ઘરના કોઈ સભ્યની સલાહ તમને વધારાનું ધન કમાવવામાં મદદ કરશે, જેનાથી તમારું મન પ્રસન્ન થશે. સાથે જ તમે ઘરના સભ્યો પર ખુલીને ખર્ચ કરતા તથા તેમના માટે ભેટ-સોગાદો લેતા પણ જોવા મળશો. આ અઠવાડિયે કાર્યક્ષેત્રમાં પરિસ્થિતિઓ, પૂરી રીતે તમારા પક્ષમાં હશે.

વૃશ્ચિક - (ન, ય) :- ચંદ્ર રાશિથી શનિના પાંચમા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે વ્યસ્ત દિનચર્યા છતાં, તમારી સેહત સામાન્ય કરતાં સારી રહેશે. પરંતુ આને હંમેશાં માટે સાચું માનવાની ભૂલ ન કરતાં, સેહત પ્રત્યે બેદરકારી ન દાખવો. એવામાં તમારી જિંદગી અને સેહતનો આદર કરો, અને સારી દિનચર્યાને અપનાવો. અન્યથા તમારે ભવિષ્યમાં કેટલીક પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે. ચંદ્ર રાશિથી રાહુના ચોથા ભાવમાં સ્થિત હોવાને કારણે, જો તમે ભૂતકાળમાં કોઈ ધન રોકાણ કર્યું હતું તો, આ અઠવાડિયે તે તમારી પરેશાનીનું મુખ્ય કારણ બની શકે છે. કારણ કે તમને આનાથી આર્થિક નુકસાન થઈ શકે છે. તેથી તમારા માટે ઉત્તમ એ જ રહેશે કે કોઈ પણ નિર્ણય ઉતાવળમાં ન લેતાં, ખૂબ વિચારી-સમજીને જ લો. આ અઠવાડિયે તમારે તમારા અંગત જીવનમાં, ભૂતકાળના કોઈ રહસ્યના ઉજાગર થવાથી કંઈક પરેશાનીઓનો સામનો કરવો પડી શકે છે.

ધન - (ભ, ધ, ફ, ઢ) :- તમારું ભવિષ્યફળ સંકેત આપે છે કે તમારા દ્વારા વધુ ચરબીયુક્ત ભોજનથી પરહેજ કરવો તથા તમારી સંતુલિત દિનચર્યાની અસર, આ અઠવાડિયે તમારા સ્વાસ્થ્ય પર સકારાત્મક રીતે જોવા મળશે અને આનાથી તમારા મેદસ્વિતામાં પણ ઘટાડો આવશે. ચંદ્ર રાશિથી રાહુના ત્રીજા ભાવમાં સ્થિત હોવાને કારણે, આ અઠવાડિયે તમને તમારા ધનની બચત કરવાની સૌથી વધુ જરૂર હશે, કારણ કે યોગ બની રહ્યા છે કે આ અઠવાડિયે કોઈ લેણદાર તમારા દરવાજે આવી શકે છે અને તમારી પાસે પૈસા માગી શકે છે. એવામાં જો તમે તેમને પૈસા પાછા આપી દીધા તો તમે આર્થિક તંગીમાં આવી શકો છો, અને જો પૈસા નહીં આપો તો આનાથી તમારી પ્રતિષ્ઠા પ્રભાવિત થઈ શકે છે.પારિવારિક જીવનને સુંદર બનાવવા માટે, તમે આ અઠવાડિયે તમારી તરફથી પ્રયાસ કરતા જોવા મળશો. આ દરમિયાન માતા-પિતાના સ્વાસ્થ્યમાં સુધારો આવશે, જેનાથી

ગિરનારની લીલી પરિક્રમા : આસ્થા સાથે પ્રકૃતિના સાનિધ્યનો અવસર



લીલી પરિક્રમા એ માત્ર પગપાળા ચાલવાની કસોટી નથી, પરંતુ શહેરી ભાગદોડથી દૂર રહીને કુદરતની નજીક જવાનો અને જાતને ઓળખવાનો અવસર છે.ગિરનાર અભયારણ્ય એશિયાટિક સિંહો, દીપડા અને સેંકડો દુર્લભ પક્ષીઓનું ઘર છે. જ્યારે લાખો લોકો એકસાથે જંગલમાં પ્રવેશે છે, ત્યારે પ્રકૃતિની જાળવણી કરવી એ દરેક યાત્રાળુની નૈતિક ફરજ બની રહે છે.

વાત અને વિચાર

ગરવા ગઢ ગિરનારની ગોદમાં દર વર્ષે કારતક સુદ અગિયારસ (દેવઉઠી એકાદશી) થી પૂનમ સુધી યોજાતી 'લીલી પરિક્રમા' માત્ર એક ધાર્મિક યાત્રા નથી, પરંતુ માનવ, આસ્થા અને પ્રકૃતિના અદભુત મિલનનો મહોત્સવ છે. જૂનાગઢના ભવનાથ તળેટીથી શરૂ થતી ૩૬ કિલોમીટરની આ પદયાત્રામાં લાખો શ્રદ્ધાળુઓ ગિરનારના ગાઢ જંગલો, પહાડી કેડીઓ અને ઝરણાંઓ વચ્ચેથી પસાર થઈને આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરે છે.

ગિરનાર પર્વત અને તેની આસપાસનું ગાઢ વન એ માત્ર પ્રાકૃતિક સ્થળ નથી,આધ્યાત્મિક દૃષ્ટિએ તેનું આગવું મહત્વ છે.

શાસ્ત્રો અને લોકવાયકાઓ મુજબ ગિરનાર પર્વત પર તેત્રીસ કરોડ દેવી-દેવતાઓ, નવનાથ અને ચોરાસી સિદ્ધોનો વાસ માનવામાં આવે છે. એવી માન્યતા છે કે ભગવાન શ્રીકૃષ્ણ, પાંડવો અને ગુરુ દત્તાત્રેય સહિત અનેક ઋષિ-મુનિઓએ ગિરનારની પરિક્રમા કરી હતી. કારતક સુદ એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ યોગનિદ્રામાંથી જાગે છે, તે શુભ અવસરે ગિરનારની પ્રદક્ષિણા કરવાથી અનંત પુણ્ય મળે છે તેવી શ્રદ્ધા ભક્તોને અહીં ખેંચી લાવે છે.

લીલી પરિક્રમાના માર્ગ પર ઠેર-ઠેર ચાલતા અન્નક્ષેત્રોમાં "હરિહર" ના નાદ સાથે નિઃસ્વાર્થ ભાવે પીરસાતું ભોજન અને રાત્રિના સમયે ગૂંજતા સંતવાણીના સૂર સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દે છે.

ચોમાસાની વિદાય બાદ કારતક મહિનામાં ગિરનારનું જંગલ નવપલ્લવિત થઈને લીલુંછમ બની જાય છે, તેથી જ આ યાત્રાને 'લીલી પરિક્રમા' કહેવામાં આવે છે. સામાન્ય દિવસોમાં વન્યજીવોના સંરક્ષણ માટે બંધ રહેતો આ અભયારણ્ય વિસ્તાર વર્ષમાં માત્ર આ પાંચ દિવસ માટે જ ભક્તો માટે ખુલ્લો મૂકવામાં આવે છે.

પરિક્રમાનો મુખ્ય રૂટ ચાર મહત્વના પડાવોમાંથી પસાર થાય છે,પ્રથમ પડાવ ભવનાથ તળેટી થી જીણાબાવાની મઢીઃ સુધીનો છે. યાત્રાની શરૂઆત ઢોળાવવાળા રસ્તાઓ અને ઈંટવા ઘોડી જેવા કપરા ચઢાણથી થાય છે.બીજો પડાવ જીણાબાવાની મઢી થી માળવેલા સુધી છે, અહીંથી જંગલ વધુ ગાઢ બને છે. ઊંચા વૃક્ષો, વાંસના ઝુંડ અને ઔષધીય વનસ્પતિઓની સુગંધ યાત્રાળુઓનો થાક ઉતારી દે છે.

ત્રીજા તબક્કામાં માળવેલા થી બોરદેવી જવા માટે નળપાણીની ઘોડી ચઢીને બોરદેવી માતાજીના મંદિરે પહોંચતા શ્રદ્ધાળુઓ પ્રકૃતિના સૌંદર્યથી મંત્રમુગ્ધ થઈ જાય છે.અને છેલ્લે બોરદેવી થી ભવનાથ તળેટી સુધીના અંતિમ તબક્કામાં પરિક્રમા પૂર્ણ કરી ભક્તો દામોદર કુંડમાં સ્નાન કરીને ધન્યતા અનુભવે છે.

ગિરનાર અભયારણ્ય એશિયાટિક સિંહો, દીપડા અને સેંકડો દુર્લભ પક્ષીઓનું ઘર છે. જ્યારે લાખો લોકો એકસાથે જંગલમાં પ્રવેશે છે, ત્યારે પ્રકૃતિની જાળવણી કરવી એ દરેક યાત્રાળુની નૈતિક ફરજ બની રહે છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, જંગલમાં કચરો ન ફેંકવો અને વન્યજીવોની શાંતિમાં ખલેલ ન પહોંચાડવી એ જ સાચી પરિક્રમા અને પ્રકૃતિની સાચી પૂજા છે.લીલી પરિક્રમા એ માત્ર પગપાળા ચાલવાની કસોટી નથી, પરંતુ શહેરી ભાગદોડથી દૂર રહીને કુદરતની નજીક જવાનો અને જાતને ઓળખવાનો અવસર છે. "જય ગિરનારી" ના નાદ સાથે જ્યારે ભક્તો પહાડોની કેડીઓ પર ડગલાં માંડે છે, ત્યારે આસ્થા અને પ્રકૃતિ વચ્ચેનો સેતુ વધુ મજબૂત બને છે. જય ગીરનારી.

જમીનના વિવાદમાં બોડી બિલ્ડરની સરાજાહેર ક્રૂરતા પૂર્વક કરવામાં આવી હત્યા





નવા આગ્રા વિસ્તારમાં સગા ભાઈઓ વચ્ચે ૧૨૦ ગજ જમીન માટે ચાલતા વિવાદનો આવ્યો લોહિયાળ અંત : સગા ભાઈ અને ભત્રીજાએ પથ્થરથી માથું ફોડી પહેલવાનની કરી હત્યા

ક્રાઈમ સ્ટોરી

નવા આગ્રાના સુરેશનગરમાં બોડીબિલ્ડર શાહિદ કુરેશી ઉર્ફે ગુડ્ડુ પહેલવાન (૪૯) ની ૧૨૦ ગજ જમીનના પ્લોટ પર પથ્થરથી માથું કચડીને હત્યા કરવામાં આવી હતી. પરિવારે મૃતકના ભાઈ અને ભત્રીજાઓ પર હત્યાનો આરોપ લગાવ્યો છે.

નવા આગ્રાના સુરેશ નગરમાં ૧૨૦ ગજ જમીનના પ્લોટ પર શાહિદ કુરેશી ઉર્ફે ગુડ્ડુ પહેલવાન (૪૯) ની હત્યા કરવામાં આવી હતી. એવો આરોપ છે કે તેના ભાઈ અને ભત્રીજાએ ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન જતા રસ્તામાં તેને ઘેરી લીધો હતો અને તેને માર માર્યો હતો. ત્યારબાદ રસ્તા પર પડેલા ભારે પથ્થરથી તેના માથા પર માર મારવામાં આવ્યો હતો, જેનાથી પહેલવાનનો જડબા અને આંખો બહાર નીકળી ગઈ હતી. તેના દાંત તૂટી ગયા હતા અને જમીન પર વિખેરાઈ ગયા હતા. રસ્તાની વચ્ચે વહેલી સવારે થયેલી આ હત્યાથી વિસ્તારમાં ભય ફેલાયો હતો. જ્યારે પરિવારના સભ્યો આવ્યા ત્યારે આરોપીઓએ તેમને ધમકી આપી અને ભાગી ગયા. મૃતકે એક દિવસ પહેલા પોલીસ ફરિયાદ નોંધાવી હતી, પરંતુ તેની કોઈ સુનાવણી થઈ ન હતી, જેના કારણે લોકોમાં રોષ ફેલાયો હતો.

લશ્કરપુરના સુરેશ નગરના ગુમ્મટનો રહેવાસી શાહિદ કુરેશી ઉર્ફે ગુડ્ડુ પહેલવાન બોડીબિલ્ડર અને જીમમાં ટ્રેનર હતો. તેણે આઠ મહિના પહેલા નોકરી છોડી દીધી હતી અને હાલમાં તે અબુલ ઉલ્લાહ દરગાહ પાસે ફૂલો અને માળા વેચે છે. પુત્ર અઝાને સમજાવ્યું કે તેની પાસે ઘરની પાછળ ૧૨૦ ચોરસ યાર્ડ જમીન હતી. તેના પિતાનો તેના મોટા ભાઈ અફસર ઉર્ફે લાલા અને નાના ભાઈ બંટી કુરેશી સાથે આ જમીન પર વિવાદ હતો. તે કોર્ટમાં કેસ પણ જીતી ગયો હતો. આમ છતાં, બંને ભાઈઓ તેને હેરાન કરી રહ્યા હતા. તેના પિતાએ ઘણા વર્ષો પહેલા કોઈક રીતે જમીન વેચી દીધી હતી, પરંતુ તેમ છતાં, તેઓ હજી પણ કબજો મેળવવાનો પ્રયાસ કરી રહ્યા હતા.મૃતકના પુત્ર અઝાને જણાવ્યું હતું કે સોમવારે સવારે, તેના કાકા અફસર અને તેના કાકા બંટી અન્ય લોકો સાથે આવ્યા. તેઓ જમીન પર કબજો કરવા લાગ્યા. તેઓ પોતાની સાથે દરવાજા અને દરવાજાના ચોકઠા લાવ્યા હતા અને મજૂરો રાખવા માંગતા હતા. તેના પિતા શાહિદ અને અન્ય લોકોએ વિરોધ કર્યો. મહિલાઓ વચ્ચે ઝઘડો થયો. આ પછી, તેના પિતા અને એક મિત્ર નવા આગ્રા પોલીસ સ્ટેશન ગયા. તેમણે પોલીસમાં ફરિયાદ કરી, પરંતુ તેમની ફરિયાદને અવગણવામાં આવી. પોલીસે તેમને કાર્યવાહી કરવાનું વચન આપીને પાછા મોકલી દીધા. એસીપી હરિપર્વત ઓફિસ ગયા. ત્યારબાદ પોલીસ આવી, પરંતુ બીજા પક્ષ સાથે વાત કર્યા પછી પાછા ફર્યા. આ બાબતને હળવાશથી લેવામાં આવી હોત. જો પોલીસ પહેલા દિવસે સક્રિય રહી હોત, તો તેમની સાથે હળવાશથી વર્તાઈ હોત. જો તેઓ કાર્યવાહી કરે તો તેમના પિતાનો જીવ બચી ગયો હોત. જોકે, એસીપી હરિપર્વત બજરંગ પ્રસાદ કહે છે કે કોઈ પોલીસ સ્ટેશન કે તેમની ઓફિસમાં આવ્યું ન હતું. જો તેઓ આવ્યા હોત તો કડક કાર્યવાહી કરવામાં આવી હોત.મૃતકના પરિવારના જણાવ્યા મુજબ, સોમવારે આખો પરિવાર જમીન પચાવી પાડવાના ડરથી આખી રાત જાગતો રહ્યો. મંગળવારે સવારે ૮:૩૦ વાગ્યે, અફસર, બંટી, તેના પુત્રો મહેતાબ અને આફતાબ, અફસરની પત્ની અસ્મીન અને અન્ય લોકો આવ્યા. તેઓએ ફરી એકવાર જમીન પર કબજો કરવાનું શરૂ કર્યું. તેઓએ દલીલો અને ધક્કામુક્કી શરૂ કરી. આ જોઈને, શાહિદ તેના મિત્ર દિલશાદ સાથે તેના સ્કૂટર પર બેસીને પોલીસ સ્ટેશન જઈ રહ્યા હોવાનું કહીને નીકળી ગયો. જોકે, આરોપીઓએ તેમને ૧૫૦ મીટર દૂર ઘેરી લીધા. તેઓએ શાહિદને જમીન પર પછાડી દીધો, માર માર્યો અને ગટરમાં ફેંકી દેવાનો પ્રયાસ કર્યો. શાહિદે આરોપીઓનો પણ સામનો કર્યો, અને તે જ સમયે અફસર અને આફતાબે ગુનો કર્યો. શાહિદને ખૂબ લોહી વહેતું હોવાથી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો. ત્યાંથી તેને જિલ્લા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો. જ્યારે તેની હાલત વધુ ખરાબ થઈ, ત્યારે તેને દિલ્હી ગેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો.

પરિવારે અહેવાલ આપ્યો કે શાહિદને ચાર ભાઈઓ હતા. તેમાં વરિષ્ઠ અધિકારી, નાના ભાઈ અતીક, શાહિદ અને બંટી કુરેશીનો સમાવેશ થાય છે. શાહિદને અતીકનો ટેકો હતો. આરોપીઓએ તેના ઘર પર પણ કબજો જમાવ્યો છે. શાહિદને ત્રણ પુત્રો, અઝાન, ફૈઝ અને ઝૈદ અને એક પુત્રી છે. તેના પિતા, રિશનું ૨૦૧૬ માં અવસાન થયું. તેની પત્ની, નાઝનીન, તેના પતિની હત્યા પછી બેહોશ થઈ ગઈ હતી, અને પરિવારની મહિલાઓ કોઈક રીતે તેને સાંત્વના આપી રહી હતી.

એસીપી હરિપર્વત બજરંગ પ્રસાદે જણાવ્યું કે દિલશાદની ફરિયાદના આધારે એફઆઈઆર નોંધવામાં આવી છે. તેના ભાઈ, અફસર અને ભત્રીજાઓ, મહેતાબ અને આફતાબ પર હત્યાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપીને પકડવા માટે એક ટીમ તૈનાત કરવામાં આવી છે. ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન આવવાની પુષ્ટિ થઈ નથી. પોલીસ તરફથી કોઈ બેદરકારી મળી નથી. શાહિદ અલીની હત્યા બાદ, પોલીસે તેના મિત્ર દિલશાદની ફરિયાદના આધારે ફ્રેંઈ નોંધી છે. શાહિદના પુત્ર ઝૈદે આનો વિરોધ કર્યો છે, અને દલીલ કરી છે કે પરિવાર પાસેથી ફરિયાદ મેળવવી જોઈતી હતી. સુરેશ નગર વિસ્તાર ગીચ વસ્તી ધરાવતો છે અને મિશ્ર વસ્તી ધરાવે છે. મંગળવારે ધોળા દિવસે થયેલી ક્રૂર હત્યા બાદ, લોકો ભીડ એકઠી થઈ ગઈ. શાહિદનો મૃતદેહ લોહીથી લથપથ જોઈને લોકો ગભરાઈ ગયા. ઘણી મહિલાઓએ ઉલટી કરી. સમગ્ર વિસ્તારમાં લોકો ઘટનાની ચર્ચા કરતા રહ્યા. ધોળા દિવસે થયેલી હત્યા બાદ, શાહિદના પુત્રએ ખુલાસો કર્યો કે આરોપી, અફસર, જેને લાલા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ભાજપ નેતા હોવાનો દાવો કરતો હતો. તે વિસ્તારના લોકોને ડરાવતો હતો. તેણે પાર્ટીના નામે પોલીસ સાથે પણ સાંઠગાંઠ કરી હતી. એક વર્ષ પહેલા, તેણે બે હિસ્ટ્રીશીટર ભાઈઓ તરફથી ધમકીઓ મેળવવાની પણ વ્યવસ્થા કરી હતી.ઘટના બાદ, પોલીસે ભાગી ગયેલા આરોપીઓને શોધવા માટે દરોડા પાડવાનું શરૂ કર્યું. ઘટનાસ્થળ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી રેકોર્ડિંગ્સની તપાસ કરવામાં આવી રહી છે જેથી અન્ય લોકોની સંડોવણી નક્કી કરી શકાય. પોલીસે ઘટનાસ્થળને સીલ કરી દીધું છે અને ફોરેન્સિક ટીમ દ્વારા પુરાવા એકત્રિત કર્યા છે. પૂછપરછ માટે કેટલાક નજીકના સાથીઓની અટકાયત કરવામાં આવી છે.

ઉત્તરપ્રદેશમાં ભાજપનું વિકાસની સાથે હિન્દુત્વ કાર્ડ

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભાજપ માત્ર વિકાસના કામો પર નિર્ભર રહેવાને બદલે હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને કાયદો-વ્યવસ્થાના મુદ્દાઓને મુખ્ય હથિયાર બનાવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

રાજકારણ

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીને લઈને રાજ્યનું રાજકીય વાતાવરણ ગરમાવા લાગ્યું છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) આગામી ચૂંટણીમાં સમાજવાદી પાર્ટી (સપા) ના 'પીડીએ' (પિછડા, દલિત, અલ્પસંખ્યક) સમીકરણનો સામનો કરવા માટે ફરી એકવાર આક્રમક રીતે હિન્દુત્વ અને વિકાસના એજન્ડાને આગળ વધારવાની રણનીતિ બનાવી રહી છે.

તાજેતરમાં મથુરામાં યોજાયેલી ભાજપની બે દિવસીય 'યોજના બેઠક'માં આગામી ચૂંટણી પ્રચારની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે, જેમાં હિન્દુત્વ, કાયદો અને વ્યવસ્થા તથા મતદાર યાદી સુધારણા જેવા મુખ્ય મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે.

અયોધ્યા બાદ હવે મથુરા અને શ્રીકૃષ્ણ જન્મભૂમિનો મુદ્દો ફરી ચર્ચામાં આવ્યો છે. મથુરામાં બેઠક યોજીને ભાજપે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે પાર્ટી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને હિન્દુ ઓળખના મુદ્દાઓને ચૂંટણી પ્રચારના કેન્દ્રમાં રાખશે. નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય સહિતના નેતાઓના નિવેદનો પણ આ જ દિશા તરફ ઈશારો કરે છે.

ભાજપ તેના પ્રચારમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવને "હિન્દુ વિરોધી" અને "ગુંડાઓના રક્ષક" તરીકે રજૂ કરવાની યોજના ધરાવે છે. યોગી આદિત્યનાથ સરકારની કાયદો-વ્યવસ્થાની કામગીરીની સરખામણી અગાઉની સપા સરકારના શાસન સાથે કરીને 'જન ચૌપાલ' (નાની જાહેર સભાઓ) દ્વારા લોકો સુધી પહોંચવાનો પ્લાન તૈયાર કરાયો છે.

ભાજપે સંગઠનાત્મક સ્તરે એવી બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું છે જ્યાં અગાઉ હિન્દુ મતદારોના નામ યાદીમાંથી કમી થયા હતા. પાર્ટીએ ૪૦ થી ૮૦ લાખ જેટલા મતદારોના નામ ફરી ઉમેરવાનો અને મહિલા તથા યુવા મતદારોની નોંધણી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો છે.



બીજી તરફ, સમાજવાદી પાર્ટી અને અન્ય વિપક્ષી દળો ભાજપની આ રણનીતિનો સામનો કરવા માટે જાતિગત સમીકરણો અને સ્થાનિક મુદ્દાઓ પર ભાર મૂકી રહ્યા છે. અખિલેશ યાદવ પછાત વર્ગ, દલિત અને લઘુમતી મતદારોને એકજૂટ કરીને ભાજપના હિન્દુત્વના વોટબેંકમાં ગાબડું પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે. સમાજવાદી પાર્ટી પણ હિન્દુ મતદારોને આકર્ષવા માટે ભગવાન કૃષ્ણના પ્રતીકો અને સામાજિક ન્યાયના મુદ્દાઓનો ઉપયોગ કરી રહી છે.

રાજકીય વિશ્લેષકોના મતે, ભાજપ સામે માત્ર વિપક્ષ જ નહીં, પરંતુ પાર્ટીના પાયાના કાર્યકરોમાં રહેલી નારાજગી દૂર કરવાનો અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં થયેલા નુકસાનની ભરપાઈ કરવાનો પણ મોટો પડકાર છે. આથી જ, રાષ્ટ્રીય નેતૃત્વ દ્વારા કાર્યકરોને સર્વોપરી રહેવાને બદલે હિન્દુત્વ, રાષ્ટ્રવાદ અને કાયદો-વ્યવસ્થાના મુદ્દાઓને મુખ્ય હથિયાર બનાવશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. જોકે, આ ચૂંટણીમાં ભાજપનો હિન્દુત્વનો એજન્ડા સફળ રહેશે કે પછી વિપક્ષના જાતિગત સમીકરણો અને મોંઘવારી-બેરોજગારી જેવા મુદ્દાઓ હાવી થશે, તે આગામી સમયની રાજકીય ગતિવિધિઓ પર નિર્ભર રહેશે.

શબ્દ શોધો

બ	રા	બ	ર	ઇ	વિ	ધ	ક	ગી	ફ	ગી	ઈ
તુ	ર	ઉ	મ	શિ	વ	ધ	પ્ર	કી	ર	જી	ભા
કા	કા	ગ	હિ	ળ	બ	ચી	વ	ધ	જ	તી	ન
બા	લ	ફ	મા	ર	મા	કા	ગ	ધ	ગ	ક્ષ	ર
બા	આ	ઇ	ક્ષ	ધ	બા	શિ	જ	ળ	ર	દ	ભો
આ	પ્રા	ચી	વ	વા	સ	બા	જ	ભ	ક	ણા	બ
ક	ર	ન	બં	કા	મા	કા	ઐ	મો	મ	સ	અ
પ્ર	બા	દ	બા	કી	લ	કુ	મા	સ	આ	રો	અં
ર	સા	બં	ભા	ધ	બા	બ	આ	પ્ર	મા	દ	ધ
ભો	રા	દ	અઃ	ક	બા	સ	ક્ષ	મા	દ	મ	કા
સા	ર	ગ	પ્રા	મા	ણિ	ક	મા	મા	ઓ	ઊ	સા
કા	ન	લ	ધ	ળ	ચા	ઓ	ણ	ગી	ધ	ર	ગં

શબ્દ શોધો

પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા

દેવઊઠી અગિયારસ અને તુલસીવિવાહનું મહત્વ

યોગાનિદ્રામાં પોઢનાર શ્રી વિષ્ણુ કાર્તિક સુદ એકાદશીના દિવસે જાગૃત થાય છે.યોગનિદ્રામાંથી જાગૃત થતા જ પરમાત્માના વિવાહ તુલસી (વૃંદા) સાથે કરવામાં આવે છે.કેટલું અદ્ભુત વિજ્ઞાન! આસ્થાની સાથોસાથ આધ્યાત્મિકતાનું ઉત્તમ ઉદાહરણ એટલે પ્રભુ શ્રીહરિના વિવાહનો અવસર

ધર્મદર્શન

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને ગીતાનું જ્ઞાન આપ્યું છે.કર્મયોગ અને સાંખ્યયોગ સાથે આધ્યાત્મિક પાસાઓ અને પ્રકૃતિનું અદ્ભુત નિરૂપણ કર્યું છે.માનવ શરીર એ માત્ર હાડ અને માંસનો પિંડ જ નહીં પરંતુ પ્રકૃતિ અને પુરુષે સર્જેલી એક આગવી કૃતિ છે.ભક્તિ સાથે જ્ઞાન પણ આવશ્યક છે.આથી જ અર્જુનના સવાલના જવાબ રૂપે પ્રભુ શ્રીકૃષ્ણએ શરીર (ક્ષેત્ર) અને શરીરને જાણનાર (ક્ષેત્રજ્ઞ) નું



વર્ણન કર્યું છે.ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞને જાણનાર સાધકને ખરો જ્ઞાની કહ્યો છે.હિન્દુ ધર્મના વેદ અને ગ્રંથો,પુરાણો અને ઉપનિષદોમાં અંતે તો ઈશ્વર અને તેની પ્રકૃતિએ સર્જેલા બ્રહ્માંડનું રહસ્ય ઉજાગર કરવામાં આવ્યું છે.હિન્દુ ધર્મમાં આ તમામ બાબતોને લોકજીવન સાથે વણી લેવામાં આવી છે.હાલમાં ભગવાન શ્રીહરિની આરાધના માટે ઉત્તમ તેવો કાર્તિક માસ ચાલી રહ્યો છે.કાર્તિક માસમાં ભગવાન વિષ્ણુની ભક્તિની સાથોસાથ તેમને અતિ પ્રિય એવી તુલસીનું આગવું મહત્વ વર્ણવવામાં આવ્યું છે.વર્ષાઋતુના સાડાચાર મહિના સુધી યોગાનિદ્રામાં પોઢનાર શ્રી વિષ્ણુ કાર્તિક સુદ એકાદશીના દિવસે જાગૃત થાય છે.યોગનિદ્રામાંથી જાગૃત થતા જ પરમાત્માના વિવાહ તુલસી (વૃંદા) સાથે કરવામાં આવે છે.કેટલું અદ્ભુત વિજ્ઞાન! આસ્થાની સાથોસાથ આધ્યાત્મિકતાનું ઉત્તમ ઉદાહરણ એટલે પ્રભુ શ્રીહરિના વિવાહનો અવસર.વર્ષાઋતુ પૂર્ણ થયા બાદ શરદઋતુમાં મિશ્ર વાતાવરણ હોવાથી ઉદ્ભવતી શારીરિક તકલીફો અને જઠરના અગ્નિને પ્રજ્વલિત કરવા માટે તુલસી એક ઉત્તમ ઔષધ ગણાય છે.હિન્દુ શાસ્ત્રો ઔષધિઓ અને તેના દેવતાઓને ધર્મ સાથે જોડે છે.વર્ષાઋતુ દરમિયાન જઠરાગ્નિ સ્વરૂપે રહેલા ઈશ્વર યોગનિદ્રામાં હોવાથી અગ્નિ ઠંડો પડી ગયો હોય છે,આ અગ્નિ સ્વરૂપ પરમાત્માને જાગૃત કરવા માટે ઔષધિ સ્વરૂપે તુલસી ઉત્તમ ગણવામાં આવ્યા છે.આ કારણથી જ કાર્તિક માસ દરમિયાન ભગવાન શ્રીહરિ અને વૃંદાનું પૂજન કરવાનું શાસ્ત્રોનું વિધાન છે.પુરુષોત્તમ ભગવાન આત્માના ઉદ્ધારક હોવાથી પિતૃઓની સદગતી માટે કાર્તિક માસ ઉત્તમ છે.આથી જ કાર્તિક માસ દરમિયાન ભાગવત કથા સહિતના આયોજન કરવામાં આવે છે.કાર્તિક મહિનાની પૂર્ણિમા એટલે દેવોની દિવાળી.ભગવાન શ્રીહરિ જાગૃત થયા દેવતાઓ પણ ખુશ થાય છે,મંગલ કાર્યોની શરૂઆત થાય છે.

બેફામ મોંઘવારી અને ભેળસેળયુક્ત વસ્તુઓ સામે કાર્યવાહી કરવા 'આપ'નું તંત્રને આવેદન





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ગુજરાત સહિત સમગ્ર દેશમાં મોંઘવારીએ માઝા મૂકી છે. ત્યારે ગેસ સિલિન્ડર, પેટ્રોલ-ડીઝલ, ખાદ્યતેલ શાકભાજી અને અન્ય જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બન્યું છે.

એક તરફ મોંઘવારીનો માર છે. તો બીજી તરફ બજારમાં નકલી અને ભેળસેળયુક્ત વસ્તુઓનું બેરોકટોક વેચાણ થઈ રહ્યું છે. આ પરિસ્થિતિમાં સામાન્ય પરિવારો માટે બાળકોનું શિક્ષણ, વડીલોની દવાઓ અને રોજિંદી જરૂરિયાતો પૂરી કરવી મુશ્કેલ બની રહી છે.

આ અંગે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ વશરામભાઈ રાઠોડ સહીતનાઓ દ્વારા પેટ્રોલ-ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ લાવવા યોગ્ય પગલા લેવામાં આવે તેવી માગણી કરી છે.

નકલી અને સેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે કડક કાર્યવાહી કરવામાં તેમજ બજારો, દુકાનો અને ગોડાઉનોમાં નિયમિત તપાસ હાથ ધરવામાં આવે, મોંઘવારીથી સામાન્ય જનતાને રાહત મળે તે માટે સરકાર દ્વારા તાત્કાલિક પગલા લેવામાં આવે તેવી માગણી કરી તંત્રને આવેદન દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

દ્વારકા જિલ્લામાં અકસ્માતના બે બનાવમાં બે મહિલા સહિત ચાર વ્યક્તિ ઈજાગ્રસ્ત

દ્વારકા : દેવભૂમિ - દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના સુઈનેશ ગામ પાસે ખાનગી ટુરની કાર પલ્ટી ખાઈ જતા બે મહિલા સહિત ત્રણ વ્યક્તિને અને ખંભાળિયા શહેર નજીક અજાણ્યા વાહનની ઠોકરે મોટરસાયકલ ચાલક યુવાનને ઈજાઓ પહોંચી હતી આ બન્ને બનાવ અંગેની સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ અકસ્માત સર્જનાર વાહન ચાલકો સામે ગુન્હો નોંધી તપાસ આદરી છે.

મળતી માહિતી પ્રમાણે કલ્યાણપુર તાલુકાના સુઈનેશ ગામના પાટીયા પાસેથી ગત તા. ૧૬ ના રોજ એચ. એસ. ટૂર એન્ડ ટ્રાવેલ્સની જી. જે. ૧૨. સી. વી. ૯૭૧૪ નંબરની કાર પસાર થતી હોય દરમિયાન તેના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા જી. જે. ૩૭. બી. ૭૭૦૬ નંબરના ટ્રેકટરના પાછળના ભાગમાં અથડાઈ ગોથું ખાઈ ગઈ હતી આથી તેમાં બેસેલ અમિતભાઈ નિરંજનભાઈ ડે ને સામાન્ય તથા મોમીતાબેનને બંને પગમાં ફેક્ચર અને માથામાં હેમરેજની તથા છાતીના ભાગમાં મુંઢ અને ચાંચલબેનને વાસાના ભાગમાં ફેક્ચર અને હેમરેજ જેવી ગંભીર ઈજાઓ પહોંચતા બંને મહિલાને તાકીદે સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે બીજીતરફ બનાવની જાણ થતા કલ્યાણપુર પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અમિતભાઈ ડે ની ફરિયાદ પરથી કાર ચાલક સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઉપરાંત ખંભાળિયા તાલુકાના હાપા - લાખાસર ગામના કીરધરભાઈ ડગરાનો ભાઈ પોતાનું જી. જે. ૧૦. બી. એફ. ૮૭૧૫ નંબરનું મોટરસાયકલ ચલાવી અત્રે આર. ટી. ઓ. ચોકડી પાસેથી પસાર થતો હોય દરમિયાના એક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી હડફેટે લેતા તેને પગના ભાગમાં અને હાથના ભાગમાં ફેક્ચરની તથા માથામાં આઠ ટાંકાની અને મણકાના ભાગમાં નાની - મોટી ઈજા પહોંચી હોઈ આથી સારવારમાં ખસેડાયો છે બીજીતરફ અજાણ્યા વાહન ચાલક સામે કીરધરભાઈ તેસીભાઈ ડગરાએ ફરિયાદ નોંધાવતા હે. કો. આર. જે. હુણ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

જામનગર લોહાણા કન્યા છાત્રાલયની દીકરીઓની મુલાકાત લેતા શિક્ષણ મંત્રી



તસવીર : અમિત કાનાણી

ભાટિયા : ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે ગુજરાત રાજ્યના રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાએ જામનગર લોહાણા કન્યા છાત્રાલયની દીકરીઓના પ્રવાસ યાત્રા બસની શુભેરછા મુલાકાત લઈ અને સંસ્થાના ટ્રસ્ટી નિલેશભાઈ કાનાણી તથા સંસ્થાના ગૃહમાતા નીલાબેન દાવડા પાસેથી સંસ્થાની વિવિધ પ્રવૃતિ અંગે જાણકારી મેળવી અને દિકરીઓ સાથે ઉચ્ચ અભ્યાસ અંગે ચર્ચા કરી શિક્ષણ ક્ષેત્રનૂ તેમજ અન્ય મારા લાયક કામ હોય તો જણાવવા તેમજ આપનો યાત્રા પ્રવાસ સુખમય રહે તેવી હાર્દિક શુભેરછા પાઠવી હતી.

જામનગરમાં સોફ્ટવેર એન્જિનિયરનું સ્ફોટક પદાર્થ વડે બાઈક સળગાવી નાખ્યું

ઓફિસ બહાર ઝગડો નહીં કરવાનું કહેતા ઉશ્કેરાયેલ બે શખ્સોનું પરાક્રમ

જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં ઓફિસ બહાર ઝગડો કરવાની ના પાડતા ઉશ્કેરાયેલા એક શખ્સે સોફ્ટવેર એન્જિનિયરનું બાઈક કોઈ સ્ફોટક પદાર્થ વડે સળગાવી નાખી નુકશાની પહોંચાડવા સબબ સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે સ્થળપર દોડી જઈ આરોપીને ઝડપી લેવા કમ્મર કસી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં માલધારી હોટલ સામે રહેતા મૂળ અમદાવાદના કેવિનભાઈ હિતેશભાઈ રોલા સોફ્ટવેર એન્જિનિયર હોય દરમિયાન તેઓની આ જ વિસ્તારમાં આવેલ સિલ્વર એગ્રો ઈમ્પેક્ષ ઓફિસ બહાર સમીર અને તેનો મિત્ર જશ બન્ને ઝગડો કરતા હોય જેને ઓફિસ બહાર ઝગડો નહીં કરવાનું કહેતા ઉશ્કેરાયેલા સમીરને ખોટું લાગી જતા તેણે કેવિન ભાઈ રોલાનું જી. જે. ૧૦. સી. આર. ૮૫૮૪ નંબરનું બાઈક સ્ફોટક પદાર્થ વડે સળગાવી નાખી આશરે ૩૦ હજારની નુકસાની કરતા તેઓએ સમીર રફિકભાઈ ખત્રી સામે સિટી સી ડિવિઝન પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા એ. એસ. આઈ. એસ. એમ. જાડેજા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

દ્વારકા-ભાવનગર રૂટની બસમાં મળી આવેલ મોબાઈલ કંડક્ટરે મુસાફરને પરત કર્યો



જામનગર : ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના જામનગર વિભાગના કર્મચારીઓ દ્વારા પ્રામાણિકતા અને ફરજનિષ્ઠાનું વધુ એક ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. જામનગર વિભાગના દ્વારકા ડેપો હેઠળ દ્વારકા-ભાવનગર રૂટ પર ફરજ બજાવતાં મહિલા કંડક્ટર નીતાબેન ભીલ (બેજ નંબર ૨૬૪)ને બસમાં પોતાની ફરજ દરમિયાન એક સીટ પરથી મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

આશરે રૂ. ૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન તેના મૂળ માલિક સુધી પહોંચાડવા માટે નીતાબેન ભીલે તત્કાળ પ્રયાસો હાથ ધર્યા હતા. ટ્રીપ સીટમાં નોંધાયેલા મુસાફરના મોબાઈલ નંબરના આધારે સંપર્ક સાધી, ખરાઈ કર્યા બાદ તેમણે મોબાઈલ ફોન તેના મૂળ માલિકને પરત સોંપ્યો હતો. મોબાઈલ ફોન જેવી કિંમતી વસ્તુ મળી આવ્યા બાદ પણ કોઈ લોભ કે લાલચ રાખ્યા વિના મુસાફરની વસ્તુ સુરક્ષિત રીતે પરત પહોંચાડવાની નીતાબેન ભીલની આ કામગીરીને બિરદાવવામાં આવી રહી છે. જામનગર એસ.ટી. વિભાગ દ્વારા તેમની પ્રામાણિકતા અને ફરજનિષ્ઠાને અભિનંદન પાઠવી, આવી કામગીરી નિગમની પ્રતિષ્ઠા અને વિશ્વાસને વધુ મજબૂત બનાવે છે તેમ જણાવાયું છે.

જામનગર ચેમ્બર દ્વારા બ્રાસ સેક્ટર માટે ક્લસ્ટર લેવલ સેમિનાર યોજાયો

જામનગર : જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા એનર્જિ એફિશિયન્સી સર્વિસિસ લિમિટેડ ના સયુક્ત ઉપક્રમે જામનગરના બ્રાસ સેકટર માટે ADEETIE યોજના હેઠળ ઊર્જા-કાર્યક્ષમ ટેકનોલોજી અપનાવવા" અંગે ક્લસ્ટર-લેવલ માર્ગદર્શક સેમિનાર નું આયોજન કરવામાં આવેલ છે.

ADEETIE યોજના હેઠળ ઊર્જા કાર્યક્ષમ ટેકનોલોજી અપનાવવા અંગે જામનગરના બ્રાસ સેક્ટરના ખજખઊ એકમો માટે -ક્લસ્ટર-લેવલ ક્ધસલ્ટેશન સેમિનાર નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશોપ આગામી શનિવાર, તા. ૨૧ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૪:૩૦ થી ૮.૩૦ કલાક દરમિયાન જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ખાતે યોજાશે. આ કાર્યક્રમનું આયોજનેંઝ્રહ્લ કન્સલ્ટિંગ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ દ્વારા UNEP, EESL અને IIEC™ના સહયોગથી કરવામાં આવ્યું છે. જ્યારે આ ચેમ્બર આઉટરીય પાર્ટનર તરીકે જોડાયેલ છે.

ADEETIE યોજના ઊર્જા કાર્યક્ષમતા બ્યુરો દ્વારા અમલમાં મૂકવામાં આવી રહી છે, જેમાં એનર્જિ એફિશિયન્સી સર્વિસિસ લિમિટેડ પ્રોજેકટ મેનેજમેન્ટ એજન્સી તરીકે કાર્ય કરે છે. બ્રાસ સેકટર સહિત ૧૪ ઊર્જા-સઘન ક્ષેત્રોના MSME એકમોમાં ઊર્જા-કાર્યક્ષમ ટેકનોલોજી અપનાવવાની પ્રક્રિયાને વેગ આપવા નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવી એ આ યોજનાનો મુખ્ય હેતુ છે.

સેમિનાર ના મુખ્ય મુદ્દાઓ ADEETIE યોજનાની સમજ: યોજનાના લાભ, પાત્રતા અને અરજી પ્રક્રિયા. ટેકનિકલ સહાય: IGEA (ઇન્વેસ્ટમેન્ટ ગ્રેડ એનર્જી ઓડિટ), (ડિટેલ્ડ પ્રોજેકટ રિપોર્ટ) અને ઊર્જા-કાર્યક્ષમ ટેકનોલોજીની પસંદગી અંગે માર્ગદર્શન નાણાકીય વિકલ્પો: સ્જીસ્ઈ એકમો માટે ફાઇનાન્સિંગના વિકલ્પો અને સહાય અંગે DPR (ભારતીય લઘુ ઉદ્યોગ વિકાસ બેંક), જામનગર દ્વારા માહિતી.સ્થાનિક નીતિઓ અને પ્રોત્સાહનો: ઉદ્યોગો માટેની સ્થાનિક નીતિઓ અને પ્રોત્સાહનો અંગે MSME -DIC, જામનગર દ્વારા માર્ગદર્શન ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી: ગુજરાત સરકાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી વિષે જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ખાસ માર્ગદર્શન આપવામાં આવશે. સેમિનારમાં બ્રાસ સેકટરના MSME ઉદ્યોગકારો, ઉદ્યોગ સંગઠનો, નાણાકીય સંસ્થાઓ, એનર્જી ઓડિટરો તથા અન્ય સંબંધિત નધારકો ભાગ લઈ શકશે. સેમિનારમાં ભાગ લેવા માટે કોઈ ફી રાખવામાં આવેલ નથી, એટલે કે પ્રવેશ વિનામૂલ્યે છે.

જામનગરના જાનવીબા જાડેજાનું ભાવનગર ખાતે યોજાશે ફોટો પ્રદર્શન



જામનગર : જામનગર તાલુકાના મોટી ખાવડીના જાનવીબા જાડેજાના ફોટાનું પ્રદર્શન "રિફ્લેક્શન"ભાવનગર ખાતે યોજાશે અનુભૂતિ આર્ટ ગ્રુપ ના જાનવીબા જાડેજાનું રિફ્લેક્શન નામનું પ્રદર્શન ભાવનગરમાં યોજાશે.

ગુજરાત લલિત કલા અકાદમીના સહયોગથી ભાવનગર રિફ્લેક્શન નામનું પ્રદર્શન તા ૨૨ ,૨૩ ,૨૪ નવેમ્બર ના રોજ ખોડીદાસ પરમાર આર્ટ ગેલેરી ભાવનગર ખાતે યોજાશે જેનું ઉદ્ઘાટન સેજલબેન પંડ્યા - ધારાસભ્ય દ્વારા કરવામાં આવશે. તેમજ મુખ્ય મહેમાન મેહુલભાઈ વડોદરિયા-પૂર્વ મેયર હિમાચલ મેહતા-કલા સવર્ધક ,હેતસ્વી સોમાણી-યોગ ચેમ્પિયન, ડો અશોક પટેલ -સિનિયર આર્ટિસ્ટ , અજય ચૌહાણ -ક્ષિતિજ આર્ટ હાજર રહેશે. કેમેરામાં લીધેલા લાઈટ ના પડી રહેલા પ્રતિબિંબના ફોટોગ્રાફ ફોટોગ્રાફર જામનગરના મોટી ખાવડીના જાનવીબા જાડેજા દ્વારા લેવામાં આવ્યા છે આ ફોટો પ્રદર્શન સવારે ૧૦થી સાંજે ૬ સુધી જાહેર જનતા માટે નિઃશુલ્ક ખુલ્લું મુકવામાં આવશે.

જામનગરમાં તા. ૨૪ નવેમ્બર સિધ્ધિ-દિન સતાપ્દી વર્ષે કાર્યક્રમ

જામનગર : તા. ૨૪.૧૧.૨૦૨૬ ને મંગળવારના રોજ સિધ્ધિ – દિન (સતાપ્દી વર્ષ) દર્શન– દન હોઈ શ્રી અરવિન્દ સોસાયટી જામનગર શાખા, શરુ સેક્સન રોડ, જી.એમ.બી. બિલ્ડીંગ પાસે, "સાવિત્રી" ભુવનમાં સવારે ૧૦ થી ૧૦.૩૦ સમાધિ સમીપ સમૂહધ્યાન તેમજ સાંજે ૭ થી ૮ ભક્તિગીતો, ધ્યાન, તેમજ કાર્યક્રમને અનુરૂપ વાંચનનું આયોજન કરવામાં આવેલ છે. તો આ કાર્યક્રમોમાં સર્વે મેમ્બર્સ ઉપરાંત જામનગરના અધ્યાત્મપ્રેમી ભાઈબહેનોને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

જામ્યુકોની જનરલ બોર્ડમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા દરખાસ્તને સૈદ્ધાંતિક મંજૂરી

ખાનગી બસોના પાર્કિંગ માટે જમીન ફાળવશે, મફત પાર્કિંગની વિપક્ષની માંગ, પુલ નીચે પે એન્ડ પાર્કની સુવિધા ઊભી કરાશે





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ખાનગી ટ્રાવેલ્સની બસોના પાર્કિંગ માટે મહાનગરપાલિકા દ્વારા જમીન ફાળવવાની દરખાસ્તને આજે મળેલી સામાન્ય સભામાં સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી. આ ઉપરાંત પટેલવાડી-રાજપાર્ક મેઈન રોડ પર આવેલી મનપાની કન્ટ્રીબ્યુશન લેન્ડ વન વિભાગને પ્લાન્ટેશન અને જાળવણી માટે સોંપવાની દરખાસ્તને પણ મંજૂરી આપવામાં આવી હતી. બીજી તરફ શહેરમાં પાર્કિંગની સુવિધા, પુલ નીચેના દબાણો, અધૂરા બ્રિજનાં કામો, પાણીના લીકેજ અને સફાઈ સહિતના મુદ્દાઓને લઈને સભામાં શાસક અને વિપક્ષના સભ્યોએ વિવિધ પ્રશ્નો ઉઠાવ્યા હતા.

જામનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા ગઈકાલે મેયર મોનિકાબેન વ્યાસના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં રજૂ થયેલી દરખાસ્તો અને પ્રશ્નોત્તરી દરમિયાન શહેરના અનેક નાગરિક પ્રશ્નો ચર્ચાના કેન્દ્રમાં રહ્યા હતા. સભામાં પટેલવાડી-રાજપાર્ક મેઈન રોડ પર આવેલી મહાનગરપાલિકાની કન્ટ્રીબ્યુશન લેન્ડ પ્લાન્ટેશન અને મેન્ટેનન્સ માટે વન વિભાગને સોંપવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી, જેને મંજૂરી આપવામાં આવી હતી. આ મુદ્દે વિપક્ષનાં સભ્ય જેનબબેન ખફીએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે અગાઉ પણ આ સ્થળે જમીન ફાળવવામાં આવી હતી. જેના જવાબમાં સિટી ઈજનેરે જણાવ્યું હતું કે અગાઉ ફાળવવામાં આવેલી જમીનમાં પ્લાન્ટેશન થઈ ચૂક્યું છે અને હાલમાં ત્યાં વિકાસલક્ષી કામગીરી ચાલી રહી છે.

ત્યારબાદ શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ખાનગી ટ્રાવેલ્સ તેમજ ખાનગી કંપનીની માલિકીની બસોના પાર્કિંગ માટે મહાનગરપાલિકાની જમીનનો ઉપયોગ કરવાની દરખાસ્ત રજૂ થઈ હતી. આ અંગે પણ વિપક્ષનાં જેનબબેન ખફીએ વિગતો માંગી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે વિશાલ હોટલ પાસે ન્યારા કંપનીની બસો પાર્ક કરવામાં આવે છે, જ્યાં અંદાજે આઠથી દસ બસો ઊભી રહે છે. અન્ય સ્થળે પણ પાર્કિંગની વ્યવસ્થા ઊભી કરવા માટે આ દરખાસ્ત લાવવામાં આવી છે. આ કામગીરી માટે કોન્ટ્રાક્ટ એજન્સીને જવાબદારી સોંપવામાં આવશે.

આ મુદ્દે જેનબબેન ખફીએ સવાલ કર્યો હતો કે ખાનગી બસોના પાર્કિંગની ચિંતા કરવામાં આવે છે, તો સામાન્ય નાગરિકોનાં વાહનોના પાર્કિંગ માટે પણ આવી જ વ્યવસ્થા કરવામાં આવશે કે કેમ? તેના જવાબમાં ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે રોડ પર પીળા પટ્ટાની મર્યાદામાં પાર્કિંગની સુવિધા આપવામાં આવે છે. જોકે, ટાઉનહોલ પાસે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા ન હોવાનો મુદ્દો પણ સભામાં રજૂ થયો હતો.

આ અંગે કમિશનરે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે શહેરમાં પાર્કિંગની સુવિધા વધુ સુદૃઢ બનાવવા માટે સર્વેની કામગીરી ચાલી રહી છે. ખાસ કરીને પાર્કિંગની જગ્યાઓમાં થયેલાં દબાણો દૂર કરવા યોગ્ય પગલાં લેવામાં આવશે. સૌરાષ્ટ્રના સૌથી લાંબા બ્રિજની નીચે પે એન્ડ પાર્કની સુવિધા ઊભી કરવાનું પણ આયોજન છે. જોકે, વિપક્ષનાં જેનબબેન ખફી અને સહારાબેન મકવાણાએ આ પાર્કિંગ સુવિધા નાગરિકો માટે વિનામૂલ્યે રાખવાની માંગ કરી હતી.

સહારાબેન મકવાણાએ પુલ નીચે થતાં દબાણોનો મુદ્દો ઉઠાવી આવા દબાણો સામે યોગ્ય કાર્યવાહી કરવાની અને જરૂર જણાય ત્યાં દંડ વસૂલવાની પણ માંગ કરી હતી. પ્રશ્નોત્તરી દરમિયાન શાસક પક્ષનાં જયરાજસિંહ જાડેજાએ શહેરના અન્ય વિસ્તારોમાં પણ પાર્કિંગની સુવિધા વિકસાવવા રજૂઆત કરી હતી. જ્યારે શાસક પક્ષના સુભાષ જોષીએ પોતાના વોર્ડ વિસ્તારમાં ટેલિફોન નિગમની જગ્યામાં ન્યૂસન્સ થતું હોવાનો મુદ્દો ઉઠાવી આ જગ્યા મહાનગરપાલિકાને મળે તે માટે કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

આ ઉપરાંત સહારાબેન મકવાણાએ વડાપ્રધાનના જામનગર ખાતેના કાર્યક્રમ પાછળ કરવામાં આવેલા કરોડો રૂપિયાના ખર્ચ અંગે પૂરતી વિગતો આપવામાં આવી ન હોવાનો મુદ્દો ઉઠાવી આ અંગેની સંપૂર્ણ વિગતો સભ્યોને પૂરી પાડવાની માંગ કરી હતી. આમ, આ સામાન્ય સભામાં વિકાસકામોથી લઈને પાર્કિંગ, ટ્રાફિક, દબાણો અને નાગરિક સુવિધાઓના વિવિધ મુદ્દાઓ પર શાસક અને વિપક્ષના સભ્યો વચ્ચે પ્રશ્નોત્તરી અને ચર્ચા વિચારણા થઈ હતી.

દ્વારકા સિમેન્ટ કોપરેટર ઈન્ડિયન ગેસના નવા હોદ્દેદારોની વરણી



મીઠાપુર : દ્વારકા સિમેન્ટ કોપરેટીવ સ્ટોર ઈન્ડિયન ગેસમાં હોદેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં નવા પ્રમુખ તરીકે જયદિપ કરણભા માણેક અને ઉ.પ્રમુખ તરીકે વિજય કેરની વરણી કરવામાં આવેલ છે. બન્ને હોદેદારોને રાજકીય આગેવાનો અને મિત્રો સગાં સ્નેહીઓ તરફથી શુભેચ્છાઓ આપવામાં આવી.

હેપ્પી બર્થ-ડે

જુનિયર જેઠાલાલ રાકેશ શુકલનો આવતીકાલે જન્મદિવસ



જામનગરના જુનિયર જેઠાલાલ તરીકે જાણીતા રાકેશ જે. શુકલનો આવતીકાલે, તા. ૨૨ નવેમ્બરના રોજ જન્મદિવસ છે. તેઓ ૫૩ વર્ષ પૂર્ણ કરીને ૫૪મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. નાનપણથી જ એક્ટિંગનો શોખ ધરાવનાર અને યુવાનીમાં શ્રોતાઓને ખુશ કરનાર રાકેશ શુકલ રંગમંચના જાણીતા કલાકાર છે. 'પ્રીત-પ્રીત ને પાનેતરપ' નાટકમાં તેમણે શાનદાર ભૂમિકા ભજવી હતી. આજે તેમની યશકલગીમાં અનેક પીછાં ઉમેરાયાં છે. જેમાં બિઝનેસ એન્ડ ગ્લોબલ એવોર્ડ, જુનિયસ એવોર્ડ, ટોપ વર્લ્ડ રેકોર્ડ, તમિલનાડુ બુક ઓફ રેકોર્ડ, ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ, એશિયા બુક ઓફ રેકોર્ડ, યુનિવર્સલ બુક ઓફ રેકોર્ડ અને બહુ ગૌરવ એવોર્ડ (અમદાવાદ) જેવા અનેક એવોર્ડ તેમણે મેળવ્યા છે. રાકેશ શુકલને રંગમંચની સાથે-સાથે ક્રિકેટનો પણ ખૂબ શોખ છે અને છગ્ગા-ચોગ્ગા મારવામાં પણ તેઓ માહિર છે. રંગમંચ હોય કે ક્રિકેટનું મેદાન, બંને ક્ષેત્રે પોતાની આગવી ઓળખ ધરાવતા રાકેશભાઈના જન્મદિવસ નિમિત્તે તેમને જન્મદિવસની શુભેચ્છાઓ. તેમના મો. નં. ૯૬૨૪૬૯૯૯૯૧

પ્રિન્સ વિલિયમે ભારતના ૭ રાજ્યોમાં ૧૦,૦૦૦ વન્યજીવ રેન્જરો માટે ૫ વર્ષના અકસ્માત વીમા કવચની જાહેરાત કરી

મધ્યપ્રદેશ, કર્ણાટક, આસામ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, કેરળ અને રાજસ્થાનમાં કામચલાઉ રેન્જર્સને મળશે લાભ



નવી દિલ્હી,

બ્રિટનના પ્રિન્સ વિલિયમ અને રોયલ ફાઉન્ડેશનના યુનાઈટેડ ફોર વાઇલ્ડલાઇફ દ્વારા શુક્રવારે ભારતના સાત રાજ્યોમાં ૧૦,૦૦૦ કામચલાઉ વન્યજીવ રેન્જર્સને આવરી લેતા પાંચ વર્ષના વ્યક્તિગત અકસ્માત વીમા કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે, જે ફરજ પર મૃત્યુ અથવા ગંભીર ઈજાના કિસ્સામાં તેમને અને તેમના પરિવારોને નાણાકીય સુરક્ષા પ્રદાન કરશે. ડિસેમ્બર ૨૦૨૬ માં અમલમાં આવનાર આ કાર્યક્રમ મધ્યપ્રદેશ, કર્ણાટક, આસામ, ઉત્તરાખંડ, મહારાષ્ટ્ર, કેરળ અને રાજસ્થાનમાં કામચલાઉ રેન્જર્સને આવરી લેશે. તે એશિયામાં વન્યજીવ રેન્જર્સ માટે સૌથી મોટા સમર્પિત વીમા કાર્યક્રમોમાંનો એક છે.

કામચલાઉ વન નિરીક્ષકો, જેમાંથી ઘણા દૈનિક વેતન પર કાર્યરત છે, તેઓ સામાન્ય રીતે કાયમી વન કર્મચારીઓથી વિપરીત, સરકારી વીમા યોજનાઓ દ્વારા આવરી લેવામાં આવતા નથી. તેઓ શિકાર વિરોધી પેટ્રોલિંગ કરે છે, વન્યજીવનનું નિરીક્ષણ કરે છે અને માનવ-વન્યજીવ સંઘર્ષનો જવાબ આપે છે, ઘણીવાર દૂરના જંગલો અને મુશ્કેલ પરિસ્થિતિઓમાં કામ કરે છે.

પ્રિન્સ વિલિયમની ૧૬ થી ૧૮ નવેમ્બર દરમિયાન ભારતની ત્રણ દિવસની મુલાકાત પછી આ જાહેરાત કરવામાં આવી છે, જેમાં મુંબઈમાં અર્થશોટ પ્રાઇઝનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રિન્સ વિલિયમે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "દિવસ અને રાત, ભારતના વન્યજીવન રેન્જર્સ આ કિંમતી વન્યજીવનનું રક્ષણ કરવા માટે આગળની હરોળમાં ઉભા રહે છે. તેઓ દૂરના જંગલોમાં પેટ્રોલિંગ કરે છે, મુશ્કેલ પરિસ્થિતિઓ સહન કરે છે અને નોંધપાત્ર જોખમોનો સામનો કરે છે, આ બધું ભવિષ્યની પેઢીઓ માટે પ્રકૃતિની સુરક્ષા માટે છે." આ કાર્યક્રમ ફરજ પર હોય ત્યારે મૃત્યુ અથવા ગંભીર ઈજાના કિસ્સામાં રેન્જર્સ અને તેમના પરિવારોને નાણાકીય સુરક્ષા પૂરી પાડશે. "સામાન્ય રીતે દૈનિક વેતન પર કામ કરતા વન નિરીક્ષકો તરીકે કાર્યરત, કામચલાઉ રેન્જર્સ કાયમી કર્મચારીઓને મળતી સરકારી વીમા યોજનાઓ દ્વારા આવરી લેવામાં આવતા નથી.

સાઉદી અરેબિયાના વેલ્થ ફંડ્સ ધરાવતી રિયાધની સૌથી ઊંચી ઈમારત પર હુથી જૂથનો ભીષણ મિસાઈલ હુમલો

રિયાધ,

સાઉદી અરેબિયાએ પુષ્ટિ કરી હતી કે, રિયાધના નાણાકીય જિલ્લામાં હુથી હુમલાથી એક ટાવરને નુકસાન થયું હતું, રાજધાનીમાં એક શક્તિશાળી વિસ્ફોટ થયો હતો અને શહેરના સૌથી ઊંચા ગગનચુંબી ઈમારતને નુકસાન થયું હોવાના અહેવાલો બહાર આવ્યા હતા, જેમાં દેશના સાર્વભૌમ સંપત્તિ ભંડોળનું મુખ્ય મથક આવેલું છે.

૬ પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં, સાઉદી અરેબિયાની નાગરિક સંરક્ષણ એજન્સીએ જણાવ્યું હતું કે હુમલામાં "ભૌતિક નુકસાન થયું છે પરંતુ કોઈ જાનહાનિ થઈ નથી". જોકે એજન્સીએ ઈમારતની ઓળખ આપી નથી, તેણે એક ફોટોગ્રાફ બહાર પાડ્યો હતો જે પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ (PIF) ટાવર, ૮૦ માળનું ગગનચુંબી ઈમારત અને રિયાધની સૌથી ઊંચી ઈમારત દર્શાવે છે. આ ગંભીર ઘટના ના સાક્ષીઓએ મીડિયા સુત્રોને જણાવ્યું હતું કે હુમલા બાદ સાઉદી અરેબિયાના સાર્વભૌમ સંપત્તિ ભંડોળના મુખ્ય મથક ધરાવતા ટાવરને નુકસાન થયું છે. આ ઘટના હુથી હુમલાઓના નવા મોજા વચ્ચે બની છે કારણ કે પડોશી યમનના ગૃહયુદ્ધમાં લડાઈ તીવ્ર બની છે, જ્યાં સાઉદી અરેબિયા ઈરાન-સંબંધિત હુથી બળવાખોરો સામે આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકારને સમર્થન આપે છે.

ગુરુવારની વહેલી સવારે, રિયાધમાં AFP પત્રકારોએ એક શક્તિશાળી વિસ્ફોટ સાંભળ્યો હોવાનો અહેવાલ આપ્યો. લગભગ તે જ સમયે, નાગરિક સંરક્ષણ અધિકારીઓએ "સંભવિત ખતરો" વિશે ચેતવણી જારી કરી, થોડીવાર પછી જાહેરાત કરી કે ખતરો ટળી ગયો છે.

હુથીઓ સામે લડી રહેલા સાઉદી-નેતૃત્વ હેઠળના લશ્કરી ગઠબંધને કહ્યું કે તેણે "રિયાધ તરફ આતંકવાદી હુથી લશ્કર દ્વારા છોડવામાં આવેલા મિસાઈલ ખતરાને સંબોધિત કર્યો છે".

ગઠબંધનના પ્રવક્તા તુર્કી અલ-માલ્કીએ કહ્યું, "પ્રારંભિક મૂલ્યાંકન કાટમાળની અસર સૂચવે છે, હાલમાં ભૌતિક નુકસાનનો સર્વે કરવામાં આવી રહ્યો છે.

ચક્રવાતને કારણે ઓડિશા વિધાનસભાની કાર્યવાહી ૨૩ નવેમ્બર સુધી સ્થગિત

નવી દિલ્હી,

ભારતીય હવામાન વિભાગ (IMD), ભુવનેશ્વરના નિયામક મનોરમા મોહંતીએ શુક્રવારે જણાવ્યું હતું કે, ચક્રવાત 'અકવાન' ગોપાલપુર નજીક દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્રપ્રદેશના કિનારેથી પસાર થયું છે. તેમણે કહ્યું કે, આ ચક્રવાતી પ્રણાલી હાલમાં દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠા અને તેને અડીને આવેલા ઉત્તર આંધ્રપ્રદેશ પર સ્થિત છે, જે ગોપાલપુરથી લગભગ ૧૦ કિમી દક્ષિણ-પશ્ચિમમાં અને પુરીથી ૧૩૦ કિમી પશ્ચિમ-દક્ષિણપશ્ચિમમાં છે. તે ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે (જેના ઝાપટાં ૯૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે) દરિયાકાંઠેથી પસાર થયું છે. આ પહેલાં, આજે સવારે ચક્રવાત 'અકવાન' દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે ભુવનેશ્વર શહેરમાં ભારે વરસાદ અને તેજ પવન ફૂંકાયા હતા. ઓડિશાએ લગભગ ૩ લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડ્યા છે અને સંવેદનશીલ જિલ્લાઓમાં ૪૨૩ બચાવ ટીમો તૈનાત કરી છે. તૈયારીના ભાગરૂપે, ટેલિકોમ માળખાને મજબૂત કરવા અને ચક્રવાત દરમિયાન સંદેશાવ્યવહાર સતત ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે ૭૦ 'સેલ-ઓન-વ્હીલ્સ' (CoW) યુનિટ્સ, ૧૯૭ મોબાઈલ ડીઝલ જનરેટર (DG) સેટ્સ અને ૬૧ સહાયક ટીમો તૈનાત કરવામાં આવી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ ચેતવણી આપી છે કે, ચક્રવાત જમીન પર ત્રાટકે તે સમયે દરિયામાં સામાન્ય ભરતી કરતાં ૦.૫ થી ૧ મીટર ઊંચા મોજાં ઉછળી શકે છે, જેના કારણે ઓડિશાના દરિયાકાંઠાના નીચાણવાળા વિસ્તારો, ખાસ કરીને ગંજામ અને પુરી જિલ્લાઓમાં પાણી ભરાઈ શકે છે.

કર્ણાટક પાસેથી વધારાનું ૧૧ TMC પાણી મેળવવા માટે તમિલનાડુએ કરેલી અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી

તમિલનાડુ સરકારે કર્ણાટકને તાત્કાલિક પાણી છોડવા માટે નિર્દેશ આપવાની માંગ કરી હતી





નવી દિલ્હી/ચેન્નાઈ,

સુપ્રીમ કોર્ટે તમિલનાડુ સરકારની બે અરજીઓ ફગાવી દીધી છે, જેમાં કર્ણાટકને કાવેરી નદીના ૧૧ હજાર મિલિયન ક્યુબિક (TMC) ફૂટ પાણી છોડવાનો નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી હતી. ન્યાયામૂર્તિ વિક્રમ નાથ અને ન્યાયામૂર્તિ અપરેશ કુમાર સિંહની ખંડપીઠે જણાવ્યું હતું કે, તમિલનાડુએ કેટલાક વધારાના દસ્તાવેજો રેકોર્ડ પર લાવવા માટે ત્રીજી અરજી દાખલ કરી છે, જેને પણ ફગાવી દેવામાં આવશે. કર્ણાટક સરકારે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે, કાવેરી નદીના ૧૧ TMC ફૂટ પાણી છોડવાની તમિલનાડુની માંગ પૂરી કરવી મુશ્કેલ હશે.

તમિલનાડુ સરકારે પોતાની અરજીઓમાં માંગ કરી હતી કે કર્ણાટકને એવો નિર્દેશ આપવામાં આવે કે ૭ ઓક્ટોબર સુધી બાકી રહેલું ૧૧ TMC કાવેરીનું પાણી તાત્કાલિક પૂરું પાડવામાં આવે. આ માટે કર્ણાટક-તમિલનાડુ સરહદ પર આવેલા નદીના મુખ્ય જળ-માપન કેન્દ્ર 'બિલ્લીગુંડુલુ' (Billigundulu) ખાતે ૧૦ દિવસ સુધી દરરોજ ૧.૩ TMC પાણી છોડવાની ખાતરી આપવામાં આવે. ૧૨ ઓક્ટોબરે સર્વોચ્ચ અદાલતે તમિલનાડુ સરકારની આ બે અરજીઓ પર પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.

તમિલનાડુ સરકારે જણાવ્યું હતું કે, ૮ ઓક્ટોબરે મળેલી 'કાવેરી જળ નિયમન સમિતિ' (CWRC) ની બેઠકમાં કર્ણાટકને પાણીની અછત પૂરી કરવાનો નિર્દેશ આપવા અંગે કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. તેના બદલે, ૯ ઓક્ટોબરથી પાણીનો પ્રવાહ ૪,૦૦૦ ક્યુસેકથી ઘટાડીને ૩,૦૦૦ ક્યુસેક કરી દેવામાં આવ્યો હતો.

દિલ્હી એરપોર્ટની નજીક લેસર લાઈટોના ઉપયોગ પર ૬૦ દિવસ માટે પ્રતિબંધ

નવી દિલ્હી,

દિલ્હી પોલીસે ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય (IGI) એરપોર્ટના પાલમ સબ-ડિવિઝન હેઠળના વિસ્તારોમાં લગ્ન, પાર્ટીઓ અને અન્ય ઉજવણીઓ દરમિયાન લેસર બીમનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ નિર્ણય પાછળનું કારણ એ છે કે, વિમાન ઉતરાણ (લેન્ડિંગ) કરતી વખતે લેસર બીમને કારણે પાઈલટોનું ધ્યાન વિચલિત થવાનું જોખમ રહેલું છે.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ પ્રદીપ કુમાર મીના દ્વારા જારી કરવામાં આવેલો આ આદેશ ૧૮ નવેમ્બરથી અમલમાં આવ્યો છે અને તે ૧૬ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી લાગુ રહેશે. આદેશ અનુસાર, IGI એરપોર્ટ પરના એર ટ્રાફિક કંટ્રોલ (ATC) એ એવી અનેક ઘટનાઓ વિશે જાણ કરી હતી જેમાં વિમાન ઉતરાણ કરતી વખતે લેસર બીમને કારણે પાઈલટોને દ્રષ્ટિ સંબંધી વિક્ષેપ અનુભવાયો હતો.

આદેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, આવી ઘટનાઓ માત્ર અગવડતા જ ઊભી કરતી નથી, પરંતુ મુસાફરો, ક્રૂ મેમ્બર્સ અને વિમાનની સુરક્ષા માટે ગંભીર ખતરો પણ બની શકે છે.

પોલીસે જણાવ્યું હતું કે એરપોર્ટ વિસ્તારની અંદર અને આસપાસ ઘણા ફાર્મહાઉસ, બેન્ક્વેટ હોલ, હોટલ અને રેસ્ટોરન્ટ્સ આવેલા છે, જ્યાં લગ્ન સમારંભો, પાર્ટીઓ અને અન્ય કાર્યક્રમો દરમિયાન લેસર બીમ સહિતની તેજસ્વી લાઈટોનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે તિરુપ્પરંકુન્દ્રમ ટેકરી પર કાર્તિગાઈ દીપમ પ્રગટાવવાની મંજૂરી આપી

ચેન્નાઈ,

: સુપ્રીમ કોર્ટે ૨૪ નવેમ્બરના રોજ તમિલનાડુના મદુરાઈમાં તિરુપ્પરંકુન્દ્રમ ટેકરી પર કાર્તિગાઈ દીપમ પ્રગટાવવાની મંજૂરી આપી છે. ન્યાયાધીશ અરવિંદ કુમાર અને વિપુલ એમ. પંચોલીની બેન્ચે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયના અમુક ભાગો પર સ્ટે આપ્યો હતો, જેમાં તિરુપ્પરંકુન્દ્રમ ટેકરી પર દીપથુન ખાતે કાર્તિગાઈ દીપ પ્રગટાવવાની પ્રથાને પુનઃસ્થાપિત કરવાના આદેશને સમર્થન આપવામાં આવ્યું હતું. આદેશ અનુસાર, મદુરાઈ કલેક્ટર, મંદિરના કાર્યકારી અધિકારી, છજ્જી અને પોલીસ કમિશનર સાથે પરામર્શ કરીને, દીવા પ્રગટાવવાની ટીમનું કદ અને સભ્યો નક્કી કરશે અને વ્યવસ્થાનું નિરીક્ષણ કરશે.

પરિવારો તેમના ઘરોને સાફ કરે છે અને પ્રવેશદ્વાર પર ચોખાના લોટથી પરંપરાગત કોલમ (રંગોળી) દોરે છે. તેઓ બારીઓ, દરવાજા, બાલ્કનીઓ અને પ્રાર્થના રૂમની આસપાસ માટીના દીવાઓની હરોળ પ્રગટાવે છે, જેનાથી આખા ઘરને એક તેજસ્વી પવિત્ર જગ્યામાં રૂપાંતરિત કરવામાં આવે છે. ઘણા લોકો "માવિલક્કુ" (ચોખાના લોટ, ગોળ અને એલચીનું મિશ્રણ) જેવી મીઠાઈઓ પણ પ્રસાદ તરીકે બનાવે છે, જેમાં એક નાનો દીવો મૂકવામાં આવે છે. પરિવારો પ્રાર્થના કરવા, ભક્તિ ગીતો ગાવા અને ભોજન વહેંચવા માટે ભેગા થાય છે. આ એકતા, કૃતજ્ઞતા અને ભગવાનના સ્મરણનો સમય છે.

ભગવાન મુરુગનના છ પવિત્ર સ્થળોમાંથી એક, તિરુપ્પરંકુન્દ્રમ ટેકરી પર એક પ્રાચીન ખડક-કોટ મંદિર સ્થિત છે, અને તે એક મુખ્ય તીર્થસ્થાન છે. આ ટેકરી પર એક દરગાહ પણ આવેલી છે. મંદિર અને દરગાહ વચ્ચે તણાવ ૧૯૨૦ થી શરૂ થયો હતો, જ્યારે ટેકરીની માલિકી અંગે પ્રથમ વિવાદ થયો હતો. પ્રિવી કાઉન્સિલ દ્વારા માન્ય રાખવામાં આવેલા સિવિલ કોર્ટના નિર્ણયમાં પુષ્ટિ આપવામાં આવી હતી કે ટેકરી સુબ્રમણ્યમ સ્વામી મંદિરની છે, સિવાય કે દરગાહના અમુક વિસ્તારો. જોકે, આ નિર્ણયમાં ધાર્મિક વિધિઓ કે દીપમ પરંપરાનો ઉલ્લેખ નહોતો.

૧૯૯૪માં દીપમ પ્રગટાવવાનો મુદ્દો વિવાદનો વિષય બન્યો જ્યારે એક ભક્તે હાઈકોર્ટને મંદિરની નજીકના ઉચિપ્પીલ્લૈયાર કોવિલ મંડપમ નજીકના પરંપરાગત સ્થળથી ટેકરીની ટોચ પર દરગાહની નજીકના દીપથૂન સ્થળે દીપમ પ્રગટાવવાની વિનંતી કરી.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીની માતા સાવિત્રી દેવીનું ૯૧ વર્ષની વયે અવસાન

લખનૌ,

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની માતા સાવિત્રી દેવીનું શુક્રવારે પૌરી ગઢવાલ જિલ્લામાં તેમના પૈતૃક ગામમાં અવસાન થયું. પૌરી ગઢવાલના એસએસપી સર્વેશ પનવરે તેમના અવસાનની પુષ્ટિ કરી. એસએસપી સર્વેશ પનવરે જણાવ્યું કે તેમનું અવસાન જિલ્લાના પંચુર ગામમાં થયું. દરમિયાન, સીએમ યોગીની માતાના અંતિમ સંસ્કાર શનિવારે હરિદ્વારમાં કરવામાં આવે તેવી શક્યતા છે. એસએસપી સર્વેશ પનવરે જણાવ્યું હતું કે પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર પરિવારના સંપર્કમાં છે. સીએમ યોગી આદિત્યનાથની માતા સાવિત્રી દેવીએ ૯૧ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. અહેવાલો અનુસાર, તેઓ લાંબા સમયથી બીમાર હતા, જેના પગલે શુક્રવારે તેમનું અવસાન થયું. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી. સીએમ ધામીએ સીએમ યોગીની માતાના અવસાનને હૃદયદ્રાવક અને ન ભરવાપાત્ર નુકસાન ગણાવ્યું.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ એક્સ પર એક પોસ્ટમાં આ માહિતી શેર કરી. સીએમ ધામીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પૂજ્ય માતા સાવિત્રી દેવીના નિધનના સમાચાર અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક છે.

ગેંગસ્ટર ગોલ્ડી બ્રારની ધરપકડ માટે માહિતી આપનારને કેનેડા આપશે અઢી લાખ ડોલરનું ઈનામ

બોલો પ્રોગ્રામે ગોલ્ડી બ્રારને તેની નવી ટોપ ૨૫ મોસ્ટ વોન્ટેડ યાદીમાં સામેલ કર્યો

ઓટાવા,

યુએસ પછી, ગેંગસ્ટર ગોલ્ડી બ્રારની મુશ્કેલીઓ હવે કેનેડામાં પણ વધી ગઈ છે. કેનેડિયન પોલીસ અને તપાસ એજન્સીઓએ તેની શોધ તીવ્ર બનાવી છે. કેનેડાના બોલો પ્રોગ્રામે ગોલ્ડી બ્રારને તેની નવી ટોપ ૨૫ મોસ્ટ વોન્ટેડ યાદીમાં પ્રથમ સ્થાન આપ્યું છે. તેની ધરપકડ માટે માહિતી આપનાર કોઈપણ વ્યક્તિને ૨૫૦,૦૦૦ કેનેડિયન ડોલર (રૂ. ૨.૩૩ કરોડ) સુધીનું ઈનામ આપવામાં આવશે. આ ઈનામ ૨ નવેમ્બર, ૨૦૨૭ સુધી ઉપલબ્ધ રહેશે.



બોલો પ્રોગ્રામે ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ગોલ્ડી બ્રાર અંગે આ જાહેરાત કરી હતી. પ્રોગ્રામે તેની શોધમાં લોકોને મદદ માટે અપીલ કરી છે. ગોલ્ડી બ્રારનું સાચું નામ સતિંદરજીત સિંહ છે. તેના પર ૨૦૨૩ માં કેનેડામાં થયેલી હત્યાનો આરોપ છે. એજન્સીઓ અનુસાર, તેની ધરપકડ તરફ દોરી જતી માહિતી માટે ૨૫૦,૦૦૦ કેનેડિયન ડોલર સુધીનું ઈનામ ઉપલબ્ધ છે. આ માહિતી કેનેડા અથવા યુનાઈટેડ સ્ટેટ્સમાં તેની ધરપકડ તરફ દોરી જવી જોઈએ. તેના સાથી, કરણબીર સિંહ માટે પણ ઈનામ ઓફર કરવામાં આવ્યું છે. ગોલ્ડી બ્રાર પર કેનેડાના વિનિપેગમાં ૩૯ વર્ષીય સુખદુલ સિંહ ગિલની હત્યા કરવાનો આરોપ છે. પોલીસના જણાવ્યા અનુસાર, ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ ના રોજ સવારે લગભગ ૧૦ વાગ્યે ઉત્તરપશ્ચિમ વિનિપેગમાં હેઝલટન ડ્રાઇવ પર એક ઘરમાં ગોળીબાર થયો હતો. માહિતી મળતાં, વિનિપેગ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ૩૯ વર્ષીય સુખદુલ સિંહ ગિલ મૃત હાલતમાં મળી આવ્યો.

સુપર અલ નીનોની અસરથી ભારતમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૨૬ વર્ષમાં સૌથી મોટો ઘટાડો થવાની શક્યતા

નબળા ચોમાસાને કારણે વાવણીમાં ઘટાડો અને અલ નીનો હવામાન પેટર્નને કારણે ઉપજમાં ઘટાડો થવાનું જોખમ



નવીદિલ્હી,

ભારતમાં ઘઉંના વાવેતર વિસ્તારમાં ૨૬ વર્ષમાં સૌથી મોટો ઘટાડો થવાની શક્યતા છે. આનું કારણ એ છે કે એક દાયકા કરતાં વધુ સમયમાં સૌથી નબળા ચોમાસાને કારણે ખેતરો સૂકા પડી ગયા છે, જેના કારણે ખેડૂતો વધુ સારા નફાની શોધમાં અન્ય પાક તરફ વળ્યા છે. રોઇટર્સે ઉદ્યોગ અધિકારીઓને ટાંકીને આ વાત કહી છે. આ વાવણીમાં ઘટાડો અને અલ નીનો હવામાન પેટર્નને કારણે ઉપજમાં ઘટાડો થવાનું જોખમ વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા ઘઉં ઉત્પાદક દેશમાં ઉત્પાદનમાં ઘટાડો થવાની ધારણા છે. આ ઘઉંના ભાવમાં વધારો કરી શકે છે અને ખાદ્ય ફુગાવાને નિયંત્રિત કરવાના પ્રયાસોને જટિલ બનાવી શકે છે.

અહેવાલ મુજબ, મહારાષ્ટ્રના જાલના જિલ્લાના ખેડૂત વિલાસ ભુતેકરે જણાવ્યું હતું કે, "ઘઉંને ઓછામાં ઓછા ચારથી પાંચ સિંચાઈની જરૂર પડે છે, પરંતુ પાકને વાવવા માટે અમારી પાસે પૂરતું પાણી નથી. તેથી, અમે ઘઉંને બદલે ચણાનું વાવેતર કરવાનું નક્કી કર્યું કારણ કે તેને ઓછા પાણીની જરૂર પડે છે."

ઘઉં ભારતનો મુખ્ય શિયાળુ પાક છે, જે વાવણીની જમીન માટે સરસવ, ચણા અને મકાઈ સાથે સ્પર્ધા કરે છે. એ નોંધનીય છે કે જૂન-સપ્ટેમ્બર દરમિયાન ભારતમાં ચોમાસાનો વરસાદ એક દાયકા કરતાં વધુ સમયમાં સૌથી ઓછો હતો. અલ નીનોની અસરને કારણે, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર જેવા મુખ્ય ઘઉં ઉત્પાદક રાજ્યોમાં વરસાદ સરેરાશ કરતાં ૪૧% ઓછો થયો હતો.

અહેવાલ મુજબ, કૃષિ વેપાર કંપની ઓલમ એગ્રી ઇન્ડિયાના ડેપ્યુટી કન્ટ્રી હેડ નીતિન ગુપ્તાએ જણાવ્યું હતું કે ઘઉંને અન્ય પાક કરતાં વધુ પાણીની જરૂર પડે છે. જોકે, આ વર્ષે, કેટલાક વિસ્તારોમાં પાણીની તીવ્ર અછત છે, જેનો અર્થ ખેડૂતો ઓછા ઘઉં વાવી શકે છે.

સરકારી ડેટા અનુસાર, ૧૩ નવેમ્બર સુધીમાં ૫ મિલિયન હેક્ટર (૧૨ મિલિયન એકર) પર ઘઉંનું વાવેતર કરવામાં આવ્યું છે, જે ગયા વર્ષની તુલનામાં ૧૫.૩% ઘટાડો છે. ૧૦ ઉદ્યોગ અધિકારીઓના અંદાજ મુજબ, ૨૦૨૬/૨૭ સીઝનમાં ઘઉંનું વાવેતર ગયા વર્ષના ૩૩.૬ મિલિયન હેક્ટર (૮૩ મિલિયન એકર) ના રેકોર્ડ કરતાં લગભગ ૬% ઓછું રહેવાની ધારણા છે.

૨૦૦૦/૦૧ પછીનો આ સૌથી મોટો ઘટાડો હશે, જેના કારણે ઘઉં હેઠળનો કુલ વિસ્તાર ચાર વર્ષમાં સૌથી નીચો ૩૧.૫૮ મિલિયન હેક્ટર (૭૮ મિલિયન એકર) થઈ ગયો છે.

ઓસ્ટ્રેલિયામાં ૨૮ નવેમ્બરથી તમામ મુખ્ય વિઝિટર વિઝા શ્રેણીઓ માટે નો ફર્ધર સ્ટે શરત ફરજિયાત

ઓસ્ટ્રેલિયન સરકારે વિઝિટર વિઝાના નિયમો વધુ કડક બનાવ્યા

કેનબેરા,

ઓસ્ટ્રેલિયન સરકાર ૨૮ નવેમ્બર, ૨૦૨૬ થી તમામ મુખ્ય વિઝિટર વિઝા શ્રેણીઓ માટે 'નો ફર્ધર સ્ટે' શરત ફરજિયાત બનાવશે, જેનાથી પ્રવાસીઓ દેશમાં હોય ત્યારે મોટાભાગના અન્ય વિઝા માટે અરજી કરી શકશે નહીં.

આ ફેરફાર વિઝિટર (સબક્લાસ ૬૦૦), ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરિટી (ETA) (સબક્લાસ ૬૦૧) અને ઇવિઝિટર (સબક્લાસ ૬૫૧) વિઝાને આવરી લેશે. નવા નિયમો હેઠળ, ૨૮ નવેમ્બરના રોજ અથવા તે પછી આ વિઝા માટે અરજી કરનારા અરજદારો આપમેળે શરત ૮૫૦૩ ને આધીન રહેશે, જે સામાન્ય રીતે તેમને ઓસ્ટ્રેલિયામાં હોય ત્યારે બીજા સબસ્ટન્ટિવ વિઝા માટે અરજી કરવાથી અટકાવે છે. આ ફેરફારો ઓસ્ટ્રેલિયન સરકારના સ્થળાંતર સુધારા (વિઝિટર વિઝા માટે વધુ રોકાણ અટકાવવા) નિયમો ૨૦૨૬ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

સત્તાવાર નિવેદન અનુસાર, આ પગલાનો હેતુ લોકોને ઓસ્ટ્રેલિયામાં તેમના રોકાણને લંબાવવા અથવા દેશમાં પહોંચ્યા પછી અન્ય વિઝા શ્રેણીઓ પર સ્વિચ કરવા માટે વિઝિટર વિઝાનો ઉપયોગ કરવાથી નિરાશ કરવાનો છે.

શરત ૮૫૦૩ સામાન્ય રીતે વિઝા ધારકને ઓસ્ટ્રેલિયામાં રહીને પ્રોટેક્શન વિઝા સિવાય બીજા કોઈ સબસ્ટેન્ટિવ વિઝા માટે માન્ય અરજી કરવાથી અટકાવે છે. આનો અર્થ એ છે કે જો મુલાકાતીઓ દેશમાં આવ્યા પછી વર્ક, સ્ટુડન્ટ અથવા અન્ય લાંબા ગાળાના વિઝા શ્રેણીમાં સ્વિચ કરવાનો ઇરાદો ધરાવતા હોય તો તેમને પ્રતિબંધોનો સામનો કરવો પડશે.

આ શરત અગાઉ સબક્લાસ ૬૦૦ વિઝાના અમુક સ્ટ્રીમ્સ માટે ફરજિયાત હતી, જેમાં સ્પોન્સર્ડ ફેમિલી, એમ્બ્રુડ ડેસ્ટિનેશન સ્ટેટસ અને વારંવાર પ્રવાસીનો સમાવેશ થાય છે. જો કે, પ્રવાસી અને વ્યવસાયિક મુલાકાતી સ્ટ્રીમ્સમાં મોટાભાગના અરજદારો પર અધિકારીઓના વિવેકબુદ્ધિથી તે લાદી શકાય છે. ETA અને eVisitor વિઝા પર અગાઉ આ પ્રતિબંધ લાદી શકાતો ન હતો. સરકારના જણાવ્યા અનુસાર, ૨૮ નવેમ્બરના ફેરફારો આ શ્રેણીઓમાં પણ ફરજિયાત શરતને લંબાવશે. આ સુધારા ૨૮ નવેમ્બરના રોજ અથવા તે પછી સબમિટ કરાયેલા વિઝા અરજીઓ પર લાગુ થશે. તે એવા લોકોને અસર કરશે નહીં જેમની પાસે પહેલાથી જ આ વિઝા છે અથવા શરૂઆતની તારીખ પહેલાં દાખલ કરાયેલી અરજીઓ છે. શું મુલાકાતીઓ શરતમાંથી મુક્તિ મેળવી શકે છે? ઓસ્ટ્રેલિયન સરકાર ચોક્કસ પરિસ્થિતિઓમાં શરત ૮૫૦૩ ને માફ કરવાની સત્તા જાળવી રાખશે. જોકે, માફી આપમેળે મળતી નથી, અને અરજદારોએ લાગુ પડતી આવશ્યકતાઓને પૂર્ણ કરવી આવશ્યક છે.

રવાણી ખીજડીયા ગામે બનાવટી ઘી બનાવતી ફેકટરી ઝડપાઇ, ૫.૭૭ લાખનો મુદ્દામાલ જપ્ત

વાડીમાં આવેલ કારખાનામાં મશીનરીથી બનાવટી ઘી બનાવવાનું કારખાનું ધમધમતું હતું: ૨૦૦ મિલીના ૨,૧૬૦ ડબ્બા સીલ કર્યા, ૫૦૦ લીટર ઘી સ્થળ પર નાશ કરાયો



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના રવાણી ખીજડીયા ગામની સીમમાં આવેલી એક વાડીમાં આવેલ કારખાનામાં પંચકોશી એ. પોલીસે દરોડો પડ્યો હતો. જ્યાં સ્થળ પરથી બનાવટી ઘી નો અંદાજે ૯૩૨ લીટર જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કુલ રૂ. ૫,૭૭,૮૪૦ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. તેમજ ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારી દ્વારા ઘીના નમૂના લેવામાં આવ્યા હતા અને ૨૦૦ મિલીના ૨,૧૬૦ ડબ્બામાં ભરેલા ઘીનો જથ્થો સીલ કરવામાં આવ્યો હતો, જ્યારે સ્થળ પર રહેલા આશરે ૫૦૦ લીટર ઘીનો નાશ કરવામાં આવ્યો હતો.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીની સૂચના અને જામનગર ગ્રામ્ય વિભાગના નાયબ પોલીસ અધિક્ષક પિયુષ વાંદાના માર્ગદર્શન હેઠળ પંચકોષી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઇ. આઇ.એ. ઘાસુરા તથા સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ એસ. જાડેજા, હરદેવસિંહ એમ. ઝાલા, ચેતનભાઈ આર. ઘાઘરેટીયા તથા એ.એસ.આઈ. નિર્મળસિંહ બી. જાડેજા અને કોન્સ્ટેબલ કમલેશભાઈ ખીમાણીયાને બાતમી મળી હતી કે રવાણી ખીજડીયા ગામની સીમમાં આવેલી વાડીમાં એક કારખાનામાં ભરતભાઈ દેશાભાઈ ખીમસુરીયા અને મનસુખભાઈ દેશાભાઈ ખીમસુરીયા, (રે. બંને જામનગર), દ્વારા બનાવટી ઘી બનાવવાની પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

જેથી પોલીસ ટીમે વાડીમાં આવેલ કારખાનામાં જઈ દરોડો પાડતાં મનસુખભાઈ દેશાભાઈ ખીમસુરીયા સ્થળ પર હાજર મળી આવ્યા હતા અને ત્યાં મશીનરી દ્વારા બનાવટી ઘી બનાવવાની કામગીરી ચાલુ હોવાનું સામે આવ્યું હતું. બનાવની જાણ થતાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારી ડો. આર.જે. કોટડીયા સ્થળ પર પહોંચ્યા હતા. તેમણે ઘીના જથ્થાનું પરીક્ષણ કરતાં તે બનાવટી હોવાનું માલૂમ પડ્યું હતું અને ઘીના નમૂના લઈ તપાસ માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે સ્થળ પરથી ૨૦૦ મિલીના ૨,૧૬૦ ડબ્બા ઘી ના ભરેલા મળી આવ્યા હતા, જેના પર 'કે.ટી. બંધન કાઉસ પ્યોર ઘી'ના સ્ટીકર લગાવવામાં આવ્યા હતા. આ જથ્થાને સ્થળ પર જ સીલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત બાકીનો આશરે ૫૦૦ લીટર બનાવટી ઘીનો જથ્થો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સમગ્ર બનાવ અંગે વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જામનગરમાં તમાકુ-સિગારેટનો લાખોનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

જોલી બંગલા પાસે કેશવ ટ્રાવેલ્સની ઓફીસ પાસેથી બિલ કે આધાર વગરના રૂ.૧૫.૪૧ લાખના જથ્થા સાથે ચાર શખ્સોની અટકાયત



તસવીરઃ સુનિલ ચુડાસમા



જામનગર : જામનગર શહેરના જોલીબંગલા પાસે આવેલી કેશવ ટ્રાવેલ્સની ઓફિસ પાસેથી રાજકોટ રેન્જની ટીમે ચોરાઉ હોવાની આશંકાને પગલે પાનમસાલા, તમાકુ અને સિગારેટના જથ્થા સાથે ચાર શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસની તપાસ દરમિયાન જુદી જુદી બ્રાન્ડના પાનમસાલા, તમાકુના પાઉચ અને ટીનના ડબ્બા તેમજ સિગારેટ મળી કુલ રૂ.૧૫.૪૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી જથ્થો શંકાસ્પદ મિલકત તરીકે કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે.

રેન્જની ટીમે શહેરના જોલીબંગલા પાસે આવેલી કેશવ ટ્રાવેલ્સની ઓફિસ પાસે તપાસ હાથ ધરી જ્યાંથી ચાર શખ્સો શંકાસ્પદ પાનમસાલા, તમાકુ અને સિગારેટના જથ્થા સાથે મળી આવ્યા હતા. પોલીસે આમદ ગનીભાઈ મેમણ (રહે. બીબોડી ફળી, લીડી બજાર) પાસેથી સિગ્નેચર પાનમસાલાના ૧૦૭૦ પેકેટ, ફોર સ્કવેર સિગારેટનાં ૧૧૮ પેકેટ, બાગબાન ૧૩૮ તમાકુનાં ૬૦ પાઉચ અને ૧૫ ટીન મળી કુલ રૂ.૬.૨૧ લાખનો જથ્થો કબજે કર્યો હતો. જ્યારે કાદર ગનીભાઈ ફુલવાડી (રહે. બીબોડી ફળી, લીડી બજાર) પાસેથી બાગબાન તમાકુનાં ૨૦ પાઉચ, ૪૦ ટીન તેમજ વિમલ પાનમસાલાનાં નાના-મોટા પાઉચ મળી કુલ રૂ.૩.૬૫ જથ્થો અને મુકેશ પ્રભુલાલ જેસાણી (રહે. મયુરગ્રીન, શેરી નં.૪) પાસેથી તમાકુનાં ૮૦ પાઉચ અને ૬૦ ટીન મળી રૂ.૩.૯૬ લાખનો જથ્થો તેમજ દીપક રમણીકભાઈ સોનછાત્રા (રહે. પટેલ કોલોની, રોયલ હાઈટ્સ) પાસેથી તમાકુનાં ૪૦ પાઉચ અન પાનમસાલાનાં ૬૨૪ નાના પાઉચ મળી રૂ.૧.૫૮ લાખ સહિત રૂ.૧૫.૪૧ લાખનો જથ્થો મળી આવ્યો હતો. આ જથ્થા અંગે બિલ ન રજૂ કરતા શંકાસ્પદ મિલકત તરીકે કબજે કરી હતી.

ધ્રોલ તાલુકાના લતીપરમાં ગોડાઉનનું તાળું તોડી ૭૨ હજારના કપાસની તસ્કરી

ખેડૂત ઘરે સુવા ગયા ને અજાણ્યા શખ્સો આશરે ૪૦ મણ કપાસની ચોરી ગયા

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના લતીપર ગામે વાડીના ગોડાઉનને નિશાન બનાવી તસ્કરો આશરે રૂ.૭૨ હજારની કિંમતનો ૪૦ મણ કપાસ ચોરી જતાં પંથકના ખેડૂતોમાં ફફડાટ ફેલાયો છે. ગોડાઉનના દરવાજાનું તાળું તોડી અજાણ્યા તસ્કરોએ ચોરીને અંજામ આપતા આ મામલે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ બાદ પોલીસ તપાસમાં જોડાઈ છે.

લતીપર ગામની રામાણી શેરીમાં રહેતા અને ખેતીકામ સાથે જોડાયેલા હીતેશભાઈ અરજણભાઈ રામાણી (ઉ.વ. ૪૧)ની લતીપરથી પીઠડ જવાના માર્ગ પર આવેલી ખેતીની જમીનમાં તસ્કરોએ હાથફેરો કર્યો હતો. સિઝનના તૈયાર કપાસની સાત દિવસથી વીણવાની કામગીરી બાદ તા. ૧૯ના રોજ સાંજે કામ પૂર્ણ થતાં ખેડૂત ગોડાઉનને તાળું મારી ઘરે જતા રહ્યા હતા. તે વખતે ગોડાઉનમાં આશરે ૧૧૦ મણ કપાસ ભરેલો હતો. બાદમાં ગઈકાલે તા. ૨૦ ના સવારે ખેડૂત વાડીએ પહોંચ્યા ત્યારે ગોડાઉનના દરવાજાનું તાળું તૂટેલી હાલતમાં નીચે હતું. અંદર તપાસ કરતાં કપાસ વેરવિખેર હાલતમાં હતો અને આશરે ૪૦ મણ કપાસ ગાયબ હોવાનું સામે આવતા રૂ. ૭૨ હજારના જથ્થાની ચોરી મામલે ખેડૂત હીતેશભાઈ રામાણીએ અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

દરેડમાં ટ્રક ટ્રેલર બાઈકને હડફેટે લેતા ચાલક યુવાનનું મૃત્યુ

જામનગર : જામનગર - લાલપુર હાઇવે પર આવેલા દરેડ ગામના રોડ પર ટ્રક ટ્રેલર હડફેટે મોટરસાયકલ ચલાવી જઈ રહેલા એક યુવાનને હડફેટે લઈ શરીરે ગંભીર ઈજા પહોંચાડતા તેનું મૃત્યુ નિપજયુ હતું આથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો સ્થળપર દોડી ગયો હતો અને મૃતકના ભાઈની ફરિયાદના આધારે ટ્રક ટટ્રેલર ચાલક સામે અપરાધ નોંધી ઝડપી લેવા તપાસનો દૌર શરૂ કર્યો છે.

આ જીવલેણ અકસ્માતના બનાવની મળતી માહિતી પ્રમાણે હાલ જામનગર તાલુકાના દરેડ ખાતે મસીતીયા રોડ પર આવેલી આલ્ફા સ્કૂલ ખાતે રહેતો અને મુળ ભાણવડ તાલુકાના રેટા કાલાવડ ગામનો ભરતભાઈ દાનાભાઈ ધુધલ નામનો ૩૩ વર્ષનો યુવાન પોતાનું જી જે. ૧૦. ડી. એમ. ૪૯૧૮ નંબરનું મોટરસાયકલ ચલાવી દરેડ નજીક ગૌશાળા પાસેથી પસાર થતો હોય આ વેળાએ જી. જે. ૧૨. સી.વી. ૩૫૮૪ નંબરના ટ્રક ટ્રેલર ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી ક્લીનર સાઇડથી હડફેટે લેતા ભરતભાઈને કપાળના ભાગમાં અને હાથમાં ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી આથી તાત્કાલિક સારવાર અર્થે સરકારી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ સારવાર મળે તે પહેલા જ તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું આથી પરિવાર આઘાતમાં સરી પડ્યો છે.

બીજીતરફ આ બનાવની જાણ થતા પંચકોશી બી ડિવિઝન પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ટ્રક ટ્રેલર ચાલક સામે મૃતકના ભાઈ સુનિલભાઈની ફરિયાદ પરથી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જામનગર શહેર-જિલ્લામાં ઠંડીનો ચમકારો વધ્યો, તાપમાન ૧૫.૫ ડિગ્રી થયું

જામનગર : સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત જામનગર શહેર તથા જિલ્લામાં હવે ધીમે ધીમે ઠંડીનું આગમન થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી તાપમાનમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. દરમિયાન આજે જામનગરમાં ચાલુ મોસમનું અત્યાર સુધીનું સૌથી નીચું લઘુતમ તાપમાન ૧૫.૫ ડિગ્રી નોંધાતાં ઠંડીના ચમકારાની શરૂઆત થઈ છે. હવામાનના આંકડા મુજબ ગઈકાલે લઘુતમ તાપમાન ૨૨.૦ ડિગ્રી નોંધાયું હતું,

જેની સામે આજે એક જ દિવસમાં સાડા ૬ ડિગ્રીનો મોટો ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, ત્રણેક દિવસ પહેલાં મહત્તમ તાપમાન ૩૬.૦ ડિગ્રી આસપાસ રહેતું હતું, તેમાં પણ ઘટાડો થઈ આજે ૩૧.૦ ડિગ્રી નોંધાયું છે. આમ, દિવસ દરમિયાન પણ ગરમીનું પ્રમાણ ઘટતાં લોકોને રાહત મળી રહી છે.

વહેલી સવારે ઠંડકનો વિશેષ અહેસાસ થવા લાગ્યો છે. જામનગર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં હવામાનમાં આવી રહેલા પલટા વચ્ચે હવે શિયાળાની ઋતુ ધીમે ધીમે જમાવટ કરી રહી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે.

ખંભાળિયામાં ગઢવી પરિવારના બંધ મકાનમાંથી રૂ. ૩.૩૯ લાખના ઘરેણાંની ચોરી

ખંભાળિયા : ખંભાળિયા શહેરમાં રહેતો ગઢવી પરિવાર પોતાના મકાનને તાળુ મારી બહારગામ ગયેલ હોય દરમિયાન પાછળથી કોઈ તસ્કરો અંદર પ્રવેશી દર - દાગીનાની ચોરી કરી લઈ જતા પરિવારના મહિલા સદસ્યએ સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પોલીસ અધિકારી સહિતનો સ્ટાફ સ્થળપર દોડી ગયો હતો જ્યાં તસ્કરોનું પગેરૂ દબાવવા તપાસ આદરી હતી બીજીબાજુ કોઈ જાણભેદુ હોવાની આશંકા વ્યક્ત કરી તે દિશામાં આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આમ તસ્કરોએ દિવાળીના તહેવારોની બોણી કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં ગાયત્રીનગર ખાતે રહેતા અલ્પાબેન રણજીતદાન ગઢવી નામના મહિલા પરિવાર સાથે બહારગામ ગયા હોય દરમિયાન ગત તા. ૧૯ ને સવારના આઠ વાગ્યાથી તા. ૨૦ ના સવારના દસેક વાગ્યા સુધીમાં તેઓના રહેણાંક મકાનનું તાળું તોડી કોઈ તસ્કરો રૂમમાં પ્રવેશ્યા હતા અને કબાટની તિજોરી ખોલી તેમાં રાખવામાં આવેલ સોનાના અલગ - અલગ દાગીના કિ. રૂ. ૩.૧૨ લાખ તેમજ ચાંદીના ઝાંઝર કિ. રૂ. ૨૭ હજાર એમ કુલમળી રૂ. ૩.૩૯ લાખની કિંમતના દર - દાગીનાની ચોરી કરી કરી લઈ જતા ખળભળાટ મચી ગયો છે. બહારગામથી ઘરે પરત આવેલા અલ્પાબેન ગઢવીને પોતાની ઘરે ચોરી થયાનું માલુમ પડતા તાત્કાલિક ખંભાળિયા પોલીસ દફતરે દોડી ગયા હતા.

જ્યાં અલ્પાબેને ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુન્હો નોંધવામાં આવેલ બાદ પી. એસ. આઈ. વી. આર. વસાવા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો જ્યાં એફ. એસ. એલ. અને ડોગ સ્કવોડની ટીમ સાથે તેમજ આધુનિક ટેક્નોલોજીના સહારે ચોરીનો ભેદ ઉકેલવા અને તસ્કરોને ઝડપી લેવા તપાસના ચકો ગતિમાન કર્યા છે.

બાવડીદડ ગામે પરિણીતાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામજોધપુર તાલુકાના બાવરીદડ ગામે રહેતી એક પરિણીતાએ પોતાના રહેણાક મકાનમાં અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

જામજોધપુર તાલુકાના બાવડીદર ગામે રહેતા મંજુબેન અરવિંદભાઈ પૂછડીયા નામની ૪૫ વર્ષીય પરિણીતાએ પોતાને ઘેર કોઈપણ કારણોસર રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

આ બનાવ અંગે મૃતકના પતિ અરવિંદભાઈ પૂછડીયાએ પોલીસને જાણ કરતા શેઠવડાળા પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહનો કબ્જો સાંભળી પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.એન. આસાણીએ આગળની તપાસ હાથ ધરી છે.

ધ્રોલના વાંકીયા ગામે વિદેશી દારૂની ૧૭ બાટલી સાથે શખ્સ ઝડપાયો

જામનગર : ધ્રોલ તાલુકાના વાંકીયા ગામની સીમમાં આવેલી એક વાડી પાસેથી વિદેશી દારૂની ૧૭ બાટલી સાથે મધ્યપ્રદેશના શ્રમિક શખ્સને પોલીસ પોલીસે ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ધ્રોલ પોલીસ સ્ટેશનનો સ્ટાફ વાંકીયા ગામ નજીક પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે વાંકીયા ગામની સીમમાં પરષોત્તમભાઈ નરશીભાઈ કણઝારિયાની વાડીમાં રહેતો મૂળ મધ્યપ્રદેશનો વતની નહેરુભાઈ પાંગલાભાઈ ગણાવા વિદેશી દારૂ સાથે ઊભો છે. જેથી સ્થળ પર જઈ તેની તલાસી લેતા તેના કબ્જામાં રહેલ પ્લાસ્ટિકના થેલામાંથી ઈંગ્લીશ દારૂની ૧૭ બોટલ મળી આવી હતી. આથી પોલીસે દારૂનો જથ્થો કબજે કરી આરોપીની ધરપકડ કરી હતી.

જામનગરમાં દૂધ-ઘીના ૬૧ નમૂના લેવાયા, ૧૭૦ લિટર દૂધનો નાશ

શંકાસ્પદ દુધના ૧૦ નમૂના વડોદરા લેબમાં મોકલાયા, શહેરમાં ૧૦ સ્થળોએ આઈસ્ક્રીમ પાર્લરોમાં પણ ચેકીં હાથ ધરાયુ









તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરના કાલાવડના હરીપર મેવાસા સહિતના પંથકમાંથી ૩ મહિનામાં ૩ વખત દૂધમા ભેળસેળનું કારસ્તાન સામે આવ્યા બાદ તંત્ર દોડતું થયું છે. હવે શહેરમાં પણ ભેળસેળયુક્ત દૂધ અને ઘી નું વેચાણ થતું હોવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા ફૂડ શાખાની ટીમે સતત ત્રણ દિવસ સુધી શહેરમાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરી હતી.

છ ફૂડ સેફ્ટી ઓફિસરો અને ત્રણ લેબોરેટરી ટેકનિશિયનો સહિતની ટીમોએ અલગ-અલગ ટુકડીઓ બનાવી તપાસ શરૂ કરી હતી. તા. ૧૮, ૧૯ અને ૨૦ નવેમ્બર દરમિયાન ત્રણ દિવસ સુધી વહેલી સવારથી ચેકિંગની કામગીરી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ દિવસે એટલે કે તા. ૧૮ના રોજ જામનગર શહેરમાં પ્રવેશતા દૂધના વાહનો, દૂધ વિક્રેતાઓ તેમજ દૂધનું ઉત્પાદન કરતા પશુપાલકોને ત્યાં તપાસ કરવામાં આવી હતી. આ દરમિયાન દૂધના નમૂનાઓ પણ લેવામાં આવ્યા હતા.

ત્યારબાદ તા. ૧૯ના રોજ શહેરના દૂધ ઉત્પાદકો અને દૂધ ઘી ના વિક્રેતાઓને ત્યાં તપાસ હાથ ધરી દૂધની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી. જ્યારે ગઈકાલ તા. ૨૦ ના રોજ વહેલી સવારે ખોડિયાર કોલોની વિસ્તારમાં ફૂડ વિભાગની ટીમે ચેકિંગની કામગીરી હાથ ધરી હતી. આ દરમિયાન દૂધ અને ઘી ના ૬૧ નમૂનાઓ લેવામાં આવ્યા હતા. જેને પરીક્ષણ અર્થે ઢીચડામાં આવેલી લેબોરેટરી તેમજ વડોદરાની લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. અને ૧૦ નમૂનાઓ વધુ ચકાસણી માટે વડોદરા મોકલવામાં આવ્યા છે, લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ દૂધની ગુણવત્તા અને તેમાં કોઈ પ્રકારની ભેળસેળ છે કે કેમ તે અંગે સ્પષ્ટતા થશે.

વધુમાં દૂધની ગુણવત્તાની ખાસ ઈન્ડિ ફોર્ષ મશીન દ્વારા તપાસ દરમિયાન પાણી સહિતની અન્ય વસ્તુઓની ભેળસેળની આશંકાને લઈને સ્થળ પર જ ચકાસણી કરી આશરે ૧૭૦ લિટર દૂધમાં પાણી સહિતની ભેળસેળ હોવાનું મશીન મારફતે ધ્યાનમાં આવતાં ફૂડ વિભાગની ટીમે સ્થળ પર જ તેનો નાશ કરાવ્યો હતો.

બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા હાઈવે પર આવેલી હોટલો, રેસ્ટોરન્ટ્સ સહિતના ખાદ્ય પદાર્થોના વેચાણ સ્થળોએ પણ તપાસ કરવા માટે સૂચના અપાઈ હતી. આ ઉપરાંત આઈસ્ક્રીમ પાર્લરો અને ફ્રોઝન ડેઝર્ટના વેચાણમાં ગુણવત્તા તથા નિયમોનું પાલન થાય છે કે નહીં તેની ચકાસણી કરવા પણ તાકીદ કરાઈ છે. ફૂડ શાખાની ટીમે ત્રણ દિવસ દરમિયાન શહેરનાં ૧૦થી વધુ આઈસ્ક્રીમ પાર્લરોમાં તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન વેપારીઓને આઈસ્ક્રીમ અને ફ્રોઝન ડેઝર્ટ વચ્ચેનો તફાવત સમજાવી ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.